દૈનિક
# મુંબઈ સમાચાર
શુક્રવાર, ૧૭ જુલાઈ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 168 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 July 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

# નાથ નીકળ્યા નગરચર્યાએ

the ultimate
OLD GOLD
UPGRADE
TODAY'S GOLD RATE
₹ 13,014/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565





**ક્યાંક ઉજવણી, ક્યાંક માતમ...:** ભગવાન જગન્નાથજીની રથયાત્રા ગઈ કાલે અમદાવાદ (ડાબે) અને ઓડિશાના પુરી (જમણે) બંને શહેરમાં ભારે ધૂમધામથી નીકળી હતી. જોકે પુરીમાં આ રથયાત્રા દરમિયાન કરુણાંતિકા સર્જાતા માતમ ફેલાયું હતું. રથયાત્રામાં ભારે ધક્કામુક્કી થઈ હતી. (એજન્સી)

## અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૯મી રથયાત્રા ‘જય રણછોડ, માખણચોર’ના જયઘોષ સાથે રંગેચંગે સંપન્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અષાઢી બીજના પાવન પર્વે જગન્નાથ પુરીમાં યોજાતી વિશ્વપ્રસિદ્ધ રથયાત્રા બાદની દેશની બીજા નંબરની સૌથી મોટી અમદાવાદની ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા ધામધૂમ, ભક્તિમય માહોલ અને રંગેચંગે સંપન્ન થઈ હતી. ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજીએ નગરચર્યા કરી હતી. ‘જય રણછોડ, માખણચોર’ના નાદ સાથે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ નાથના દર્શન માટે ઉમટ્યાં હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રથયાત્રાના પાવન અવસરે જગન્નાથજી મંદિરમાં મંગળા આરતીમાં સહભાગી થયા હતા અને ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં હતા.

અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજી અને તેમના રથનું પૂજન-અર્ચન કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે સતત પાંચમી વખત ભગવાનના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. ત્યાર બાદ તેઓ ભગવાનના મુખ્ય રથને નગરયાત્રા માટે મંદિર પરિસરમાંથી (જુઓ પાનું ૨) ▶▶

## પુરીમાં ટ્રેજેડી
## રથયાત્રામાં નાસભાગ, બેનાં મોત

પુરીઃ અહીં ગુરુવારે જગન્નાથ રથયાત્રામાં થયેલી ધક્કામુક્કીમાં ઓછામાં ઓછા બે જણ માર્યા ગયાં હતાં અને અન્ય અંદાજે ૧૦૦ જણ ઘાયલ થયા હતા. જગન્નાથ મંદિરની નજીક મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ભેગા થયા હતા ત્યારે થયેલી ધક્કામુક્કીમાં અનેક લોકો ઘાયલ થયા હતા. સુરક્ષા દળો અને બચાવ ટુકડીઓએ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી હતી. અસંખ્ય લોકોને સ્ટ્રેચર અને એમ્બ્યુલન્સમાં નજીકની હૉસ્પિટલ લઇ જવાયા હતા. પુરીમાં જગન્નાથની રથયાત્રામાં ભાગ લેવા દર વર્ષે હજારો શ્રદ્ધાળુ આવે છે. અહીંનાં ગુંડીચા મંદિર ખાતેથી ભગવાન જગન્નાથ, ભગવાન બળભદ્ર અને દેવી સુભદ્રાની રથયાત્રા નીકળે છે અને તેઓના દર્શનાર્થે હજારો લોકોની ભીડ થાય છે. ભગવાન જગન્નાથનાં શસ્ત્ર સુદર્શનને સૌપ્રથમ મંદિરમાંથી બહાર કઢાય છે અને ત્યાર બાદ ભગવાન બળભદ્ર, દેવી સુભદ્રાને અને છેવટે ભગવાન જગન્નાથને રથયાત્રામાં મંદિરની બહાર લઇ જવાય છે. તેઓને લાકડાના રથમાંના આસન પર બેસાડતા પહેલાં રથની પરિક્રમા કરાવાય છે. (એજન્સી)■

## પાંચમા ધોરણથી ત્રણ ભાષા ફરજિયાત કરોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે સીબીએસઇના ધોરણ નવથી નહિ, પરંતુ ધોરણ પાંચ કે છથી ત્રણ ભાષા શીખવવાની નીતિનો અમલ કરવા ગુરુવારે કેન્દ્રને મૌખિક સૂચન કર્યું હતું.

ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને ન્યાયાધીશ આર. મહાદેવનની બૅન્ચ ત્રણ ભાષાની નીતિના કેસની સુનાવણી નથી કરતી, પણ અલગ કેસની સુનાવણી વખતે સંબંધિત અભિપ્રાય જ આપ્યો હતો.

તેણે માત્ર આ સંબંધમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે શાળામાં ધોરણ નવથી ત્રણ ભાષા શીખવાનું ફરજિયાત બનાવાશે, તો તેનાથી ધોરણ નવના વિદ્યાર્થીઓ પર ભણતરનો બોજો ઘણો વધી જશે. તેથી ધોરણ નવને બદલે ધોરણ પાંચ કે છથી આ નીતિ અમલમાં મૂકવી જોઇએ (જુઓ પાનું ૨) ▶▶

## હીરાના ગુજરાતી વેપારીનું આફ્રિકામાં અપહરણ, ૪૪ કરોડ ચૂકવ્યા બાદ છુટકારો

સુરતઃ પશ્ચિમ આફ્રિકાના દેશ માલીમાં અલ કાઇદા સાથે જોડાયેલા ત્રાસવાદી સંગઠન દ્વારા અપહરણ કરાયેલા હીરાના ગુજરાતી વેપારી ધીરુ રામાણીનો જંગી રકમ ચૂકવ્યા બાદ છુટકારો થયો હોવાનું અમુક પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવાયું હતું.

અપહરણકારોએ હીરાના ૭૫ વર્ષીય વેપારી ધીરુ રામાણી સાથે અન્ય બે ભારતીય - તેમના રસોઇયા અને ઇલેક્ટ્રિશિયનનું ત્રણ મહિના પહેલાં અપહરણ કરાયું હતું અને તેઓને છોડવા માટે રૂપિયા ૧૦૦ કરોડ માગ્યા હતા. આમ છતાં, છેવટે અંદાજે રૂપિયા ૪૪ કરોડ ચૂકવીને તેઓને છોડાવવામાં સફળતા મળી હોવાનું અહેવાલમાં જણાવાયું હતું.

ધીરુ રામાણી સોનાની ખાણના પ્રૉજેક્ટ માટે બે વર્ષ પહેલાં માલી શિફ્ટ થયા હતા.

રામાણી પરિવારના એક નજીકના સગાએ (જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકાએ છેક તહેરાન સુધી હુમલા કર્યા

▶ ઈરાનની કૅન્સર હૉસ્પિટલને પણ નિશાન બનાવી

▶ અખાતના દેશોમાં સર્વનાશ કરીશુંઃ ઈરાનની ધમકી

દુબઈઃ અમેરિકાએ ગુરુવારે ઇરાનની રાજધાની તહેરાન સુધી હુમલા કર્યા હતા. તેના હુમલામાં એક જહાજને ભારે નુકસાન થયું હતું. ઇરાનની એક કૅન્સર હૉસ્પિટલ પાસે થયેલા હુમલાને લીધે બધા દરદીને સલામત સ્થળે ખસેડવા પડ્યા હતા. ઇરાને પણ મિસાઇલ્સ અને ડ્રોન્સથી વળતા હુમલા કર્યા હતા. અખાતના યુદ્ધને લીધે ખનિજ તેલ, ગૅસ અને ખાતરના ભાવમાં ભારે વધારો થયો હતો. ઇરાને અખાતના દેશોમાંના આંતરિક (જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝમાંથી પસાર થતાં જહાજોમાં ભારતીય ખલાસીઓને ન મોકલોઃ સરકાર

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી કટોકટી વચ્ચે ડિરેક્ટરેટ જનરલ ઑફ મેરિટાઈમ એડમિનિસ્ટ્રેશ (ડીજીએમએ)એ આગામી આદેશ આપવામાં ન આવે ત્યાં સુધી હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજ પર ભારતીય નાવિકોની નિયુક્તિ ટાળવાનો જહાજના માલિકો, મેનેજરો તેમ જ રિક્રૂટમેન્ટ ઍન્ડ પ્લેસમેન્ટ (જુઓ પાનું ૨) ▶▶

## એક ટી-૨૦ મૅચમાં ૫૧ છગ્ગા, નવો વિશ્વવિક્રમઃ હાઇએસ્ટ ચેઝનો પણ રેકૉર્ડ

ઓકલૅન્ડ (અમેરિકા): અહીં બુધવારે મેજર લીગ ક્રિકેટ (એમએલસી)માં એક જ ટી-૨૦ મૅચમાં બે મોટા વિશ્વવિક્રમ રચાયા હતા. વૉશિંગ્ટન ફ્રીડમ અને એમઆઇ ન્યૂ યૉર્ક વચ્ચેની દિલધડક મૅચમાં કુલ ૫૧ છગ્ગા ફટકારવામાં આવ્યા હતા જે સમગ્ર ટી-૨૦ ફૉર્મેટની એક મૅચના કુલ છગ્ગાની રેકૉર્ડ-બુકમાં નવો વિશ્વવિક્રમ છે. આ મૅચમાં કુલ મળીને ૫૩૬ રન બન્યા હતા જેમાં આ ૫૧ છગ્ગા સામેલ હતા. એમઆઇ ન્યૂ (જુઓ પાનું ૨) ▶▶

## જીવન અમૂલ્ય, સોનમ વાંગચૂકની તબિયતનું ધ્યાન રાખોઃ હાઇ કોર્ટ

નવી દિલ્હીઃ દિલ્હી હાઇ કોર્ટે ગુરુવારે સત્તાવાળાઓને એક્ટિવિસ્ટ સોનમ વાંગચૂકના આરોગ્યની દરરોજ તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. વાંગચૂક નીટ પરીક્ષામાં ગેરરીતિ અંગે જંતરમંતરમાં અનશન પર ઊતર્યા છે. અદાલતે જો તેમની તબિયત કથળે તો તબીબી સહાય (જુઓ પાનું ૨) ▶▶

Roopkala®
Traditional. Modern. Eternal.
ONLY AT MARINE LINES & THANE
NOW OPEN AT
THANE
GHODBUNDER ROAD
ANNUAL
SALE
UP TO 50% OFF
26TH JUNE - 26TH JULY
IN-STORES AND ONLINE
Marine Lines - Tel: 91-22-6916 9999 | Email: info@roopkala.com | Thane - Tel: 91-22-6520 9999 | Email: info.thane@roopkala.com
www.roopkala.com | / roopkalamumbai
T&C* Apply

## વર્લ્ડ કપને લાગ્યો ફૉકલૅન્ડનો રાજકીય રંગ, આર્જેન્ટિનાના કરતૂતથી ઇંગ્લૅન્ડ લાલઘૂમ

એટલાન્ટાઃ ફિફા વર્લ્ડકપની ફાઇનલ અગાઉ ફૉકલૅન્ડ ટાપુઓને લઈને બ્રિટન અને આર્જેન્ટિના વચ્ચે વિવાદ વધ્યો હતો. નોંધનીય છે કે ફિફા વર્લ્ડકપની સેમિફાઈનલમાં ઇંગ્લૅન્ડ સામે આર્જેન્ટિનાની જીત બાદ કરવામાં આવેલી ઉજવણીએ એક નવો રાજદ્વારી વિવાદ ઉભો કર્યો છે. બ્રિટને ફિફાને ઘટનાની તપાસ કરવા કહ્યું છે કારણ કે જીત બાદ આર્જેન્ટિનાના ખેલાડીઓએ વિવાદિત ફૉકલૅન્ડ ટાપુઓ પર દેશના દાવાને રજૂ કરતું બેનર પ્રદર્શિત કર્યું હતું.

બ્રિટનના વ્યાપાર પ્રધાન પીટર કાઈલે કહ્યું કે ’ ફૂટબોલની રમતને રાજકારણથી અલગ રાખવી જોઈએ અને ફિફાને તેની તપાસ કરવા વિનંતી કરી હતી. બુધવારે એટલાન્ટામાં ઇંગ્લૅન્ડ પર આર્જેન્ટિનાની (જુઓ પાનું ૨) ▶▶

## ડીઝલ, એટીએફ પર વિન્ડફૉલ ટૅક્સ વધ્યો

નવી દિલ્હી સરકારઃ ૧૬ જુલાઈથી શરૂ થતા માટે પખવાડિયા માટે ડીઝલ અને એટીએફની નિકાસ પર વિન્ડફૉલ ગેઇન ટેક્નોલોજી વધાર્યો છે, જ્યારે પેટ્રોલ પર કર ઘટાડ્યા છે.

ડીઝલની નિકાસ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઇઝ ડ્યુટી (SAED)નો દર ૮.૫ પ્રતિ લિટરને ૧૫.૫ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે.

સમાન રીતે, એટીએફની નિકાસ પર SAED (જુઓ પાનું ૨) ▶▶

વેજ-જૈન લંચ-ડીનર,૪*હોટલ
VIETNAM-SAPA
દનાંગ,હનોઈ,હોચીમીંચ,ક્રુઝ,દિ.૧૧
ઉ.૨૬ સપ્ટે.,ઓક્ટો.થી માર્ચ ALL INCLUSIVE
VIETNAM-PHU QUOC
SAPA-DANANG-HANOI-CRUISE Rs.1,85,000
DEP. 3/11,12,/11,19/12, THIS PRICE IS PREMIUM
VALID ONLY FOR LAST 30 PAX BOOKING AIRLINES
થાઇલેન્ડ-મલેશીયા-સીંગાપોર
બેંગકોક,પટ્ટાયા,જેન્ટીંગ,કુઆલાલુમ્પુર
ડ્રીમ ક્રુઝ. દિ.૧૪/૧૨/૯/૬, ઓક્ટો થી મે
આસામ-મેઘાલય-અરૂણાચલ
તવાંગ,કાઝીરંગા,ચેરાપુંજી,દાવકી
ગુવહાટી,દિ.૧૧, NEW URBANIA TRAVELLERS
3/4*હોટલ્સ ઉ.૨૨/૧૦,૧/૧૧,૭/૧૧,૧૧/૧૧,૨૪/૧૨
આપણાં જ મહારાજ દ્વારા બનાવેલ વેજ/જૈન સ્વાદિષ્ટ ભોજન
ઉત્તરાખંડ ચારધામ
અયોધ્યા-કાશી પ્રયાગરાજ
દાર્જીલીંગ સીક્કીમ
દુબઈ-આબુધાબી નવે,ડીસે દિ.૮/૯
કેરાલા SPL. RATE 10/8, 18/9, 27/9, NOV પુવાર, જટાયુ સાથે
ગ્રુપ-મંડળ-સંસ્થાના પ્રવાસો માટે પ્રખ્યાત
SINCE 2001 નીરવ સંઘવી સંચાલીત
વિનાયક ટુર્સ
9930716930/9137946753
9820093130/9137169164
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)

## અમેરિકી ફેડમાં ભારતીયોનો દબદબોઃ રઘુરામ રાજનને મોટી જવાબદારી

વૉશિંગ્ટનઃ અમેરિકાના ફેડરલ રિઝર્વે આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન અને ભારતીય મૂળના બે અન્ય નિષ્ણાંતોને દિલ્હીમાં જન્મેલા અમેરિકન અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટી અને માઇક્રોસોફ્ટના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ આશા શર્માને પોતાની બેલેન્સ શીટની સમીક્ષા કરવા માટે પસંદ કર્યા છે. આ પગલું વર્ષોના ઊંચા ફુગાવા પછી નાણાકીય નીતિ ઘડવાની રીતમાં ફેરફાર કરવાના હેતુથી વ્યાપક સુધારા કાર્યક્રમનો એક ભાગ છે.

આ નિમણૂકો અમેરિકન ફેડરલ રિઝર્વના નવા ચેરમેન કેવિન વોર્શ દ્વારા રચાયેલા પાંચ ટાસ્ક ફોર્સનો ભાગ છે. આ ટાસ્ક ફોર્સમાં બેન્ક ઓફ ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ગવર્નર (જુઓ પાનું ૨) ▶▶

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાજનની ફેડ રિઝર્વમાં નિમણૂકઃ ઘર કી મુર્ગી દાલ બરાબર

**અમેરિકાની** રિઝર્વ બૅંક એટલે કે ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વોર્શે પાંચ ટાસ્ક ફોર્સની રચના કરી છે. તેમાંથી એક ટાસ્ક ફોર્સના વડા તરીકે રઘુરામ રાજનની નિમણૂક કરી છે. આમ તો કેવિન વોર્શે રચેલી પાંચ ટાસ્ક ફોર્સમાં કેટલા મૂળ ભારતીયો છે પણ રાજનની નિમણૂક એટલા માટે મહત્ત્વની કહેવાય કે, રાજન એક સમયે રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયા (RBI)ના ગવર્નર હતા. કૉંગ્રેસની ડૉ. મનમોહનસિંહની સરકાર વખતે રિઝર્વ બૅંકના ગવર્નર નિમાયેલા રાજનને ૨૦૧૬માં નરેન્દ્ર મોદી સરકારે બીજી ટર્મ નહોતી આપી. મોદી સરકારે રાજનના જ્ઞાનનો બીજી કોઈ રીતે લાભ પણ નહોતો લીધો ને તેમને વિદાય જ કરી દીધેલા.

રાજન મૂળ તો અમેરિકામાં અર્થશાસ્ત્રના પ્રોફેસર હતા તેથી રિઝર્વ બૅંકનું ગવર્નરપદ જતું રહ્યું કે બીજો કોઈ સરકારી હોદ્દો ના મળ્યો તેનો વસવસો કરવાના બદલે પાછા છોકરાંને ભણાવવા માટે અમેરિકા જતા રહેલા. રાજન પહેલાં યુનિવર્સિટી ઓફ શિકાગોમાં ભણાવતા હતા ને પાછા ત્યાં જ જતા રહેલા. રાજન અત્યારે પણ યુનિવર્સિટી ઓફ શિકાગોની બૂથ સ્કૂલ ઓફ બિઝનેસમાં ફાયનાન્સના પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે ને ભારત સાથે બહુ નાતો રહ્યો નથી પણ રાજન સમયાંતરે ભારતીય અર્થતંત્રની હાલત વિશે લેખો લખ્યા કરે છે, પ્રવચનો પણ આપે છે.

મીડિયા ક્યારેક ક્યારેક રાજનના લેખ કે પ્રવચનની અછડતી નોંધ લઈ લે છે પણ ભારત સરકાર રાજનનું અસ્તિત્વ જ ના હોય એ રીતે વર્તીને તેમની સદંતર ઉપેક્ષા કરે છે પણ અમેરિકાએ એવું ના કર્યું. અમેરિકાએ રાજનના જ્ઞાનનો લાભ લેવા માટે તેમને ફેડરલ રિઝર્વમાં 'બેલેન્સ શીટ પૉલિસી' ટાસ્ક ફોર્સમાં બેસાડી દીધા. કેવિને વોર્શે રચેલી ટાસ્ક ફોર્સીસ બૅંકની નાણાકીય નીતિ એટલે કે મોનેટરી પૉલિસી સારી છે કે નહીં ને સરખી રીતે કામ કરે છે તે નહીં તેના પર નજર રાખવાની છે.

રાજન જે ટાસ્ક ફોર્સમાં છે એ ટાસ્ક ફોર્સમાં હાર્વર્ડના પ્રોફેસર જેરેમી સ્ટેઈન, વોલમાર્ટના પૂર્વ પ્રમુખ અને સીઈઓ ડગ મેકમિલોન અને યુનિવર્સિટી ઓફ શિકાગોના પ્રોફેસર કેવિન મર્ફી જેવાં બીજાં જાણીતાં નામ પણ છે. આ ટાસ્ક ફોર્સ ફેડરલ રિઝર્વની બેલેન્સ શીટ સિસ્ટમના ફાયદા અને નુકસાનનો અભ્યાસ કરશે. બેલેન્સ શીટ પાછળ દર વરસે કરોડોનું આંધણ થાય છે એ યોગ્ય છે કે નહીં તેનો પણ ટાસ્ક ફોર્સ અભ્યાસ કરશે. તેના માટે વૈકલ્પિક વ્યવસ્થા કે ફેરફારો પણ સૂચવશે.

કેવિન વોર્શે નિમેલી ટાસ્ક ફોર્સમાં નિમાયેલા બીજા બે ભારતીયોમાં રાજ ચેટ્ટી લિક્વિડિટી ડિપેન્ડન્સ એટલે કે રોકડ પરની વધારે પડતી નિર્ભરતાનો અભ્યાસ કરશે જ્યારે આશા શર્મા પ્રોડક્ટિવિટી અને એમ્પ્લોયમેન્ટ (ઉત્પાદકતા અને રોજગાર) ટાસ્ક ફોર્સમાં છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાં પબ્લિક ઇકોનોમિક્સના પ્રોફેસર રાજ ચેટ્ટીને હાર્વર્ડમાં જ 'ઓપોર્ચ્યુનિટી ઇનસાઇટ્સ'ના ડાયરેક્ટર પણ છે. આ સંસ્થા અભાવો વચ્ચે ઉછરેલાં બાળકોને સફળતાની સારી તકો મળે તે માટેના રસ્તા સૂચવે છે. આશા શર્મા માઇક્રોસોફ્ટના ગેમિંગ યુનિટમાં ચીફ એક્ઝિક્યુટિવ છે.

આશા શર્મા તો યુએસમાં જન્મેલાં છે અને યુએસમાં જ ઉછર્યાં અને ભણેલાં છે. રાજ ચેટ્ટી ૧૧ વર્ષના હતા ત્યારે તેમનો પરિવાર અમેરિકા જતો રહેલો તેથી તેમને પણ ભારત સાથે ઝાઝી લેવાદેવા નથી પણ રઘુરામ રાજન તો હજુ એક દાયકા પહેલાં લગી ભારત સાથે જોડાયેલા હતા અને આ દેશની બૅંકિંગ સિસ્ટમમાં સૌથી મોટા હોદ્દા પર હતા. રિઝર્વ બૅંકના ગવર્નર બન્યા એ પહેલાં રાજને ભારત સરકારના આર્થિક સલાહકાર તરીકે પણ કામ કરેલું તેથી ભારતીય અર્થતંત્ર સાથે તેમણે લાંબા સમય સુધી પનારો પાડ્યો છે.

રાજન નખશિખ ભારતીય છે કેમ કે ભારતમાં જ ભણ્યા છે અને મોટા ભાગનો સમય ભારતમાં જ રહ્યા છે. રાજનના પિતા આર. ગોવિંદરાજન ઈન્ટેલિજન્સ બ્યૂરોમાં હતા અને રિસર્ચ એન્ડ એનાલિસીસ વિંગ (રો)માં કામ કરતા તેથી બાળપણમાં રાજન થોડો સમય બીજા દેશોમાં રહ્યા પણ પછી દિલ્લીમાં જ ભણ્યા. આઈઆઈટી અને આઈઆઈએમ બબ્બે પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં ભણી ચૂકેલા રાજને મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી ડૉક્ટરેટ કર્યું છે પણ એ ભારતીય અર્થતંત્રને વધારે સારી રીતે સમજે છે કેમ કે તેમનાં મૂળિયાં ભારતમાં જ છે.

કોઈને લાગશે કે એક માણસ માટે આટલું લાંબું લપસિંદર શાને વાસ્તે પણ આ વાત એક વ્યક્તિની નથી. રાજનને અત્યારે નિમણૂક મળી તેથી તેમની વાત છેડી એટલે રાજન તો એક પ્રતીક છે. મૂળ મુદ્દો ભારતના બ્રેઈન ડ્રેઈનનો છે ને સવાલ એ છે કે, રાજન જેવા અનુભવી ને નિવડેલા સમર્થ અર્થશાસ્ત્રીનો લાભ આપણે કેમ નથી લઈ શકતા? આપણે ત્યાં ઘર કી મુર્ગી દાલ બરાબર છે.

રાજન તો એક ઉદાહરણ જ છે પણ આ સ્થિતિ બધાં ક્ષેત્રોમાં છે. ભારતમાંથી સારી ટેલેન્ટ બહાર ભાગી જાય છે કેમ કે નીચલા સ્તરથી માંડીને ઉચ્ચ સ્તર સુધી બધે ટેલેન્ટની નહીં પણ ચાપલૂસી. અનામત, ધર્મ, જ્ઞાતિવાદ વગેરેની કદર છે. અમેરિકા સહિતના દેશોમાં ભારતમાંથી ગયેલા લોકો સાયન્સ ને ટેકનોલોજીના ક્ષેત્રોમાં ડંકા વગાડે છે, મોટી મોટી કંપનીઓના સર્વેસર્વા બનીને માત્ર કંપનીઓની કમાણી જ નથી વધારતા પણ જંગી પ્રમાણમાં નવી નવી રોજગારીઓ પણ પેદા કરે છે પણ તેમની ક્ષમતાનો આપણને લાભ નથી મળતો. તેનું કારણ એ કે, ભારતમાં નેતાઓ અને તેમના ચાપલૂસ અધિકારીઓએ તંત્ર પર એ હદે ભરડો લીધેલો છે કે સાચી ટેલેન્ટની કદર જ નથી થતી. આપણે ત્યાં વ્યક્તિનું મૂલ્ય તેના જ્ઞાન કે દેશ માટે તેની ઉપયોગિતાના આધારે નક્કી નથી થતું પણ સત્તામાં બેઠેલા લોકોની કેટલી ચાપલૂસી કરી શકે છે તેના આધારે થાય છે ને હોદ્દા પણ તેના આધારે મળે છે. એટલે જ તો આ દેશમાં રિઝર્વ બેંકમાં સર્વોચ્ચ એવા ગવર્નરના હોદ્દા પર અર્થશાસ્ત્રીના બદલે આઈએએસ ઓફિસર બેસે છે.

રાજનની નિમણૂકે અમેરિકા કેમ મહાન છે એ પણ ફરી લોકોને બતાવી દીધું. અમેરિકામાં મૂળ નિવાસી લોકો તો હજુય જંગલોમાં રહે છે ને આદિવાસી તરીકે જ જીવે છે જ્યારે બહારથી આવેલા લોકો દેશ ચલાવે છે. આ લોકોએ અમેરિકાને સમૃદ્ધ જ નહીં પણ સર્વોપરિ બનાવ્યું છે. બહારથી આવેલાં આ લોકોને કારણે આખી દુનિયાની ટેલેન્ટને આવકારવાનું ને અમેરિકાના ફાયદા માટે તેમનો ઉપયોગ કરવાની પરંપરા જ સ્થાપિત થઈ ગઈ. અમેરિકા હજુય આ પરંપરા નિભાવે છે ને એટલે જ રાજન જેવા બીજા દેશની રિઝર્વ બૅંકના ગવર્નર રહી ચૂકેલા માણસને પોતાના અર્થતંત્રમાં સુધારો કરવા માટેની ટાસ્ક ફોર્સમાં નિમે છે. આપણે ત્યાં એ જ રાજન પર ભાજપના સુબ્રમણ્યમ સ્વામીએ બીજા દેશના જાસૂસ હોવાનો આક્ષેપ મૂકેલો.

ભારતે વિકાસ કરવો હોય તો અમેરિકા જેવા બનવું પડે પણ જે દેશ પોતાની ટેલેન્ટની કદર નથી કરી શકતી એ બહારનાં લોકોને તો ખુલ્લા દિલે ક્યાંથી આવકારી શકે ? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ,
શુક્રવાર, તા. ૧૭-૭-૨૦૨૬, વિનાયક ચતુર્થી

- ભારતીય દિનાંક ૨૬, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ સુદ -૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૨જો બેહમન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૩જો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર મઘા સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ●
- ભરતી : બપોરે ક. ૧૪-૧૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૧ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૭-૩૯, રાત્રે ક. ૨૦-૩૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અષાઢ શુક્લ – તૃતીયા. વિનાયક ચતુર્થી, ચતુર્થી ક્ષય તિથિ છે. કરિદીન, ભદ્રા સાંજે ક. ૧૭-૩૦ થી ૨૮-૪૨ (તા. ૧૮), સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, કેતુ દેવતાનું પૂજન, મુંડન કરાવવું નહીં, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતા સ્થાવર મિલકતની લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી ગણેશ પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન.

આચમનઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ વિચારોમાં વૈવિધ્યતા.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન/કર્ક, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### નાથ નીકળ્યા

ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ આ વિધિમાં સહભાગી થયા હતા. મુખ્ય પ્રધાને રથયાત્રાના પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી, અષાઢી બીજના પાવન અવસરે ભગવાનનાં દર્શન, આરતી અને રથયાત્રાને પ્રસ્થાન કરાવવાનો અવસર મળવાને પોતાનું સદભાગ્ય ગણાવ્યું હતું.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાના પ્રારંભે ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને મંદિર પરિસરમાં રાસની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. રથયાત્રાનો જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરથી પ્રારંભ થયો હતો, જ્યાં રથને ભવ્ય શણગાર સાથે શોભાયાત્રામાં લઈ જવામાં આવ્યા હતા. રસ્તાઓ પર ઉભરાતી ભીડમાં ભક્તોની ભક્તિ અને ઉત્સાહ સ્પષ્ટ નજરે દેખાયો હતો. મંદિરથી રવાના થયા બાદ ત્રણેય રથ સરસપુર મોસાળમાં પહોંચ્યા હતા, જ્યાં ખૂબ જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા અને રથ સુધી ભગવાનનું મામેરું લાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ત્યાંથી ભગવાનના રથ શાહપુર, દિલ્હી દરવાજા, ઘીકાંટા તરફ આગળ વધ્યા હતા. આ દરમિયાન પણ હજારો શ્રદ્ધાળુઓએ પ્રભુના દર્શનનો લાભ લીધો હતો. રથયાત્રાના સમગ્ર રૂટ પર લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. અમુક રૂટ પર વરસાદના છાંટણા થતા શ્રદ્ધાળુઓ આનંદમાં આવી ગયા હતા. જોકે દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થયો હતો. લગભગ ૪૦થી વધારે લોકોને ઈમરજન્સી સેવા આપવાની જરૂર પડી હોય તેવા અહેવાલો હતા.

સમગ્ર રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં સપન્ન થાય તે માટે પોલીસે જડબેસલાક બંદોબસ્ત ગોઠવ્યો હતો. ડ્રોન, એઆઈ ટેકનોલોજી, ઉચ્ચ અધિકારીઓના સતત માર્ગદર્શન અને મોટી સંખ્યામાં સુરક્ષા જવાનોએ સમગ્ર વ્યવસ્થા જાળવી હતી. આ સાથે સીસીટીવી કેમેરા અને સોશ્યલ મીડિયા પર પણ નજર રાખવામાં આવી હતી. ગુજરાતમાં અમદાવાદ ઉપરાંત ભાવનગર, રાજકોટ, સૂરત સહિત ઘણા શહેરોમાં રથયાત્રાનું સફળ આયોજન થયું હતું. ■

### હીરાના ગુજરાતી વેપારીનું

પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે જણાવ્યું હતું કે ધીરુભાઇને છોડાવવાની આખી કામગીરી પરિવારે જ સંભાળી હતી. તેમાં કોઇ સરકારી એજન્સીની સહાય નથી લેવાઇ.

ધીરુભાઇની હીરાની નિકાસ કરતી કંપની અને ન્યૂ યોર્કમાં શોરૂમ્સ છે. સુરતના હીરા-બજારમાં તેમનું નામ ઘણું મોટું છે. ■

### હોર્મુઝમાંથી

લાઈસન્સ (આરપીએસએલ) કંપનીઓને આદેશ આપ્યો છે.

ડીજીએમએ દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર પર્શિયન ગલ્ફ, હોર્મુઝ સામુદ્રધુની અને તેની આસપાસના વિસ્તારમાં ઑપરેટ કરતા જહાજના માલિકો ઉચ્ચ સ્તરની સુરક્ષા જાળવી રાખે અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખે.

સુરક્ષા સંબંધિત માર્ગદર્શિકા, આપવામાં આવતી ચેતવણી અને સંબંધિત વહીવટકર્તાઓ દ્વારા આપવામાં આવતી અપડેટ પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાનો ડીજીએમએએ આદેશ આપ્યો હતો.

આ અઠવાડિયે હોર્મુઝ સામુદ્રધુનીમાં બે જહાજ (એમટી એઆઈ બાહિયા અને એમટી મોમ્બાસા) પર કરવામાં આવેલા હુમલા બાદ આ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

હુમલો કરવામાં આવ્યો ત્યારે આ બંને જહાજ પરના કુલ ૪૬ ક્રૂ મેમ્બરમાંથી ૩૦ ભારતીય હતા.

એમટી એઆઈ બાહિયા જહાજ પર કરવામાં આવેલા હુમલામાં એક ભારતીયનું મોત થયું હતું અને અન્ય એક ઘાયલ થયો હતો જ્યારે એમટી મોમ્બાસા પરના હુમલામાં નવ ભારતીય ઘાયલ થયા હતા.

(એજન્સી) ■

### અમેરિકાએ

માળખાને નુકસાન પહોંચાડવા સહિત સર્વનાશ કરવાની ધમકી આપી હતી.

ઇરાને કબૂલ્યું હતું કે અમેરિકાના નવા હુમલામાં ૩૫થી વધારે લોકો માર્યા ગયા હતા અને અન્ય ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

હોર્મુઝ ખાડીમાંથી વેપારી જહાજોની અવરજવર પાછી અટકી ગઇ છે. તેની માઠી અસર દુનિયાના અન્ય દેશોના અર્થતંત્ર પર પડવાની ફરી શરૂ થઇ છે.

અમેરિકાના લશ્કરે દાવો કર્યો હતો કે અમે લાદેલી નાકાબંધીનો ભંગ કરવાનો પ્રયાસ કરી રહેલા એક જહાજ પર હુમલો કર્યો હતો.

બન્ને દેશ વચ્ચે ફરી શરૂ થયેલી લડાઇમાં પ્રથમ વખત તહેરાનની નજીક હુમલા થયા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાનના પુલો અને ઊર્જા મથકો પર હુમલા કરવાની ધમકી આપી હતી અને તેના જવાબમાં ઇરાને અખાતના દેશોના આંતરિક માળખાનો નાશ કરવાની ધમકી આપી હતી.

તહેરાને આક્ષેપ કર્યો હતો કે અમેરિકાએ નૈર્ઋત્ય ઇરાનમાંની એક કૅન્સર હૉસ્પિટલ પાસે હુમલો કર્યો હતો અને તેને લીધે ત્યાં કીમોથેરાપી લઇ રહેલા કૅન્સરના ૨૧૧ દરદીને સલામત સ્થળે ખસેડવા પડ્યા હતા.

(એજન્સી) ■

### એક ટી-૨૦ મૅચમાં

યૉર્કની ઇનિંગ્સમાં ૨૯ સિક્સર અને વૉશિંગ્ટન ફ્રીડમની ઇનિંગ્સમાં બાવીસ સિક્સર ફટકારવામાં આવી હતી. બીજું, કૅપ્ટન નિકોલસ પૂરન (૧૩ સિક્સરની મદદથી ૧૦૬ રન) અને કાઇરન પોલાર્ડ (આઠ સિક્સર સાથે ૬૪ રન)ની ઇનિંગ્સની મદદથી એમઆઇ ન્યૂ યૉર્કે નવ વિકેટે ૨૬૬ રન બનાવ્યા હતા.

જવાબમાં વૉશિંગ્ટન ફ્રીડમે ૧૮.૪ ઓવરમાં ચાર વિકેટે ૨૭૦ રન બનાવીને છ વિકેટે રોમાંચક વિજય મેળવ્યો હતો. ૨૭૦ રનમાં ખાસ કરીને કૅપ્ટન સ્ટીવ સ્મિથે નવ સિક્સર સાથે અણનમ ૧૧૦ રન અને ઍન્ડ્રિસ ગૌસે ૧૨ સિક્સર સાથે ૧૩૨ રનનો સમાવેશ હતો.

વૉશિંગ્ટનની ટીમે ૨૬૭ રનનો જે લક્ષ્યાંક સફળતાથી ચેઝ કર્યો એ ટી-૨૦ ફૉર્મેટમાં હાઇએસ્ટ-એવર છે. એ સાથે, પંજાબ કિંગ્સનો (દિલ્હી કૅપિટલ્સ સામેનો) ૨૬૫ રનના સફળ ચેઝનો વર્લ્ડ રેકૉર્ડ તૂટી ગયો છે. ■

### પાંચમા ધોરણથી

કે જેથી વિદ્યાર્થીઓ ત્રણ ભાષા સરળતાથી શીખી શકે.

મદ્રાસ વડી અદાલતે તમિળનાડુના દરેક જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલય શરૂ કરવા આપેલા આદેશને પડકારતી તમિળનાડુ વડી અદાલતની અરજીની સુનાવણી વખતે સર્વોચ્ચ અદાલતે પોતાનો આ અભિપ્રાય અને સૂચન આપ્યા હતા.

તમિળનાડુ સરકાર ત્રણ ભાષા શીખવવાને મુદ્દે જવાહર નવોદય વિદ્યાલય શરૂ કરવાનો વિરોધ કરી રહી છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના નેતૃત્વ હેઠળની બૅન્ચ સીબીએસઇ શાળામાં ત્રણ ભાષા શીખવાનું ફરજિયાત બનાવતી કેન્દ્રની નીતિને પડકારતી અરજીની સુનાવણી કરી જ રહી છે.

ન્યાયાધીશ નાગરત્નએ તમિળનાડુ સરકારના વકીલને સવાલ કર્યો હતો કે તમે શાળાઓમાં ત્રીજી ભાષા તરીકે હિંદી ભણાવવા નથી માગતા, પણ તેની જગ્યાએ સંસ્કૃત ભણાવવામાં શું વાંધો છે?

ન્યાયાધીશ નાગરત્નએ આ દલીલના પ્રતિસાદમાં સવાલ કર્યો હતો કે ધોરણ નવમાં ભણતા વિદ્યાર્થીઓ પર ઘણી માનસિક તાણ હોય છે, તો પછી કેન્દ્ર સરકાર ધોરણ નવથી જ શું કામ ત્રીજી ભાષા શીખવાનું ફરજિયાત કરવા માગે છે? ધોરણ પાંચથી કે ધોરણ છથી આ નીતિનો અમલ શું કામ નથી કરાતો? તેમણે જણાવ્યું હતું કે હું શાળામાં ભણતી હતી ત્યારે જેણે બીજી ભાષા તરીકે હિંદી લીધી હોય, તેઓએ કન્નડ શીખવી પડતી હતી. ત્રીજી ભાષા તરીકે સંસ્કૃત પણ શીખી શકાતી હતી.

(એજન્સી) ■

### જીવન અમૂલ્ય

આપવાનો આદેશ આપ્યો હતો.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી. કે. ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે ભારપૂર્વક કહ્યું હતું કે નાગરિકનું જીવન અમૂલ્ય છે અને તેને બચાવવા સરકારે સતત પ્રયાસો કરવા જોઈએ, બેન્ચે આદેશ આપ્યો હતો કે સરકારી ડૉક્ટરો સતત વાંગચૂકની તબીયત તપાસતા રહે.

અદાલતે કહ્યું હતું કે નાગરિકનું જીવન કિંમતી છે અને સરકારે તેને બચાવવા સતત પ્રયાસો કરવા જોઈએ.

કેન્દ્ર અને દિલ્હી સરકાર વતી દલીલ કરનાર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રજૂઆત કરી હતી કે દરેક વ્યક્તિનું જીવન કિંમતી છે અને વાંગચૂકના નિયમિત તબીબી ચકાસણી કરવાની લેખિત ખાતરી આપવામાં અમને કોઈ વાંધો નથી.

અદાલતે કહ્યું હતું કે અમે સોલિસિટર જનરલે લીધેલા અભિગમની સરાહના કરીએ છીએ. અદાલતે આદેશ આપ્યો હતો કે વાંગચૂકના આરોગ્યની દરરોજ તપાસ થાય અને તબીબોના મતને માન આપીને તબીબી દરમિયાનગીરીની જરૂર હોય તો કરવામાં આવે.

### કેજરીવાલ મળ્યા

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી 'આપ'ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ગુરુવારે જંતર મંતર ખાતે ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચૂકને મળ્યા હતા અને કથિત પેપર લીક કેસને મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાંની માગણી સાથે કરવામાં આવી રહેલા વિરોધ પ્રદર્શનમાં તેમની સાથે હોવાની બાંયધરી આપી હતી.

પ્રદર્શનકર્તાઓને સંબોધન કરતા કેજરીવાલે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે પેપર લીકની અવારનવાર બની રહેલી ઘટનાઓને અવગણવી ન જોઈએ અને યુવાનો, વિદ્યાર્થીઓ તેમ જ વાંગચૂકની એ અંગેની ચિંતાને ધ્યાન પર લેવી જોઈએ.

(એજન્સી) ■

### અમેરિકી ફેડમાં

મર્વિન કિંગ, વોલમાર્ટના ભૂતપૂર્વ સીઈઓ ડગ મેકમિલન, નોબેલ પુરસ્કાર વિજેતા થોમસ સાર્જન્ટ અને સિલિકોન વેલીના વેન્ચર કેપિટાલિસ્ટ માર્ક આંદ્રેસેન જેવા વૈશ્વિક વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.

ફેડરલ રિઝર્વના જણાવ્યા મુજબ, પેનલ્સને તેના સ્ટાફનો સહયોગ મળશે પરંતુ તે ફેડરલ ઓપન માર્કેટ કમિટીને ભલામણો આપતી વખતે સ્વતંત્ર રીતે કાર્ય કરશે. રઘુરામ રાજનને હાર્વર્ડના અર્થશાસ્ત્રી કેરેન ડાયનન અને ભૂતપૂર્વ ફેડરલ રિઝર્વ ગવર્નર જેરેમી સ્ટીન સાથે બેલેન્સ શીટ પોલિસી ટાસ્ક ફોર્સમાં સામેલ કરવામાં આવ્યા છે. પેનલ ફેડરલ રિઝર્વના વર્તમાન બેલેન્સ શીટ શાસનના ખર્ચ, લાભો અને સંસ્થાકીય અસરોની તપાસ કરશે. ■

### વર્લ્ડ કપને લાગ્યો

૨-૧થી જીત પછી વિવાદ ઉભો થયો હતો. ખેલાડીઓ વર્લ્ડ કપ ફાઇનલમાં પહોંચવાની ઉજવણી કરી રહ્યા હતા, ત્યારે તેઓએ ચાહકો દ્વારા તેમને આપવામાં આવેલા બૅનર સાથે પૉઝ આપ્યો હતો જેમાં લખ્યું હતું, ''લાસ માલવિનાસ સન આર્જેન્ટિનાસ'' એટલે કે માલવિનાસ આર્જેન્ટિનાનું છે.

આર્જેન્ટિનાએ બ્રિટિશ રોયલ નેવી પર તેમની જળસીમામાં ગેરકાયદેસર ઘૂસવાનો આરોપ લગાવ્યો ત્યારે તણાવ વધુ વધ્યો હતો. એક રિપોર્ટ અનુસાર, આર્જેન્ટિનાના વિદેશ પ્રધાન પાબ્લો ક્વિર્નોએ આરોપ લગાવ્યો કે બ્રિટિશ રોયલ નેવી યુદ્ધ જહાજ એચએમએસ મેડવે આર્જેન્ટિનાના પાણીમાં પ્રવેશ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં સરકારને ઔપચારિક રીતે જાણ કર્યા વિના તેને ''લશ્કરી ઘૂસણખોરી'' તરીકે વર્ણવતા તેમણે કહ્યું કે આર્જેન્ટિનાએ બ્રિટિશ દૂતાવાસમાં વિરોધ નોંધાવ્યો હતો જેમાં કથિત ઉલ્લંઘન સામે મજબૂત વાંધો વ્યક્ત કરવામાં આવ્યો છે.

ફૉકલૅન્ડ ટાપુઓ એક બ્રિટિશ વિદેશી પ્રદેશ જેને આર્જેન્ટિના ઇસ્લાસ માલવિનાસ તરીકે ઓળખે છે. આ ટાપુઓ દાયકાઓથી બંને દેશો વચ્ચે સાર્વભૌમત્વ વિવાદના કેન્દ્રમાં છે, જેના કારણે બેનર ફક્ત ઉજવણીના સંદેશથી વધુ છે. ગુરુવારે બ્રિટિશ સરકારે ફિફાને આ ઘટનાની તપાસ કરવા વિનંતી કરી હતી.

ફિફાની શિસ્ત સંહિતા હેઠળ સત્તાવાર મેચો અથવા ઉજવણી દરમિયાન રાજકીય, વૈચારિક અથવા અપમાનજનક મેસેજ પર પ્રતિબંધ છે. અગાઉના કેસોમાં પ્રાદેશિક વિવાદો સાથે જોડાયેલા બેનરો પ્રદર્શિત કરવા બદલ દંડ અને ખેલાડીઓને સસ્પેન્શન પણ કરવામાં આવ્યા છે. સ્ટેડિયમમાં ફૉકલૅન્ડ સંબંધિત ધ્વજ અને બેનરો પર પ્રતિબંધ હોવા છતાં આ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

૧૯૮૨માં આર્જેન્ટિનાની સૈન્ય સરકારે ફૉકલૅન્ડ ટાપુઓ પર આક્રમણ કર્યું, જેના કારણે બ્રિટન સાથે ૧૦ અઠવાડિયાનું યુદ્ધ ચાલ્યું હતું. બ્રિટને આ પ્રદેશ પર ફરીથી નિયંત્રણ મેળવ્યું તે પહેલાં આ યુદ્ધમાં ૬૪૯ આર્જેન્ટિનાના સૈનિકો, ૨૫૫ બ્રિટિશ લશ્કરી કર્મચારીઓ અને ત્રણ ટાપુવાસીઓનાં મોત થયા હતા. જોકે, આર્જેન્ટિનાએ ટાપુઓ પોતાનો દાવો યથાવત્ રાખ્યો છે. ■

### ડીઝલ, એટીએફ

૧૫ જુલાઈ સુધી ૭.૫ પ્રતિ લિટરથી વધારીને ૧૪.૫ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. જોકે, પેટ્રોલ પર નિકાસ ડ્યૂટી ૪ પ્રતિ લિટરથી ઘટાડીને ૨.૫ પ્રતિ લિટર કરવામાં આવી છે. નાણા મંત્રાલયે એક સૂચનામાં જણાવ્યું હતું કે ડ્યુટી વૃદ્ધિ ૧૬ જુલાઈથી લાગુ કરવામાં આવશે.

પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે, સરકારે ૨૭ માર્ચથી ડીઝલ અને એટીએફ (એવિએશન ટર્બાઇન ફ્યુઅલ) પર નિકાસ ડ્યૂટી લાદી હતી અને દર પખવાડિયામાં દર અપગ્રેડ કર્યો હતો. ■

## પ્રજામત

### આજની ઘડી તે રળિયામણી

૧ જુલાઈના શુભ દિને આપણું પ્યારું, ન્યારું, વહાલું, અનેરું મુંબઈ સમાચાર ૨૦૫મા વર્ષમાં પ્રવેશ્યું એ બદલ અંતરના ઊર્મિભર્યા અભિનંદન. તટસ્થ તંત્રીલેખો, વૈવિધ્યભર્યું વાચન, નીતનવા સમાચારોથી ભરપૂર મુંબઈ સમાચાર પ્રતિદિન રસથાળ પીરસે છે. ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવે છે. આ પેપરે અનેક નાનામોટા લેખકોનું સર્જન કર્યું છે - હાથ ઝીલ્યો છે. આજે દસ રૂપિયામાં સારી ચાનો એક કપ પણ નથી મળતો ત્યારે આ આલમનું અખબાર સાચા-સારા સમાચારો પીરસી રહ્યું છે એનો આનંદ થાય એ સ્વાભાવિક છે. દેશ-વિદેશમાં પણ પ્રત્યેક વ્યક્તિને સવારનું સાત્વિક, વાસ્તવિક વાચન પીરસે છે અને માહિતી, મનોરંજન, સર્વોત્તમ સાહિત્ય આપે છે. આ પેપર સદા ઉન્નતિ, પ્રગતિ કરતું રહે અને નિરંતર સેવા કરતું રહે એવા આશીર્વાદ અને દુઆ.

**-સુભાગ્ય વ્ર. પારેખ**
અંધેરી

### મુંબઈ સમાચારને ૨૦૫મી વર્ષગાંઠની વધાઈ

મુંબઈ સમાચારે ૨૦૪ વર્ષ પૂરાં કરીને ૨૦૫મા વર્ષમાં પ્રવેશ કર્યો એ નાનીસૂની વાત નથી. હું પાંચેક દાયકાથી એનો ચાહક છું. પેપરની અનેક કૉલમોનાં કટિંગ કરીને સૌને પ્રસાર કરીને વાંચન કરાવું છું. ફન વર્લ્ડનો રસથાળ એટલે ગાગરમાં સાગર, ભણતર, ગણતર અને ચણતર જેવું કાર્ય છે અને બાળકોથી લઈને વડીલોનો ગમતો વિષય છે. ગામડાની સંસ્કૃતિ, શબ્દદોશ, ફિલ્મો વિશે, જોવાલાયક સ્થળો-કિલ્લાઓ, વ્યાકરણ, સંસાર-સંબંધીઓની ઓળખ એટલે જ્ઞાન સાથે ગમ્મત. આ પેપર વધુમાં વધુ શિખરો સર કરે એ જ શુભેચ્છા.

**-હીરાલાલ વી. ઉનડોઠવાળા**
માંડવી (કચ્છ)

### ... તો પેટ્રોલ-ડીઝલનો વેડફાટ બચશે

અમારા વિસ્તારના લોકસભાના પ્રતિનિધિને નમ્ર વિનંતી કે એસ. વી. રોડથી દહિસર જતી વખતે બોરીવલી સ્ટેશન પાસે ચંદાવરકર રોડના જંક્શન પાસે શ્રી સ્વામી વિવેકાનંદજીનું પૂતળું છે જેની ચારેબાજુ બાઉન્ડરી બનાવેલી છે. ત્યાંથી દહિસર જવા માટે વાહનોને ડાબી બાજુની ગલીમાંથી ફરીને જવા દેવામાં આવે છે જેથી રોજ સેંકડો લિટર પેટ્રોલ-ડીઝલ ખોટું વેડફાય છે. પહેલાં આ રોડ ચાલુ હતો અને સરળતાથી વાહનો દહિસર તરફ જતાં હતાં અને અત્યારે પણ જઈ શકે છે. જ્યાંથી આ રોડ બંધ કરવામાં આવ્યો છે ત્યાં ૧૦-૧૨ લોરીઓ પાર્ક કરવામાં આવે છે. આ વિસ્તારના પ્રતિનિધિએ જાતે નિરીક્ષણ કરીને આ રોડ ખુલ્લો કરાવવો જોઈએ જેનાથી પેટ્રોલ-ડીઝલનો વેડફાટ બચી શકશે.

**-વસંતલાલ ગડા**
કાંદિવલી (વેસ્ટ)

### વર્ષાનાં વધામણાં

વરદાન છે વસુદેવનું, તીવ્ર તપતો આ ઉનાળો,
ગગને વાદળ બંધાવાને, ખપતો-આવશ્યક આ ઉનાળો
ચાલે નિરંતર ચક્ર, ગમતી પ્રવૃત્તિનો ગાળો
આવ-જા કરતી મોસમ, તમે કુતૂહલે ભાળો,
નવ મહિને નાહ્યાં આજ મકાનો, તૃપ્ત થયાં તરૂવર તરસ્યાં
વર્ષા આગમનનો ઉત્સવ ઊજવો, મન મૂકીને વાદળ વરસ્યાં
ગિરિ શિખરેથી ફૂટી નીકળ્યાં સેંકડો નીર ઝરણાં,
જગ આખું જળબંબાકાર, છલકાયાં ખૂબ નદી-નાળાં
મધુર મિલને, લજ્જાની ઓઢણી ઓઢી અવનિએ
મુશળધાર વર્ષાએ બંધ થયાં કચેરી-શાળા.
ભણતરને ભૂલી ભૂલકાંઓએ માણી આ રજા,
છબછબિયાં કરતાં મોજ-મસ્તીથી કરી ખૂબ મજા.
ચિચિયારી પાડતાં પાણીમાં છોડી હેતથી બનાવેલી કાગળની હોડી
નિસર્ગની નજીક જતાં બચ્ચાંઓએ બનાવી લીધી જાજરમાન જોડી.

**-હરીશ દયારામ જોશી**
ગોરેગામ

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઇલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - **તંત્રી**

રેલવે લાઈન નજીકથી બાંધકામ કર્યા પૂર્વે ચેતજો

# એનઓસી અંગે રેલવેએ જારી કરી ચેતવણી

## રેલવે પ્રોજેક્ટ્સની આસપાસ થતા અનધિકૃત બાંધકામોને ડામવા રેલવે તંત્ર એક્શનમાં

મુંબઈ: મધ્ય રેલવે દ્વારા બહાર પાડવામાં આવેલી મહત્ત્વની જાહેરાત મુજબ રેલવે જમીનની હદથી ૩૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ પ્રકારના બાંધકામ માટે રેલવે વહીવટીતંત્રની એનઓસી (એનઓસી) લેવી અનિવાર્ય છે. રેલવે પ્રોજેક્ટ્સમાં અવરોધ ઊભો કરતાં અનધિકૃત બાંધકામોને રોકવા માટે હવે ડ્રોન સર્વેક્ષણ અને વીડિયોગ્રાફી દ્વારા કડક દેખરેખ રાખવામાં આવી રહી છે.

મધ્ય રેલવેએ જણાવ્યું છે કે રેલવે બોર્ડના પત્ર ક્રમાંક ૨૦૧૫/ એલએમએલ-આઈ/૧૯/૨ તારીખ ૨૫.૦૬.૨૦૧૫ અને 'યુનિફાઇડ ડેવલપમેન્ટ કંટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન્સ'ના નિયમ ૩.૧.૪ અનુસાર, રેલવે જમીનની સીમાથી ૩૦ મીટરની અંદર કોઈ પણ બાંધકામ કાર્ય શરૂ કરતા પહેલા રેલવે વહીવટીતંત્ર પાસેથી એનઓસી મેળવવું ફરજિયાત રહેશે.

રેલવે અધિકારીઓ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે, સૂચિત રેલવે પ્રોજેક્ટની આસપાસ ખાસ કરીને રેલવેની જમીનની સીમાથી ૩૦ મીટરની અંદરના વિસ્તારમાં જરૂરી એન. ઓ. સી. મેળવ્યા વિના અનેક ઈમારતો અને અન્ય બાંધકામો કરવામાં આવ્યાં છે.

જમીન સંપાદનની પ્રક્રિયા દરમિયાન આવી બાંધકામ પ્રવૃત્તિઓમાં થયેલો અચાનક વધારો ગંભીર ચિંતાનો વિષય છે. અનધિકૃત બાંધકામો માત્ર રેલવે પ્રોજેક્ટ્સના સમયસર અમલીકરણમાં અવરોધ જ નથી ઊભા કરતા, પરંતુ તેનાથી જમીન સંપાદનની પ્રક્રિયામાં વિલંબ થાય છે અને વળતર તથા પાત્રતા અંગેના વિવાદોના કારણ પણ બને છે.

રેલવે તંત્ર પ્રોજેક્ટ વિસ્તારનો સચોટ રેકોર્ડ તૈયાર કરવા માટે ડ્રોન અને વીડિયો સર્વેક્ષણ કરી રહ્યું છે. આ સર્વેક્ષણો દ્વારા તાજેતરના બાંધકામથી પૂર્વ જમીનની વાસ્તવિક સ્થિતિનો ચોક્કસ રેકોર્ડ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ■

# મહારાષ્ટ્રની જેલોમાં ક્ષમતા કરતાં ૧૭૩ ટકા વધુ કેદીઓ: માનખુર્દ પ્રોજેક્ટ આશાનું કિરણ

મુંબઈ: મહારાષ્ટ્રની જેલો સતત વધી રહેલી કેદીઓની સંખ્યાનો ભાર વહન કરી રહી છે. રાજ્યભરની જેલો, અને ખાસ કરીને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર )ની જેલોમાં, તેમની નિર્ધારિત ક્ષમતા કરતાં ઘણી વધારે સંખ્યામાં કેદીઓ છે.

આર્થર રોડ સેન્ટ્રલ જેલ, ભાયખલા, તળોજા અને થાણે જેલમાં સૌથી વધુ કેદીઓ છે, જે જેલ વહીવટીતંત્ર માટે એક મોટો પડકાર ઊભો કરે છે. આર્થર રોડ જેલ ની મંજૂર ક્ષમતા ૯૯૯ કેદીઓની છે, પરંતુ હાલમાં ત્યાં લગભગ ૩,૪૧૦ કેદીઓ રાખવામાં આવ્યા છે, જે તેની ક્ષમતા કરતાં ત્રણ ગણાથી પણ વધુ છે. થાણે જેલ, નવી મુંબઈની તલોજા જેલ અને કલ્યાણ જેલમાં પણ તેની નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ સંખ્યામાં કેદીઓ રાખવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આર્થર રોડ, થાણે અને તલોજા જેલોમાં મોટી સંખ્યામાં કેદીઓ આવવાનું કારણ તે અદાલતોની નજીક આવેલી છે, જેનાથી અંડરટ્રાયલ કેદીઓની હેરફેર સરળ અને વધુ સુરક્ષિત બને છે. કેદીઓને દૂરની જેલોમાં ખસેડવાથી વ્યવસ્થાપકીય પડકારો અને સુરક્ષા જોખમો વધે છે.

મહારાષ્ટ્રમાં વર્ગ-૧, ૨ અને ૩ હેઠળ નવ મધ્યસ્થ જેલો અને ૫૧ જિલ્લા જેલો આવેલી છે; આ ઉપરાંત ૧૯ ખુલ્લી જેલો, ત્રણ મહિલા જેલો, એક ખુલ્લી વસાહત, એક કિશોર સુધારણા કેન્દ્ર અને જેલ હોસ્પિટલો પણ કાર્યરત છે. રાજ્યની જેલોની કુલ મંજૂર ક્ષમતા ૨૪,૭૨૨ કેદીઓની છે, પરંતુ હાલમાં ત્યાં આશરે ૪૨,૭૨૭ કેદીઓ છે, જે નિર્ધારિત ક્ષમતાના લગભગ ૧૭૩% સુધી પહોંચી ગઈ છે.

જેલમાં ક્ષમતા કરતાં વધુ કેદીઓ હોવાને કારણે સ્વચ્છતાનો અભાવ, પાણીની અછત અને કેદીઓમાં બીમારીનું જોખમ વધ્યું છે, જેનાથી જેલની સ્થિતિ અને કેદીઓના કલ્યાણ અંગે ચિંતા ઊભી થઈ છે.

જોકે, જેલોમાં ભીડની સમસ્યા હળવી કરવા માટે માનખુર્દમાં ૧૧ એકરનો પ્લોટ વિભાગને સોંપવામાં આવી ચૂક્યો છે અને અને આગામી બેથી ત્રણ વર્ષમાં બાંધકામમાં ગતિ વધવાની અપેક્ષા છે. ■

# ઘાટકોપરમાં પક્ષની નિયુક્તિને લઇ શિવસેનાના નેતાઓ બાખડ્યા

મુંબઈ: ઘાટકોપર પૂર્વમાં શિવસેનાના નગરસેવક સુરેશ આવલે અને પક્ષના વિધાનસભામાંના નેતા યશવંત મોરે વચ્ચે ઝઘડો થયો હોવાનું વાયરલ થયેલા વીડિયોમાં નજરે પડે છે. ઘાટકોપર પૂર્વમાં વોર્ડ નંબર-૧૨૫ ખાતે બુધવારે આ ઘટના બની હતી.

કેમેરામાં કેદ થયેલા દ્રશ્યોમાં શિવસેનાના નગરસેવક અને પક્ષના વિભાગીય વડા સુરેશ આવલે યશવંત મોરે સાથે શાબ્દિક દલીલ કરતા નજરે પડે છે.

આ ઝઘડો હિંસામાં પરિણમ્યો હતો અને પરિણામે ઝઘડા દરમિયાન કપડાં ફાડવામાં આવ્યાં હતાં.

યશવંત મોરે પક્ષના એકમમાં કરવામાં આવેલી કેટલીક નિયુક્તિ અંગે પૂછપરછ કરવા માટે સુરેશ આવલેને મળ્યા બાદ આ ઘટના બની હતી.

તેમની મુલાકાત ઝઘડામાં પરિણમી હતી અને એ વખતે સુરેશ અવલેના કપડાં ફાટી ગયાં હતાં.

અહેવાલ અનુસાર આ મામલો પંતનગર પોલીસ સ્ટેશનમાં લઇ જવામાં આવ્યો હતો. જોકે બંનેએ લેખિત ફરિયાદ કરવાનો ઇનકાર કરી દીધો હતો અને તેને પક્ષનો આંતરિક મામલો ગણાવ્યો હતો.

આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા બાદ એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે એકનાથ શિંદે જૂથની શિવસેનામાં આંતરિક પડકારો છે. ■

# કચ્છી સમાજ સાથેનો આત્મીય નાતો અવિચળ: એકનાથ શિંદે

## કચ્છી અસ્મિતા મંચ દ્વારા આયોજિત 'કચ્છી પગડી કોણશિરે' સન્માન સમારોહમાં ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેના હસ્તે સમાજરત્નોનું સન્માન

થાણે: કચ્છી અસ્મિતા મંચ દ્વારા આયોજિત 'કચ્છી પગડી કોણશિરે' સન્માન સમારોહમાં ઉપમુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેએ કચ્છી સમાજ સાથેના પોતાના પારિવારિક અને આત્મીય સંબંધોને ઉજાગર કરતાં જણાવ્યું કે, થાણેના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. સમાજ માટે નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરતો આ કાર્યક્રમ છેલ્લાં સતત ૧૯ વર્ષથી યોજાઈ રહ્યો છે અને દર વર્ષે તેઓ આ કાર્યક્રમમાં હાજરી આપે છે. તેમણે કહ્યું, જે રીતે પોતાના પરિવારના કાર્યક્રમમાં આપણે ગમે તેવી પરિસ્થિતિમાં પણ હાજર રહીએ છીએ, તેવી જ લાગણીથી હું દર વર્ષે આ કાર્યક્રમમાં આવું છું.



કચ્છી સમાજ વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કાર્ય કરનાર વ્યક્તિઓને પગડી પહેરાવી સન્માનિત કરે છે. આવા સન્માનથી સમાજમાં વધુ સારું કાર્ય કરવાની પ્રેરણા મળે છે અને સમાજનો સર્વાંગી વિકાસ થાય છે. ■

# આઝાદ મેદાન પર કૉક્રોચનો કબજો

## વાઈરલ વીડિયોમાં પ્રદર્શનકારીઓ ગીતો ગાતાં અને કવિતાઓ સંભળાવતા દેખાયા

મુંબઈ: ગુરુવારે મુંબઈના આઝાદ મેદાન ખાતે 'કૉક્રોચ જનતા પાર્ટી' (સીજેપી)ના આંદોલનમાં સેંકડો સમર્થકો એકત્ર થયા હતા. તેઓ કથિત નીટ પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાની માગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા, તેમજ ટીઈટી પેપર લીક અને મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ની પરીક્ષાઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ નજીક વિરોધ પ્રદર્શનના સ્થળ આઝાદ મેદાન ખાતે કામચલાઉ શેડ નીચે મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ એકઠા થયેલા જોવા મળ્યા હતા. સ્થળ પર છત્રપતિ શિવાજી મહારાજનું ચિત્ર મૂકવામાં આવ્યું હતું. અનેક પ્રદર્શનકારીઓના હાથમાં ડો. બાબાસાહેબ આંબેડકરના પ્લેકાર્ડ અને તસવીરો હતી, પ્રદર્શનકારીઓ મંચ પરથી ગીતો ગાતા અને કવિતાનું પઠન કરતા જોવાં મળ્યાં હતાં.

પરીક્ષામાં કથિત અનિયમિતતાઓને લઈને દિલ્હીમાં થયેલા આંદોલનની તર્જ પર આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે સીજેપીના વડા અભિજિત દીપકેને આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ આવ્યા નહોતા. ■

# ધારાવી પુનર્વિકાસમાં રહેવાસીઓની પહેલ



મુંબઈ: ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ માટે સ્વેચ્છાએ પોતાના ઘર ખાલી કરનારા અને ભાડાના કરાર પર હસ્તાક્ષર કરનારા આઝાદ નગર અ અને બી વોર્ડ, આઝાદ નગર બી વોર્ડ, SVP નગર અને કમલા રમણ નગરના ૪૮૦થી વધુ પરિવારોની મુલાકાત DRP/SRA અને NMDPLના અધિકારીઓએ એક સંપર્ક પહેલ (આઉટરીચ પહેલ)ના ભાગરૂપે લીધી હતી. આ મુલાકાત દરમિયાન, NMDPLના અધિકારીઓએ ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) દ્વારા ૧૨ મહિનાનું ભાડું અગાઉથી ચૂકવ્યું હતું. રહેવાસીઓને એક મહિનાની બ્રોકરેજ અને સ્થળાંતરના ખર્ચ પેટે એકવારની રકમ તરીકે રૂ. ૫,૦૦૦ પણ આપવામાં આવ્યા હતા, જ્યારે ભવિષ્યનું માસિક ભાડું વાર્ષિક ૫%ના વધારા સાથે સીધું ઘરના વડા (HOH)ના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ જમીનનો ઉપયોગ મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ અને તે જ સ્થળે પુનર્વસન (ઇન-સિટુ રિહેબિલિટેશન) માટે કરવામાં આવશે. કામચલાઉ પુનર્વસનની સમગ્ર પ્રક્રિયા કાળજી, આદર અને ગરિમા સાથે હાથ ધરવામાં આવી રહી છે. ■




# ગુણવત્તાયુક્ત શિક્ષણ નથી આપ્યું એટલે ફી પરત કરવા કોચિંગ સેન્ટરને નિર્દેશ

મુંબઈ: વચન મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવામાં નિષ્ફળતાને સેવામાં ખામી ગણાવી નાગપુરના ગ્રાહક આયોગે એક આઈઆઈટી કોચિંગ સેન્ટરને વિદ્યાર્થીના પિતાને વધારાના વળતર સાથે રૂ. ૧.૩૫ લાખ રૂપિયાની ટ્યૂશન ફી પરત કરવાનો નિર્દેશ આપ્યો છે. જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચે આ મહિનાની શરૂઆતમાં આપેલા એક આદેશમાં નોંધ્યું હતું કે સામેનો પક્ષ (ડિરેક્ટર,આઈઆઈટી પોઈન્ટ, કોચિંગ ક્લાસ) કોઈ પણ વાજબી કારણ વિના વચન આપેલા સમયની અંદર ક્લાસીસ શરૂ નથી કરી શક્યો.

ફરિયાદીએ જણાવ્યા અનુસાર સંસ્થાએ વચન આપ્યું હતું કે નિયમિત વર્ગો ૧ એપ્રિલ, ૨૦૨૪ થી શરૂ થશે, પરંતુ શરૂઆતની તારીખ જૂન ૨૦૨૪ સુધી મોડી કરવામાં આવતા શૈક્ષણિક નુકસાન અને માનસિક તણાવ થયો.

ફરિયાદીએ આરોપ મૂક્યો હતો કે તેમનો પુત્ર ૨૬ માર્ચ, ૨૦૨૪ ના રોજ કોચિંગ પ્રોગ્રામમાં જોડાયો હતો અને નિયમિતપણે વર્ગોમાં હાજરી આપતો હતો, તેમ છતાં કોચિંગ સેન્ટર વચન આપેલ શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ રહ્યું હતું.ઔપચારિક નોટિસો આપવામાં આવી હોવા છતાં, વિરોધી પક્ષ હાજર રહેવામાં નિષ્ફળ જતા કમિશનને એકપક્ષીય કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. ■

# ગળું ચીર્યા પછી યુવાનના શરીરના ટુકડા કર્યા

## જૂની અદાવતને પગલે ભયંકર ક્રૂરતા આચરનારા બન્ને ભાઈની ધરપકડ

થાણે: શિળ ડાયઘર પરિસરમાં રહેતા બે ભાઈએ જૂની અદાવતને પગલે ભયંકર ક્રૂરતા સાથે યુવાનની હત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. તીક્ષ્ણ છરીથી ગળું ચીરીને યુવાનને મોતને ઘાટ ઉતાર્યા પછી તેના શરીરના ટુકડા કરી નાખનારા આરોપીઓએ આ નિર્દયતાનું મોબાઈલ ફોનની મદદથી વીડિયો રેકોર્ડિંગ સુધ્ધાં કર્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચના ઉલ્હાસનગર યુનિટ-૪ના અધિકારીઓએ પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ ફૈઝ સુલતાન મલિમ (૨૪) અને તેના ભાઈ અલબાન સુલતાન મલિમ (૨૩) તરીકે થઈ હતી. શિળ ડાયઘર ખાતે રહેતા બન્ને ભાઈ રિક્ષા ડ્રાઈવર હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે જૂની અદાવતને પગલે બન્ને ભાઈએ મુંબ્રામાં રહેતા અમન મુસ્તકીન શેખ (૨૩)ની ૧૩ જુલાઈની રાતે હત્યા કરી હતી. આરોપીઓ પહેલાં શેખનું અપહરણ કર્યું હતું. પછી ગળું ચીરી તેની હત્યા કરી હતી. હત્યા પછી તેનું માથું ધડથી અલગ કર્યું હતું અને બન્ને હાથ પણ કાપી નાખ્યા હતા. પછી મૃતદેહના ટુકડા ખર્ડીગાંવના નિર્જન સ્થળે ફેંકી દીધા હતા.

આરોપીએ આ આખી ઘટનાનું રેકોર્ડિંગ કરી લીધું હતું. શરીરના ટુકડા મળ્યા પછી મુંબ્રા પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■


# અર્નાળાના દરિયામાં બે છોકરા તણાયા

પાલઘર: પાલઘર જિલ્લાના વિરારમાં અર્નાળાના દરિયામાં ગુરુવારે સવારે ભરતીને કારણે બે છોકરા તણાઇ ગયા હતા, જ્યારે અન્ય બે જણને બચાવી લેવાયા હતા. બંને છોકરાની ઓળખ અયાન અને શોએબ તરીકે થઇ હોઇ તેઓ ૧૭ વર્ષની વયના છે અને તેમની હાલ શોધ ચાલી રહી છે.

વસઇ વિરાર પાલિકાના ફાયરબ્રિગેડના અધિકારીએ કહ્યું હતું કે ગુરુવારે સવારના ૧૦.૪૫ વાગ્યાની આસપાસ તેમને ઇમર્જન્સી કૉલ પ્રાપ્ત થયો હતો, જેમાં જાણ કરવામાં આવી હતી કે ચાર છોકરા સ્વિમિંગ કરવા દરિયામાં ગયા હતા અને તેમને બહાર આવવામાં મુશ્કેલી પડી રહી છે.ફરજ પર હાજર લાઇફ ગાર્ડ દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને બે છોકરાને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે અન્ય બે છોકરા દરિયામાં ઉછળતાં મોજા સાથે તણાઈ ગયા હતા. ખરાબ હવામાનને કારણે રેસ્ક્યુ ટીમોને બચાવ કામગીરીમાં મુશ્કેલી ઊભી થઇ હતી. અમારી રેસ્ક્યુ બોટ ઉછળતાં મોજાને કારણે સંઘર્ષ કરી રહી હતી, જ્યારે તાલીમબદ્ધ તરવૈયાઓ પણ તેનો સામનો કરી શકતા નહોતા, એમ ફાયરબ્રિગેડના અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ) ■

# શિવાજીનગરમાં યુવકની હત્યા

મુંબઈ: ગોવંડીના શિવાજીનગરમાં કૌટુંબિક વિવાદ અને ઉછીના આપેલા નાણાંને લઇ શસ્ત્રના ઘા ઝીંકી યુવકની હત્યા કરવા બદલ મિત્ર સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી હતી.શિવાજીનગર પોલીસ સ્ટેશનની હદમાં મ્હાડા કોલોની ખાતે બિલ્ડિંગ નંબર-૩૪ નજીક બુધવારે રાતે ૧૧ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ રિયાઝ શેખ (૨૪) તરીકે થઇ હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે રિયાઝ શેખ અને એક આરોપી બાળપણના મિત્ર હતા અને તેમની વચ્ચે કૌટુંબિક કારણોસર વિવાદ ચાલી રહ્યો હતો. એ સિવાય આરોપીએ રિયાઝ શેખને દોઢ હજાર રૂપિયા ઉછીના આપ્યા હતા.રિયાઝ શેખ બુધવારે રાતે ઇમારતની સામે પાણીની ટાંકી પાસે બેઠો હતો ત્યારે આરોપી તેના બે સાથીદાર સાથે આવ્યો હતો, જ્યાં ઉછીના રૂપિયા અને કૌટુંબિક કારણોસરને તેમની વચ્ચે ઝઘડો થયો હતો. ■




**પ્રાર્થના સભા**



દિલગીરી સાથે જણાવવાનું કે
**શ્રીમતી રેખા ઈન્દ્રવદન મહેતા**
(ઉ. ૭૭ વર્ષ)
**તા. ૧૩.૦૭.૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે.**
ભગવાન એમના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

**પ્રાર્થના સભા :**
શુક્રવાર, ૧૭.૦૭.૨૦૨૬
સમય : સાંજે ૫ થી ૭
**ઠઠાઈ ભાટીયા હોલ નં. ૨,** ગ્રાઉન્ડ ફ્લોર, એસ. વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૬૭

**શોકાકૂલ :**
ઈન્દ્રવદન પરમાનંદ મહેતા
ફાલ્ગુની મહેતા
જાગૃતિ, સમીર અને મીત બોગમ

# નિવૃત્ત મેજર હની-ટ્રેપમાં ફસાયા: ૨૦ લાખ ગુમાવ્યા

થાણે: લશ્કરના નિવૃત્ત મેજરને કથિત હની-ટ્રેપમાં સપડાવ્યા પછી બોગસ ક્રિમિનલ કેસોમાં ફસાવવાની ધમકી આપીને તેના પરિવાર પાસેથી ૨૦ લાખ રૂપિયા વસૂલનારી થાણેની મહિલા વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

કાપૂરબાવડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૫૩ વર્ષના નિવૃત્ત મેજર ડૉક્ટર પણ છે અને હાલમાં રાજસ્થાનના ભિલવાડામાં રહે છે. ફરિયાદમાં તેણે આક્ષેપ કર્યો હતો કે થાણેના બાલકુમ પાડા ખાતે રહેતી મહિલા એપ્રિલ, ૨૦૨૪થી મે, ૨૦૨૬ દરમિયાનનાં બે વર્ષ સુધી બ્લૅકમેઈલ કરતી હતી. મહિલાએ 'હની-ટ્રેપ'માં ફસાવી ફરિયાદીની વાંધાજનક તસવીરો, વીડિયો અને ફોન રેકોર્ડિંગ્સ મેળવ્યાં હતાં. પછી મહિલાએ ફરિયાદી પાસેથી નાણાંની માગણી કરી હતી. આર્થિક માગણી પૂરી ન કરે તો ખોટા કેસમાં ફસાવવાની ધમકી તેણે આપી હતી. મહિલાએ બળાત્કાર અને લગ્નનાં ખોટાં વચન આપવાનો ગુનો ફરિયાદી વિરુદ્ધ નોંધાવ્યો હતો, જેને પગલે ફરિયાદીની ધરપકડ પણ થઈ હતી. ■

# મલાડમાં ૧.૬૩ કરોડની વીજ ચોરીનો પર્દાફાશ

મુંબઈ: અદાણી ઇલેક્ટ્રિસિટીના વિજિલન્સ વિભાગે મલાડ પશ્ચિમમના સ્વસ્તિક કમ્પાઉન્ડ વિસ્તારમાં મોલ્ડિંગ ઉદ્યોગ માટે થતી વીજ ચોરીનો મામલો ખુલ્લો પાડ્યો. કંપનીએ દાવો કર્યો હતો કે, આ વીજ ચોરીની કિંમત આશરે ૧.૬૩ કરોડ રૂપિયા છે. વર્ષ ૨૦૨૫-૨૬માં વીજ ચોરી વિરુદ્ધની ઝુંબેશને વધુ તીવ્ર બનાવીને કંપનીએ ૪૮૬ ગુના નોંધ્યા છે.

૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ મલાડ પશ્ચિમના સ્વસ્તિક કમ્પાઉન્ડ ખાતે પાડવામાં આવેલા દરોડામાં ઔદ્યોગિક વપરાશ માટે સીધો વીજ પુરવઠો લેવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું.

આ સિવાય ગોરેગાંવ પશ્ચિમના મોતીલાલ નગરમાં ૮૦ લાખ રૂપિયાની, જ્યારે માલાડ પૂર્વમાં ૪૮.૭૩ લાખ રૂપિયાની વીજ ચોરીનો પર્દાફાશ થયો હતો. ૨૦૨૫-૨૬માં, અદાણી ઇલેક્ટ્રિસિટીએ ૩૬,૭૨૦ દરોડા પાડ્યા હતા. આ ઝુંબેશ દરમિયાન, ૫,૮૯૭ ગેરરીતિઓ નોંધાઈ હતી. ■

# સંસ્થા સમાચાર

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પુનઃ મિલન સફળતાપૂર્વક સંપન્ન

લીલાવતી લાલજી દયાળ હાઈસ્કૂલના ૧૯૮૨ના ૧૦મા ધોરણ 'ક' વિભાગના વિદ્યાર્થીઓનું પુનઃ મિલન શનિવાર, ૨૭ જૂન ૨૦૨૬ના રોજ સંપન્ન થયું હતુ. કાર્યક્રમની શરૂઆત ગણેશ અને સરસ્વતી વંદનાથી થઈ અને ત્યાર બાદ રાષ્ટ્રીય ગીત ગવાયું હતું. વિદ્યાર્થીઓએ ભૂતપૂર્વ અને હાલના માનનીય ટ્રષ્ટીગણ, આચાર્યાગણ, શિક્ષકગણ, સહાયક અને અન્ય ગણનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને તેમનું સન્માન કર્યું હતું. ૪૪ વર્ષ બાદ મળવાથી માહોલ સ્નેહ, આત્મીયતા અને લાગણીના ત્રિવેણીસંગમથી છલકાયો હતો. વિદ્યાર્થીઓએ અંગત અને વ્યવસાયિક જીવનમાં શાળાનું મહત્ત્વ અને અનુભવ વ્યક્ત કર્યા હતાં. શાળા તરફથી સંગીત સંધ્યા અને નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબા અને રાસના તાલે બધા સ્વેચ્છાએ નાચી ઊઠ્યા હતા અને હૉલમાં આનંદ ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. છેલ્લે બધાએ શાળાને નમન કરીને, વંદે માતરમ ગાઈને, ફરીથી જલદી મળીશુંની સંમતિ દર્શાવીને અલ્પ વિરામ કર્યો હતો.

## નિઃશુલ્ક નોટબુકોનું વિતરણ

સમદર્શન સેવા પરિવાર, પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ, સાંતાક્રુઝ, મુંબઈ દ્વારા દહાણુ તાલુકાની ૨૪ જિલ્લા પરિષદ શાળાઓના આશરે ૩૦૦૦ આદિવાસી અને ગ્રામ્ય વિદ્યાર્થીઓને ૧૮,૦૦૦ નોટબુકોનું નિઃશુલ્ક વિતરણ તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યક્રમનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પૂરી પાડવાનો, શિક્ષણ પ્રત્યે પ્રેરણા આપવાનો અને સમાજમાં શિક્ષણનું મહત્ત્વ વધુ મજબૂત બનાવવાનો હતો. ■

# નીટ પેપરનો ₹પાંચ લાખમાં સોદો

## શિવરાજ મોટેગાવકરના ફોનમાંથી મળ્યા કેમેસ્ટ્રીના ૧૩૨ પ્રશ્નોઃ સીબીઆઇ તપાસમાં ચોંકાવનારો ખુલાસો

મુંબઈઃ નીટ પેપર લીક કૌભાંડને કારણે દેશભરમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુક છેલ્લાં બે અઠવાડિયાથી વધુ સમયથી ભૂખ હડતાળ પર ઉતર્યા છે અને તેમની તબિયત બગડતાં દેશભરમાંથી તેમને ભારે સમર્થન મળી રહ્યું છે. બીજી તરફ, સીબીઆઈએ કાર્યવાહી તેજ કરીને મહારાષ્ટ્રના નાસિક, પુણે, લાતુર અને બીડમાંથી અનેક લોકોની ધરપકડ કરી છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર પી.વી. કુલકર્ણી સાથે સંકળાયેલા શિવરાજ મોટેગાવકરે કેમેસ્ટ્રીના પ્રશ્નો મેળવવા માટે પાંચ લાખ રૂપિયા આપ્યા હોવાનો ચોંકાવનારો ખુલાસો સીબીઆઈ તપાસમાં થયો છે.

દરમિયાન, એવી પણ માહિતી સામે આવી હતી કે મોટેગાવકરે આ પ્રશ્નો પી.વી. કુલકર્ણી પાસેથી મેળવ્યા હતા. સીબીઆઈની તપાસમાં મોટેગાવકરના ફોનમાંથી કેમેસ્ટ્રીના ૧૩૨ પ્રશ્નો મળી આવ્યા હતા. તેમજ પ્રશ્નપત્રની ૩૬ ઈમેજ પણ મોટેગાવકરના મોબાઈલમાંથી મળી આવી હતી. તપાસમાં એવો ચોંકાવનારો ખુલાસો પણ થયો કે, મોટેગાવકર પાસે રહેલા ૧૩૨ પ્રશ્નોમાંથી ૧૧૧ પ્રશ્નો બેઠા નીટની પરીક્ષામાં પુછાયા હતા.

બીજી તરફ, નીટ પેપર લીક કેસની તપાસમાં હવે મોટા આર્થિક વ્યવહારોની આશંકા સેવાઈ રહી છે. સીબીઆઈ દ્વારા હવે મુખ્ય આરોપી શિવરાજ મોટેગાવકર અને તેના પરિવારના બેંક ખાતાઓ તેમજ લોકર્સની તપાસ શરૂ કરવામાં આવી છે. આ લોકર્સમાંથી મોટી માત્રામાં રોકડ, ગેરકાયદેસર મિલકતના દસ્તાવેજો અને ડિજિટલ પુરાવા મળવાની પ્રબળ શક્યતા છે. બીજી તરફ, દેશભરમાં ખળભળાટ મચાવનાર NEET પેપર લીક કેસની તપાસમાં હવે મોટા નાણાકીય વ્યવહારો (મની લોન્ડરિંગ)નો ઉમેરો જોવા મળી રહ્યો છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ હવે આ કેસના મુખ્ય શંકાસ્પદ, ધરપકડ કરાયેલા આરોપી શિવરાજ મોટેગાંવકર અને તેના પરિવાર સાથે સંબંધિત બેંક ખાતાઓ અને લોકર્સની તપાસ શરૂ કરી દીધી છે. ■

છેલ્લા પાનાનું ચાલુ

### ગોવંડીની શાળા

એજ્યુકેશન ટ્રસ્ટ'ને ૨૫ જૂનના રોજ કારણદર્શક નોટિસ ફટકારી હતી. સંસ્થાએ આ નોટિસનો જવાબ આપ્યો હતો. ત્યારબાદ મહાનગરપાલિકાની વોર્ડ ઓફિસે ૭ જુલાઈના રોજ તોડફોડનો આદેશ જાહેર કર્યો હતો. તેની વિરુદ્ધ સંસ્થાએ અપીલ સત્તાધિકારી એવા એડિશનલ કલેક્ટર સમક્ષ અપીલ દાખલ કરીને ન્યાયની માગણી કરી હતી. જોકે, આ અરજી પર સુનાવણી થાય તે પહેલાં જ તોડફોડની કાર્યવાહી શરૂ થઈ જતાં સંસ્થાએ હાઈ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. આ સાથે જ મહાનગરપાલિકા પર પક્ષપાત કરવાનો અને ભાજપના નેતા કિરીટ સોમૈયાના કહેવાથી આ કાર્યવાહી કરવામાં આવી હોવાનો આરોપ અરજી દ્વારા લગાવ્યો હતો. શાળા ચાલુ હોવા છતાં મંગળવારે પોલીસ બંદોબસ્ત વચ્ચે શાળાના ઉપરના માળ પર તોડફોડ શરૂ કરવામાં આવી હતી. ■

### સચિન અહિરને

આપવાનો ઇનકાર કરવામાં આવ્યો છે. ઉપસભાપતિ માટે 'રાયગઢ' બંગલો મંજૂર કરવામાં આવ્યો હતો. જોકે, હવે તે બંગલાને બદલે તેમને ફ્લેટમાં શિફ્ટ કરવામાં આવી રહ્યા છે. 'રાયગઢ' બંગલામાં હાલમાં પૂર્વ પ્રધાન અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવિન્દ્ર ચવ્હાણ રહે છે. મહાયુતિ સરકારમાં જ્યારે તેઓ જાહેર બાંધકામ પ્રધાન હતા, ત્યારે 'રાયગઢ' બંગલો તેમને ફાળવવામાં આવ્યો હતો. જોકે, દેવેન્દ્ર ફડણવીસ સરકારની ૨૦૨૪ની કૅબિનેટમાં તેઓ પ્રધાન નથી. તેમ છતાં, 'રાયગઢ' બંગલો છેલ્લાં દોઢ વર્ષથી તેમની પાસે જ છે. હવે, ઉપસભાપતિને ફાળવવામાં આવનારો આ બંગલો આપવાની ના પાડી દેવામાં આવી છે.

સચિન અહીર ઉપસભાપતિ બન્યા બાદ શરૂઆતમાં તેમને 'પુરંદર (સી-૩)' બંગલો મળવાની ચર્ચા હતી, જે પહેલાં નીલમ ગોરે પાસે હતો. જોકે, અહીરના શપથગ્રહણ પહેલાં જ આ બંગલો વિધાનસભા ઉપાધ્યક્ષ અણ્ણા બનસોડેને ફાળવી દેવાયો. હવે કોઈ બંગલો ખાલી ન હોવાથી સામાન્ય વહીવટ વિભાગે તેમને ફ્લેટ મંજૂર કર્યો છે. ■

### સીમાંકન ખરડો

બિલ રજૂ કરવાની યોજના ધરાવે છે.

અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા સપકાળે કહ્યું, 'સીમાંકન ખરડો રાષ્ટ્રવિરોધી છે. તે દેશની એકતા માટે ખતરો ઊભો કરે છે. આ ખરડા પાછળ ભાજપનો ઉદ્દેશ્ય ભારતને ઉત્તર અને દક્ષિણમાં વિભાજિત કરવાનો છે, અને તેથી જ સંસદના અગાઉના સત્ર દરમિયાન તેને પસાર કરી શકાયો નહોતો.' ■

### ડીજીપીને

ફૂટેજ ૧૮ મહિના સુધી સુરક્ષિત રાખવામાં આવે તે સુનિશ્ચિત કરશે. બેન્ચે નોંધ્યું હતું કે પોલીસનું વલણ સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાઓ અને બેકઅપ ક્ષમતાને ૧૮ મહિના સુધી વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા અગાઉ આપવામાં આવેલી સ્પષ્ટ ખાતરીઓથી વિપરીત હતું. તે 'પરમવીર સિંહ સૈની વિરુદ્ધ બલજીત સિંહ' કેસમાં સુપ્રીમ કોર્ટના સીમાચિહ્નરૂપ ચુકાદાનો સંદર્ભ આપી રહી હતી, જેમાં પોલીસ સ્ટેશનોના તમામ પ્રવેશ અને બહાર જવાના રસ્તા, કોઠડીઓ, કોરિડોર અને લાઉન્જમાં સીસીટીવી કવરેજ હોવું ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. ૧૦ ઓગસ્ટે આ મામલે ફરીથી સુનાવણી થશે,પોલીસને ત્યાં સુધીમાં અહેવાલ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. ■

### ફડણવીસને

ચોરી, લૂંટ અને છેતરપિંડી જેવા ગુનાઓ થઈ રહ્યા છે અને એવો દાવો કરવામાં આવે છે કે સેંકડો કરોડ રૂપિયા ગેરવલ્લે થયા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અયોધ્યામાં થયેલી ચોરીઓ અંગે વ્યથિત થયું છે. રામ મંદિર સાથે સંકળાયેલી કથિત લૂંટ અંગે જનજાગૃતિ લાવવા શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)એ 'રામ રક્ષા' અભિયાન શરૂ કર્યું છે. 'રામ રક્ષા' નો અર્થ 'ભગવાન રામનું રક્ષણ' છે. ■

### ગેરકાયદે સ્કૂલ

૧૨ કરતાં ઓછી બેઠક ક્ષમતા ધરાવતાં વાહનોને સ્કૂલ ટ્રાન્સપોર્ટ માટે વાપરવાની મંજૂરી નથી. આમ છતાં, આવાં વાહનો રોજ શાળાના બાળકોની હેરફેર કરી રહ્યા છે, તેવો આક્ષેપ પણ એસોસિએશને અરજીમાં કર્યો છે.

વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે એસોસિએશને ગેરકાયદેસર શાળા પરિવહન સેવા તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપવાની માગ કરી હતી. એસોસિએશને અરજીમાં કહ્યું હતું કે ગેરકાયદેસર શાળા બસોના ઉપયોગને કારણે બાળકોના જીવ જોખમમાં છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે પરિવહન નિયમો લાગુ કરવામાં સરકારની નિષ્ફળતા ગેરકાયદેસર વાહનચાલકોને પ્રોત્સાહન આપી રહી છે. ■

### પિતા દ્વારા

પડકારી હતી. તે વ્યક્તિએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે તે પોતાની દીકરીને ઠપકો આપતો હોવાથી તેને આ કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવ્યો હતો. જોકે, હાઈ કોર્ટે આ વાતનો અસ્વીકાર કર્યો અને કહ્યું કે તેમાં તેના પોતાના પિતા જ સામેલ હોવાથી પીડિતા માનસિક આઘાતમાં હતી અને ઘટના વિશે કોઈને પણ જણાવી શકી નહોતી. તેમાં ઉમેરવામાં આવ્યું હતું કે બળાત્કાર એ માત્ર શારીરિક હુમલો જ નથી, પરંતુ તે પીડિતના સમગ્ર વ્યક્તિત્વને પણ વિનાશક અસર પહોંચાડે અને તેના ભવિષ્યને જોખમમાં મૂકે છે. ■

### અલર્ટ રહો

સુરક્ષિત રીતે પાર્ક કરીને એન્જિન બંધ કરી દેવાનું જણાવાયું છે. ત્યાર બાદ વાહનમાંથી બહાર નીકળતી વખતે ચાવીને વાહનમાં રાખવાની ખાસ સૂચના અપાઈ છે. ઉલ્લેખનીય છે કે બુધવારે ટનલમાંથી પસાર થનારી કારમાં આગ લાગી ત્યારે મોટા ભાગના ડ્રાઈવરો વાહન આડેધડ પાર્ક કર્યા પછી ચાવી પોતાની સાથે લઈને ટનલની બહારની તરફ દોડ્યા હતા. વાહનો લૉક હોવાથી ટનલનો રસ્તો બ્લૉક થઈ ગયો હતો, જેને કારણે ફાયર બ્રિગેડના જવાનોને વાહન સાથે ઘટનાસ્થળે પહોંચવામાં વિલંબ થયો હતો. ટનલમાં યુ-ટર્ન કે વાહનને રિવર્સ લેવાનો પ્રયાસ ક્યારેય કરવો નહીં. વાહન છોડીને ટનલના છેવાડા સુધી દોડવાની જરૂર નથી. ટનલમાં દર ૩૦૦ મીટરે ક્રોસ પેસેજ છે. એટલે ડર્યા વિના ટનલની દીવાલ પરના ઍરોને અનુસરી નજીકના ક્રોસ પેસેજ સુધી પહોંચી જવું. પછી પૅનિક બારની મદદથી પેસેજ ખોલીને બાજુની ટનલ તરફ જતા રહેવાની સૂચના અપાઈ છે. એ સિવાય ટનલમાં દર ૧૦૦ મીટરના અંતરે ઈમર્જન્સી ટેલિફોનની સુવિધા છે, જેની મદદથી કન્ટ્રોલ રૂમનો સંપર્ક સાધી શકાય છે. ■

### પવાર પરિવારને

પવાર અને પાર્થ પવારને મુશ્કેલીમાં મૂકવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પૂર્વ ધારાસભ્ય અમોલ મિટકરીએ આક્ષેપ કર્યો હતો કે આ જ નેતાઓ દ્વારા સચ્ચિદાનંદ સિંહને તાકાત આપવામાં આવી રહી છે. સુનેત્રા પવાર અને પાર્થ પવારને હેરાન કરનારા નેતાઓને પક્ષના કાર્યકરો શોધી કાઢીને પાઠ ભણાવશે. મિટકરીએ આશા વ્યક્ત કરી હતી કે મુખ્ય પ્રધાને અમારી પાર્ટીના કોઈપણ નેતાઓને મળતા પહેલા પાર્ટી નેતૃત્વ સાથે આ અંગે ચર્ચા કરવી જોઈએ. ■

### મરાઠી માણૂસ

૨૦૨૯ કે ૨૦૩૪માં એક મહારાષ્ટ્રીયન દેશનો પીએમ બનશે. આ રાજ્યના લોકો અને ખેડૂતોની સામૂહિક ઇચ્છા છે.' મહારાષ્ટ્રમાંથી કોણ વડા પ્રધાન બની શકે એમ છે એવું પૂછવામાં આવતા દેવેન્દ્ર ફડણવીસ એવો જવાબ આપ્યો હતો. પ્રધાને એમ પણ કહ્યું કે એનસીપી પ્રમુખ સુનેત્રા પવાર મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન બનશે તો તેમને આનંદ થશે. ભારતીય જનતા પક્ષ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને સુનેત્રા પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધન તરીકે સત્તામાં છે. (પીટીઆઈ) ■

### આરોપી સિયા

આપી રહ્યા છે, પણ તેમને અને તેમના પરિવારને હેરાન કરવામાં આવી રહ્યા છે, એવો આક્ષેપ કર્યો હતો. પ્રવીણ ગોયલે એમ પણ કહ્યું હતું કે આ કેસમાં જો દોષી ઠરશે તો તેમની પુત્રીને મૃત્યુદંડની સજા ભોગવવી પડશે. પુણેના માર્કેટ યાર્ડ વિસ્તારમાં આવેલી દુકાન મે. બી.જી. ગોયલ એન્ડ કંપની દ્વારા ચલાવવામાં આવે છે, જે સિયા ગોયલના પરિવારની માલિકીની છે. એફડીએ દ્વારા ઇન્સ્પેક્શન કરવામાં આવ્યા બાદ આગામી આદેશ સુધી દુકાનમાં વ્યાવસાયિક કામગીરી બંધ રાખવાનું કહેવામાં આવ્યું છે. કંપનીએ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ અમુક ફરજિયાત જોગવાઇઓનું પાલન ન કર્યું હોવાનું જાણવા મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

### એફડીએએ

કરવામાં આવ્યું હતું. ઈન્સ્પેક્ટરોને અસ્વચ્છતા ઉપરાંત ખાદ્ય સુરક્ષા માટે આવશ્યક ઘણી બાબતોમાં ખામીઓ જોવા મળી હતી. આવી જ રીતે ખાદ્ય પદાર્થોને સ્પર્શનારા કર્મચારીઓના આરોગ્યના અહેવાલો પણ નહોતા, ખાદ્ય પદાર્થો પર ઉત્પાદનની અને એક્સપાયરી ડેટ પણ નહોતી. આ બધી સ્થિતિ ખાદ્ય પદાર્થોમાં જંતુનો ચેપ લાગવાની અને તે માનવી આરોગ્ય માટે હાનિકારક નીવડવાની શક્યતા હોવાથી આગામી આદેશ સુધી તેમને ખાદ્ય પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને વિતરણ કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, એમ એફડીએએ કહ્યું હતું. (પીટીઆઈ) ■

### કુર્લા સ્ટેશને

જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ચૌધરીના આવા કૃત્યથી અન્ય પ્રવાસીઓમાં ડર ફેલાયો હતો. પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી ચૌધરીને તાબામાં લેવાયો હતો. આ મામલે તપાસ ચાલી રહી હોવાથી જરૂરી કાનૂની પગલાં લેવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

### એમપીએસસી

આપી મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન ડો. વિવેક ભીમનવર, રાજ્યના મુખ્ય સચિવ અને સામાન્ય વહીવટ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુંબઈમાં એક બેઠક યોજી હતી. બેઠકમાં ફડણવીસે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ યોજવા માટેના સુધારા તાત્કાલિક રજૂ ન કરવા જોઈએ, પરંતુ ઓગસ્ટ ૨૦૨૭ થી અમલમાં આવવા જોઈએ જેથી વિદ્યાર્થીઓને પૂરતો સમય મળે. બધી વ્યવસ્થા થાય ત્યાં સુધી, પરીક્ષાઓ હાલની પદ્ધતિનો ઉપયોગ કરીને ચાલુ રાખવી જોઈએ. ■

### અમારી પાર્ટીમાં

જ્યારે પણ રાજકીય બેઠકો હોય છે, ત્યારે સુનેત્રા પવારને તે અંગેની માહિતી હોય છે. હું ૪૦ વર્ષથી રાજકારણમાં છું. મને પ્રોટોકોલ ખબર છે, એવું સુનીલ તટકરેએ સ્પષ્ટ કર્યું હતું. ■

# હિન્દુ મરણ

**ગિરનારા બ્રાહ્મણ**

ભાવેશભાઈ તે શ્રી નવીનચંદ્ર અને ભદ્રાબેનના પુત્ર. શ્રી જીવનદાસ ગંગારામના પૌત્ર અને શ્રી મોહનલાલ ગોકળજી પુરોહીતના દોહીત્ર. દામીનીબેન જૈન અને સ્વ. નયનાબેન અને હરીષભાઈના ભાઈ. સગુણાબેન બન્સલ તથા દર્શન જૈનના મામા. કીન્નરીબેનના કાકા ૧૪.૬.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે.

**વિસા સોરઠીયા વણિક**

શીલવાળા હાલ ગોરેગામ, નવનીતલાલ કરસનદાસ (ઉં. વ. ૮૭) તા. ૧૫-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રેમકુવર કરસનદાસ શાહના પુત્ર. વેરાવળવાલા જેકુવર ગોરધનદાસ શાહના જમાઈ. સ્વ. મંજુલાબેનના પતિ. મોનિકા અને મિતેષના પિતા. ભાવેશ અને હેતલના સસરા. સ્વ. ચંદ્રિકા જયંતિલાલ શાહ, સ્વ. અમૃતલાલ કરસનદાસ શાહ, ધીરજલાલ કરસનદાસ શાહના ભાઈ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**વેરાવળ દશા શ્રીમાળી વણીક**

વેરાવળ નિવાસી (હાલ કોઈમ્બતુર) હરેન્દ્ર હરીદાસ શાહના પત્ની મીના હરેન્દ્ર શાહ (ઉં. વ. ૭૩) બુધવાર, ૧૫-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે અનુપમા અને અમીતના માતુશ્રી. આયેશાના સાસુ. સ્વ. ઈશ્વરભાઈ મહેતાના પુત્રી. મીરા, રાજેશ અને નરેશના બેન. અનીલ- અમી, રીના-વસંતભાઈ ખેતાણી, ડો. દિનેશ-હેમાલી, ભારતી-ચેતનભાઈ મહેતાના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દમણિયા દરજી**

મુંબઈ નિવાસી સ્વ. જયંતિલાલ કલ્યાણજી દમણિયા (ઉં. વ. ૭૭) બુધવાર, તા. ૮-૭-૨૬ના દેવલોક પામેલ છે. તે સ્વ. કલાવતી કલ્યાણજીના પુત્ર. સ્વ. ઉમિયાબેન ગિરધરલાલના જમાઈ. શકુંતલાના બેનના પતિ. પંકિતા, દર્શનાના પિતા. વિશ્વદીપ દવેના સસરા. પલકના નાના. તેમની પ્રાર્થનાસભા તા. ૧૯-૭-૨૬ રવિવારે સાંજે ૪ થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ ગલી નજીક, લોહાણા મહાજન વાડીની સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વે).

**કચ્છી લોહાણા**

સ્વ. હંસાબેન (પુષ્પાબેન) હિરજી લક્ષ્મીદાસ ટોડાઈના જયેષ્ઠ પુત્ર ચિ. વિરસેન ગામ મુંદ્રા હાલે મુલુંડ (ઉં. વ. ૭૭) તા. ૧૪-૭-૨૬ મંગળવારના રામશરણ પામેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ. તે ડોલી મેહુલ મખેચા, અવનીના પિતા. તે વિજયભાઈ, મહેન્દ્રભાઈ, નૈષધભાઈ, ભાવનાબેન પ્રકાશભાઈ ગૈસોતાના મોટાભાઈ. તે સ્વ. ડાઈબેન ધારસી મજેઠિયાના જમાઈ (ગામ-આડેસર), તે પુલકિતના નાના. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૬, શુક્રવારના સાંજે ૫ થી ૭. ઠેઃ ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની પાછળ, ડૉ. આર. પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

રાણપુરવાળા હાલ ઘાટકોપર, સ્વ. ગુલાબચંદ પ્રેમચંદ દોશીના ધર્મપત્ની ગં.સ્વ. હીરાબેન ગુલાબચંદ દોશી (ઉં. વ. ૯૮) ૧૫.૭.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. જયેશ, કલ્પના, ઈલા, કીર્તિ, વીણા અને રૂપાના માતૃશ્રી. પ્રજ્ઞાના સાસુજી. ધ્વનિ અને સાગરના દાદીમા. રશ્મીના દાદીસાસુ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થના સભા રાખેલ નથી.

**મોઢ બ્રાહ્મણ**

સ્વ. પ્રવિણચંદ જેઠાલાલ ભટ્ટ મૂળ બાલાસિનોર ગામના હાલ કાંદિવલી, તા. ૧૧/૦૭/૨૬ના રોજ શનિવારે દેલોક પામ્યા છે. જે યતીન, વીજલ અને હિનાલીના પપ્પા. શીતલ, સ્વ. જયેશકુમાર, મનીષકુમારના સસરા. વ્યોમેશ ભટ્ટ અને વિપુલ ભટ્ટના કાકા. નિષિતા, કૃતાર્થ અને પુષ્ટીના દાદા. જેમી, નારીકાના દાદા સસરા. જેમની પ્રાર્થનાસભા તથા બેસણું તા. ૧૯/૦૭/૨૬ના સાંજે ૪ થી ૬. રવિવાર શ્રી વર્ધમાન સ્થાનકવાશી જૈન શ્રાવક સંઘ હૉલ, ૪ થે માળે, એસ.વી. રોડ, પારેખ લેન કૉર્નર, કાંદિવલી વેસ્ટ.

**ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

દેશોત્તર, તા. ઇડર નિવાસી, હાલ કાંદિવલી, અશ્લેષાબેન (લીલીબેન) સુરેશભાઈ જોષી (ઉં. વ. ૭૧) તા. ૯-૭-૨૬ના રોજ એકલિંગજીશરણ પામેલ છે. તે સુરેશભાઈ કરુણાશંકર જોષીના પત્ની. મેહુલભાઈ અને કેન્યાબેનના માતા. ભાવીબેન અને સમીરભાઈ પંડયાના સાસુ. પિયરપક્ષે મણિયોર/ઇડર નિવાસી સ્વ. જશોદાબેન અને સ્વ. ચંપકલાલ ડાહ્યાલાલ મહેતાના પુત્રી. વશિષ્ઠકુમાર, સ્વ. જીતેન્દ્રભાઈ, દીપકભાઈ, નીરૂબેન અને પૂર્ણિમાબેનના બહેન. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૯-૭-૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળ મહિલા આધાર ભવન હોલ, રઘુલીલા મોલ પાસે, બોરસપાડા રોડ કાંદિવલી વે.

**ઘોઘારી મોઢ વણિક**

ધ્રાંગધ્રા નિવાસી હાલ કાંદિવલી, રમેશભાઈ પરીખ (ઉં. વ. ૭૮) તે સ્વ. કુંદનબેન મણિલાલ પરીખના પુત્ર. ગીતાના પતિ. અંકિત તથા જીગીષાના પિતા. હેતા તથા નિખિલના સસરા. બિપીનભાઈ તથા સ્વ. હરેન્દ્રના ભાઈ. ૧૪/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. ઠે. ૧ બી ૭૦૪, એન જી સીટી સોસાયટી, ફેઝ ૨, ઠાકુરવિલેજ કાંદિવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

માંડળ રાજુલા હાલ સાંતાક્રુઝ, અનંતરાય દયાળજી દેસાઈ (ઉં. વ. ૯૧) તે સ્વ. દમયંતીબેનના પતિ. સ્વ. ખુશાલભાઈ ગાંધીના જમાઈ. સ્વ. ઈશ્વરભાઈ, સ્વ. દેવકુંવરબેન શેઠના ભાઈ. સંજય તથા પ્રિતી (પાયલ) દાણીના પિતા. આરતી તથા પ્રદીપભાઈના સસરા. ૧૪/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**માધવપુર ગિરનારા બ્રાહ્મણ**

બોરીવલી નિવાસી અંકિતભાઈ (ઉં. વ. ૪૮) તે સ્વ. સરિતાબેન અનિલ પુરોહિતના પુત્ર, ભાલચંદ્ર દયાશંકર પુરોહિતના ભત્રીજા. અપૂર્વના ભાઈ. રચનાના દિયર. વૈશવીના કાકા. ૧૫/૭/૨૬ના રોજ માધવશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર સુતાર**

મૂળ ગામ હડમતીયા, હાલ મીરારોડ, સ્વ. હેમરાજભાઈ ગોવિંદભાઈ વડગામા (ઉં. વ. ૮૯) તા. ૧૩/૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વિજયાબેનના પતિ, વાઘજી બેચરભાઈ બદ્રકિયાના જમાઈ. ભાવેશભાઈ, મુકુંદભાઈ, કિરીટભાઈ અને અર્ચનાબેનના પિતાશ્રી. ભાવનાબેન, નયનાબેન, બિન્દીબેન, સ્વ. જગદીશકુમાર ચતુરભાઈ પંચાસરાના સસરા. સ્વ. રતિલાલ અને સ્વ. કલ્યાણજી ગોવિંદ વડગામાના ભાઈ. પ્રાર્થનાસભા શુક્રવારે તા. ૧૭-૦૭-૨૬ સાંજે ૫ થી ૬. ઠે. શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, વિલેપાર્લે વેસ્ટ.

**દશા મોઢ વણિક**

સ્વ. દિવ્યાબેન હસમુખરાય ગાંધી (ઉં. વ. ૭૭) તે સ્વ. હસમુખરાય ગોરધનદાસ ગાંધીના પત્ની. સ્વ. ચંદ્રિકા નટવરલાલ વૈદ્યના દીકરી. દીપક, યામિનીના માતુશ્રી. દેવેન તથા હિનાના સાસુ. ભુપેન્દ્ર, જયોતિ, ભુવનેશ, જયેશ, ભાવનાના બેન. ૧૧/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

નરેન્દ્ર પ્રાગજી આશર તે પ્રાગજી લક્ષ્મીદાસ તથા પ્રેમકુંવરબેન (બબીબેન)ના પુત્ર (ઉં. વ. ૮૪) ૧૫-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વંદનાબેનના પતિ. રાહુલના પિતા. અ. સૌ. રશ્મિના સસરા. તે સ્વ. ગોપાલદાસ કેશવજી સંપટના જમાઈ. તે અ. સૌ. વિમળાબેન નરોત્તમ વેદ, સ્વ. શાંતિકુમાર, અ. સૌ. પુષ્પાબેન જયસિંહ વેદ, સ્વ. નરેશ, નલિન, મૂળરાજ, અ. સૌ. પૂર્ણિમાબેન અનિલ પાલેજા, માધવ, મુકુંદના ભાઈ. પ્રાર્થનાસભા ૧૭-૭-૨૬, શુક્રવારના ૪.૩૦ થી ૬. ઠે. શ્રી સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા સ્વ. કલાવતીબહેન અને દુર્લભદાસ મહેતાના પુત્ર ધરમદાસ (ધર્મેન્દ્ર) (ઉં. વ. ૮૯) તે સુરભિબેનના પતિ. સ્વ. ઈશ્વરદાસ - સ્વ. મંજુલાબહેન, સ્વ. મનમોહનદાસ - સ્વ. તારાબહેન, સ્વ. હરકિસનદાસ-નીલમબહેન, સ્વ. જિતેન્દ્ર- દેવયાનીબહેન, વિનોદિની કનૈયાલાલ મહેતા તથા નીલમ બકુલેશભાઈ સંઘવીના ભાઈ. ભાવનગરવાળા સ્વ. પ્રાણલાલ પરમાનંદદાસ શેઠના જમાઈ. અમિષા નીલેશ વોરા, આનંદ અને જીજ્ઞેશ - ફાલ્ગુનીના પિતા. જિનલ, ધુમિલ-દેવાંશી અને વૃષ્ટિના દાદા-નાના બુધવાર, ૧૫-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

### સીટને મુદ્દે

વાગવાથી પ્રવાસીને માથામાં ઇજા થઈ હોવાની સ્પષ્ટતા મધ્ય રેલવેએ કરી હતી. ગયા મહિને જ વેસ્ટર્ન રેલવેની નાલાસોપારા ટ્રેનમાં ચાકુના ઘા ઝીંકી એક પ્રવાસીની નિર્મમ હત્યા કરવામાં આવ્યાની ઘટના બની હોવાથી અંબરનાથ ટ્રેનમાં મારામારીના બનાવથી પ્રવાસીઓમાં ભય ફેલાવા લાગ્યો હતો.

કલ્યાણ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના સિનિયર ઈન્સ્પેક્ટર અર્ચના દુસાનેએ જણાવ્યું હતું કે ઘટના બુધવારની મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ અંબરજનાથ જતી ટ્રેનમાં ડોમ્બિવલી-ઠાકુર્લી સ્ટેશન વચ્ચે બની હતી. લગેજ કમ્પાર્ટમેન્ટમાં ચડેલા ચાર પ્રવાસી વચ્ચે સીટ પર બેસવાને મામલે વિવાદ થયો હતો.

મારામારીમાં ઘવાયેલા પ્રવાસીઓની ઓળખ રાજુ વાઘે (૧૯), સાહિલ ખંદારે (૧૯) અને પ્રિતેશ કનોજિયા (૩૧) તરીકે થઈ હતી.

મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ નીલાએ જણાવ્યું હતું કે પરેલથી અંબરનાથ જતી ટ્રેનના લગેજ કમ્પાર્ટમેન્ટમાં સીટ પર બેસવાનો વિવાદ મારામારીમાં પલટાયો હતો. ઘટનાની જાણ થતાં જીઆરપી અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના જવાનો ટ્રેન પહોંચે તે પહેલાં કલ્યાણ સ્ટેશને તહેનાત હતા. આ પ્રકરણે સેન્ટ્રલ રેલવેએ ચોખવટ કરી હતી કે અંબરનાથની ટ્રેનમાં થયેલી મારામારી દરમિયાન તીક્ષ્ણ હથિયાર કે કોઈ પણ પ્રકારના શસ્ત્રનો ઉપયોગ થયો નથી. એક પ્રવાસીએ હાથમાં પહેરેલો કડો મારામારી દરમિયાન બીજા પ્રવાસીના માથામાં વાગ્યો હતો, જેને કારણે તેને લોહી નીકળ્યું હતું અને ગંભીર ઇજા થઈ હતી. ■

### બીકેસીમાં

બોમ્બબ્લાસ્ટની ધમકી આપવામાં આવી હતી. ઇમેઇલમાં તમિળનાડુના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટેલિનના પત્ની દુર્ગા સ્ટેલિન વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવામાં આવી હતી અને દાવો કરાયો હતો કે તેણે મહંમદ પયગંબરનું અપમાન કર્યું છે. દરમિયાન ધમકીભર્યો ઇમેઇલ પ્રાપ્ત થયા બાદ તેની જાણ પોલીસને કરવામાં આવી હતી, જેને પગલે અધિકારીઓ બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) સાથે ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. પોલીસ તેમ જ બીડીડીએસ દ્વારા પાસપોર્ટ ઓફિસમાં ખૂણેખાંચરે તપાસ કરવામાં આવી હતી, પણ કશું વાંધાજનક કે શંકાસ્પદ મળી આવ્યું નહોતું. પોલીસ હવે ધમકીભર્યો ઇમેઇલ મોકલનારી વ્યક્તિની શોધ ચલાવી રહી છે.નોંધનીય છે કે થોડા સપ્તાહ અગાઉ દક્ષિણ મુંબઈમાં આવેલી એસ્પ્લેનેડ કોર્ટને પણ બોમ્બની ધમકીનો ઇમેઇલ મળ્યો હતો. અજાણી વ્યક્તિએ મોકલેલા ઇમેઇલમાં કોર્ટમાં બોમ્બ રખાયો હોવાનો દાવો કર્યો હતો. પોલીસ અને બોમ્બ સ્કવૉડે તાત્કાલિક ઘટનાસ્થળે જઇને કોર્ટ તથા પરિસરમાં તપાસ કરી હતી, પણ કશું શંકાસ્પદ મળી આવ્યું નહોતું. ■

# પારસી મરણ

ખોરશેદ દાદી દારૂવાલા તે મરહુમ દાદીના ધન્યાની. તે મરહુમો જાલામાય માનેકશો મોબેદજીના દીકરી. તે શેરીયારના માતાજી. તે મરહુમો શેરુ ને નોશીરના બહેન. તે મોનાઝના બપઈ. તે પોરસ નોશીર માબેદજીના ફઈ. (ઉં. વ. ૯૭) રે. ઠે. ૧૧-સી સેઠ મીનાર, ૧૬-એ પેડર રોડ, કમબાલા હિલ, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૭-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે મેહલા પટેલ અગિયારીમાં.

નોશીર અરદેશીર બાતલીવાલા તે મરહુમ શેરુના ધની. તે મરહુમો ગલબઈ અરદેશીર બાતલીવાલાના દીકરા. તે અરદેશીર, ઝુબીન ને મરહુમ ખુરશેદના ભાઈ. તે વીસપીના સસરા. તે દાનેશ, ઝરવાન, હાવોવીના બપાવા. (ઉં. વ. ૯૨) રે. ઠે.ઃ એ-૧૦૦૧ ઉદકા કો.હા. સોસાટી લિમિટેડ, સિદ્ધાંત નગર, રામમંદિર આગલ સિગ્નલ, ગોરેગાંવ વે, મુંબઈ-૪૦૦૧૦૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૭-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે માલકમ બાગ અગિયારીમાં.

શેરનાઝ સાવકશા ભ્રોચા તે મરહુમો જર સાવક ભ્રોચાના દીકરી. તે મરહુમ ખુશરુના બહેન. તે ફરીદા મયુર થાકેરીયાના મામાની દીકરી. (ઉં. વ. ૮૨) રે. ઠે.ઃ ૨૨ સુરીયર કિરન, પાનગલી, કંબાલા હિલ હૉસ્પિટલ પાછળ, કેમ્પ્સ કોર્નર, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૭-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે મિઠાઈવાલા અગિયારીમાં છે.

પરવીન હોમયાર લોબાન તે હોમીયારના ધન્યાની. તે મરહુમો માનેકબાઈ સાવકશા એલાવીયાના દીકરી. તે બેપસી તથા મરહુમ મેહરનોશના બહેન. તે મરહુમ ધનના નરણ. તે બહેરામના સાલી. તે યઝદી બરજોર દાદાચાનજીના કઝીન. (ઉં. વ. ૬૯) રે. ઠે. સર આરસર બિલ્ડિંગ, રૂમ નં. ૪, મરઝબાન કોલોની, ગીલડર લેન, મુંબઈ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૭-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં. ૨માં ડુંગરવાડી.

સાયરસ સોહરાબ ગઝદર (ઉં.વ. ૭૧) ૧૫/૭/૨૦૨૬ના રોજ ગુજરી ગયા છે. એસ્ટિલિનના પતિ, મરહૂમો સોહરાબ અને પેરિન ગઝદરના દીકરા. નેવિલના પિતા. વેલેન્સિયાના સસરા. મિરેલીના ગ્રાન્ડફાધર. ઉઠમણું ૧૭/૭/૨૦૨૬ના. ઠે.ઃ રૂમ નં. ૯/૨, બીજે માળે, પામ લૅન્ડ્સ, માહિમ મોરી રોડ, માહિમ (વેસ્ટ), મું-૧૬.

# જૈન મરણ

પાટણ નિવાસી, કપૂર મહેતાના પાડાના હાલ મલાડ સ્વ. કલાબેન કિલાચંદ શાહના સુપુત્ર અશ્વિન કિલાચંદ શાહ (ઉં.વ. ૮૯) ૧૪ જુલાઈ, ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. દેવાંગ - વિકાસના પિતા. અવની-અલપાના સસરા. હિતાંશુના દાદા. સ્વ. ભગવતીબેન મહાસુખલાલ શાહના જમાઈ. નિવાસસ્થાનઃ બી/૫, સિદ્ધાર્થ કુટિર કો.ઓ. હાઉસીંગ સોસાયટી, મંછુભાઈ રોડ, મલાડ (ઈસ્ટ).

**ઝા. સ્થા. જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મંગળાબેન મફતલાલ ઝાંગડા (શાહ)ના પુત્રવધૂ તથા રાજનીકાંતના ધર્મપત્ની દક્ષાબેન (ઉં. વ. ૬૯) ૧૧/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દીપ્તિ તથા મિલનના માતુશ્રી. જીગર બિપીનચંદ્ર શાહના સાસુ. પિયરપક્ષે લાઠીવાળા સ્વ. જયાબેન રૂગનાથ દોશીના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી ખાખર હાલે દિલ્હી ના નૈનીલ તલકશી ગાલા (શાહ) (ઉં. વ. ૭૨) તા. ૧૩-૭-૨૬ ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. ચંદનબેન તલકશી ના સુપુત્ર. સ્મિતા ના પતિ. ફાગુન, બરખા ના પિતા. દેશલપુર ચંચલબેન નાગજી ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ફોન / વોટસએપ રૂબરૂતુલ્ય. નિ. એન. ટી. શાહ, શાહ ટીક ફાર્મ, ખેડ પાડા ખનોડા રોડ, ગોલવડ - ૪૦૧૭૦૨.

નાની તુંબડીના માતુશ્રી ભાનુમતી સુંદરજી (વેલજી) સાવલા (ઉં. વ. ૮૪) તા. ૧૫/૭ ના રોજ ટૂંકી માંદગીથી અરિહંત શરણ પામેલ છે. નેણબાઈ નરશી રવજીના પુત્રવધૂ. સુંદરજીના ધર્મપત્ની, ભાવના, રેખા, સંજય, ફાલ્ગુની, રૂપેશના માતુશ્રી, ના. ભાડિયા માતુશ્રી વેલબાઈ ભવાનજી ગોગરીના પુત્રી. હરખચંદ, કાંતિ, બેરાજાના મંજુલા વલભજી બિદડા જ્યોતિ શાંતિલાલના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રૂપેશ સાવલા, ૧૦૧, પાર્કવ્યુ, સેક્ટર નં. ૨૭, પ્લોટ નં. ૨૮, ૨૯, ખારઘર નવી મુંબઈ. ૪૧૦૨૧૦.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોટાલીલીયા નિવાસી (હાલ વસઈ) જીતેન્દ્ર જેચંદભાઈ વોરાના ધર્મપત્ની સુશીલાબેન વોરા (ઉં. વ. ૭૪) ૧૩-૭-૨૬, સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે અમનભાઈ, આનંદભાઈ અને ગ્રીષ્માબેનના માતુશ્રી. કૃણાલભાઈ, સીમાબેન અને અર્પિતાબેનના સાસુશ્રી. રુહી અને નવ્યાના દાદી. તે પીયર પક્ષે ચલાલા નિવાસી (હાલ પવઈ) સ્વ. પ્રાણલાલ ગીરધરલાલ લાધાણીના દીકરી અને જનકભાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રી. મૂર્તિપૂજક જૈન**

સાયલા નિવાસી હાલ ઘાટકોપર ભરતભાઈ અનિલભાઈ મહેતાના ધર્મપત્ની અ. સૌ. પ્રફુલ્લાબેન (ઉં. વ. ૭૧) ૧૫-૭-૨૬, બુધવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે દિલીપભાઈ, વિક્રમભાઈ, અશોકભાઈ અને સ્વ. યોગેનભાઈના નાનાભાઈના પત્ની. જીમીત-જીનલ- સીયા તથા સમીર- ભાવિશા- રીયાંશીના માતુશ્રી. પિયર પક્ષે પાળિયાદ નિવાસી સ્વ. મધુબેન જયંતિલાલ શીવલાલ શાહના પુત્રી. સ્વ. દિલીપભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, કિશોરભાઈ, જીતેન્દ્રભાઈ તથા જ્યોત્સનાબેન વિરેન્દ્રભાઈ શાહના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

અમરાપુર (ધાનાણી) નિવાસી હાલ અમેરિકા સ્વ. પ્રભાકુંવર હરીલાલ દેસાઈના સુપુત્ર પંકજ દેસાઈ (ઉં.વ. ૭૦) તે શૈલાબેનના પતિ. શૌધન અને કોમલના પિતાશ્રી. મેહુલકુમારના સસરાજી. શારદાબેન સ્વ. જયસુખલાલ, સ્વ. મહેન્દ્ર, સ્વ. ગિરીશ, સ્વ. મધુબેન અને દિનેશના નાના ભાઈ. મૂળી નિવાસી સ્વ. સુશીલાબેન હસમુખલાલ શાહના જમાઈ. ૪ જુલાઈ, ૨૦૨૬ના શનિવારના અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વાહનોના ધુમાડાનું પ્રદૂષણ ઘટાડવાની નવી નીતિનો પહેલી એપ્રિલથી અમલ થશે

નવી દિલ્હી: સરકારે વાહનોના ધુમાડામાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ ઘટાડવા માટેની નવી નીતિ - કોર્પોરેટ એવરેજ ફ્યુઅલ એફિસિયન્સી (સીએએફઇ-થ્રી) રેગ્યુલેશન્સનો અમલ ૨૦૨૭ની પહેલી એપ્રિલથી કરવા માટેનો મુસદ્દો જાહેર કર્યો છે અને ઊર્જા મંત્રાલયે વાહનોના ઉત્પાદકો અને સામાન્ય જનતા સહિતના સંબંધિત પક્ષકારો પાસેથી છ ઑગસ્ટ સુધીમાં આ બાબતમાં સૂચન મગાવ્યા છે.

ઊર્જા મંત્રાલયે સીએએફઇ-થ્રીને લગતા નિયમનો મુસદ્દો ગુરુવારે જાહેર કર્યો હતો. સીએએફઇ-ટૂ રેગ્યુલેશન્સની મુદત ૨૦૨૭ની ૩૧ માર્ચે પૂરી થતી હોવાથી ૨૦૨૭ની પહેલી એપ્રિલથી સીએએફઇ-થ્રીનો અમલ શરૂ કરાશે.

સીએએફઇ-થ્રીના બે તબક્કા રહેશે. જેમાં પ્રથમ તબક્કો ત્રણ વર્ષનો અને બીજો તબક્કો બે વર્ષનો રહેશે.

ભારતમાં ૨૦૨૭-૨૮થી ૨૦૩૧-૩૨ના સમયગાળામાં બનેલા કે દેશમાં વેચાણ માટે આયાત કરાયેલા જે એમ-વન કેટેગરીના પેસેન્જર વેહિકલ્સમાં ડ્રાઇવરની સીટ સાથે આઠ સીટ કરતાં વધુ સીટ નહિ હોય, તેને સૂચિત નવા નિયમ લાગુ પાડવામાં આવશે.

સૂચિત મુસદ્દામાં 'ફ્લીટ-એવરેજ ફ્યુઅલ કન્ઝમ્પશન ટાર્ગેટ્સ' ધીરે ધીરે વધુ કડક બનાવવાની દરખાસ્ત છે. તેમાં ૨૦૨૭-૨૮માં બૅન્ચમાર્ક ૧૦૦ કિલોમીટર દીઠ ૩.૯૯૬ લિટર (કિલોમીટર દીઠ ૯૪.૭૬ ગ્રામ કાર્બન ડાયોક્સાઇડ)થી ઘટાડીને ૨૦૩૧-૩૨ સુધીમાં ૧૦૦ કિલોમીટર દીઠ ૩.૩૨૭૩ લિટર (કિલોમીટર દીઠ ૭૮.૯૦ ગ્રામ કાર્બન ડાયોક્સાઇડ) કરવાનું સૂચન કરાયું છે. સરકારે વાહન ઉત્પાદકોને ઓછું ઈંધણ વાપરતા અને કાર્બન ડાયોક્સાઇડનું ઓછું પ્રદૂષણ ફેલાવતાં વાહનો બનાવવા માટે પૂરતો સમય આપ્યો હોવાનો દાવો કર્યો હતો. (એજન્સી)■

## અવકાશમાં ભારત રચશે નવો ઇતિહાસ, પ્રથમ પ્રાઈવેટ રોકેટ ૧૮ જુલાઈએ થશે લૉન્ચ

હૈદરાબાદ: હૈદરાબાદસ્થિત સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસ પોતાના પ્રથમ ઓર્બિટલ રોકેટ વિક્રમ-૧ને લૉન્ચ કરવાની તૈયારીમાં છે. તે ૧૮ જુલાઈના રોજ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. જો આ મિશન સફળ રહેશે તો પહેલી વાર બનશે જ્યારે ભારતીય પ્રાઈવેટ કંપનીએ બનાવેલું રોકેટ સેટેલાઈટને પૃથ્વીની ભ્રમણકક્ષામાં ઉપગ્રહ પહોંચાડશે. આ મિશનનું નામ 'આગમન' રાખવામાં આવ્યું છે.

વિક્રમ-૧ની પ્રથમ પરીક્ષણ ઉડાન ૧૮ જુલાઈના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે પ્રથમ લોન્ચ પેડ પરથી ઉડાન ભરશે. આ પહેલી વાર હશે જ્યારે કોઈ ખાનગી કંપની દ્વારા સંપૂર્ણપણે ડિઝાઇન અને વિકસિત કરવામાં આવેલું ઓર્બિટલ-ક્લાસ રોકેટ ભારતીય ભૂમિ પરથી ઉડાન ભરવાનો પ્રયાસ કરશે.

સ્કાયરૂટે ગુરુવારે એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સંબંધિત અધિકારીઓએ જરૂરી હવાઈ ક્ષેત્ર અને દરિયાઈ સૂચનાઓ જાહેર કરી છે, જેમાં લોન્ચના દિવસ માટે વિક્રમ-૧ના ઉડાન ભરવા અને રોકેટના કોરિડોર માટે પ્રતિબંધિત ઝોનને ઔપચારિક રીતે જાહેરાત કરી છે.

સ્કાયરૂટ એરોસ્પેના સહ-સ્થાપક અને સીઈઓ પવન કુમાર ચંદાનાએ જણાવ્યું હતું કે ''અમે જમીન પર વિક્રમ-૧ નું પરીક્ષણ કરવા માટે શક્ય તેટલું બધું કર્યું છે. ૧૮ જુલાઈના રોજ અમે જોવા માટે ઉત્સુક છીએ કે વિક્રમ-૧ પ્રથમ વખત વાસ્તવિક ઉડાનમાં કેવું પ્રદર્શન કરે છે. આ અમારી પ્રથમ પરીક્ષણ ઉડાન છે અને અમને તેમાંથી મૂલ્યવાન ડેટા મળશે. આ સ્કાયરૂટની લોન્ચ કેડન્સ સ્થાપિત કરવાની આકાંક્ષાઓનો પાયો હશે. અમે આને પૂર્ણ કરવા માટે ઉત્સાહિત છીએ.' ■

## અમરનાથ યાત્રીઓની બસમાં આગ: ૪૭નો ઉગારો

સુરેશ એસ ડુગ્ગર

જમ્મુ : રામવનના જિલ્લામાં કરુલની પાસે જમ્મુ-શ્રીનગર હાઈવે પર અમરનાથ યાત્રાથી પાછા આવી રહેલા ૪૭ શ્રદ્ધાળુનો ચમત્કારિક ઉગારો થયો હતો. તેમની બસમાં આગ લાગી હતી.

અધિકારીઓએ કહ્યું હતું કે અમરનાથના યાત્રીઓને લઈ જતી સ્લીપર બસ (આર જે ૨૭પી સી-૯૯૨૧) શ્રીનગરથી જમ્મુ જઈ રહી હતી ત્યારે હાઇવે પર આગ લાગી હતી.

ઘટના પછી પોલીસ , કેરીપુબ, આર્મી, એસડીઆરએફ ફાયર અને ઈમર્જન્સી સર્વિસીસની ટીમ અને સ્વયંસેવકો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવાનું ચાલુ કર્યું હતું. બસમાં આગ લાગે એ પહેલાં ડ્રાઈવર અને કન્ડકટર સહિત બધા ૪૭ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

અધિકારીઓ કહ્યું હતું કે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. આગ બુઝવવા વખતે ટ્રાફિકને રોકી દેવામાં આવ્યો હતો. આગ લાગવાના કારણની તપાસ થઈ રહી છે. ■

## ઇસરોમાંથી ૧૦૦થી વધુ વિજ્ઞાનીઓનાં રાજીનામાં

નવી દિલ્હી: ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન(ઇસરો)માં મોટી સંખ્યામાં રાજીનામાં આપવામાં આવ્યા હોવાના અહેવાલો છે. છેલ્લા કેટલાક મહિનામાં ઓછામાં ઓછા ૧૦૦ વૈજ્ઞાનિકોએ રાજીનામાં આપ્યાં છે. જેને પગલે કેન્દ્ર સરકારે હસ્તક્ષેપ કરવાની જરૂર પડી અને સ્વૈચ્છિક રાજીનામું અને નિવૃત્તિ અંગેના નિયમો કડક કર્યા છે. આ પગલું ખાસ કરીને ગગનયાન જેવા મહત્ત્વપૂર્ણ મિશન પર કામ કરતાં વૈજ્ઞાનિકો માટે લેવામાં આવ્યું છે.

મીડિયા અહેવાલ અનુસાર કેન્દ્ર સરકારે ઇસરો કેન્દ્રોને ગગનયાન અને અન્ય મહત્ત્વપૂર્ણ મિશન સાથે જોડાયેલા ગ્રૂપ-એના સાઇન્ટિફિક અને ટેક્નિકલ કર્મચારીઓના રાજીનામા અથવા સ્વૈચ્છિક નિવૃત્તિની વિનંતીઓનો સ્વીકાર નહીં કરવા નિર્દેશ આપ્યો છે. મેમોરેન્ડમમાં એમ પણ જણાવાયું છે કે રાજીનામા અને નિવૃત્તિની વિનંતીઓ હવે અવકાશ વિભાગને મોકલવામાં આવશે.

મીડિયા અહેવાલો અનુસાર કેન્દ્રનું આ પગલું લગભગ ૧૦૦ વૈજ્ઞાનિકોના રાજીનામા બાદ લેવામાં આવ્યું છે. જો કે અવકાશ વિભાગે નોકરી છોડનારાઓનો સત્તાવાર આંકડો જાહેર કર્યો નથી. પરંતુ અહેવાલો મુજબ ઇસરોના સૂત્રોએ જણાવ્યું કે તાજેતરના મહિનાઓમાં ૧૦૦થી ૧૨૦ વૈજ્ઞાનિકોએ રાજીનામા આપ્યા હશે. અહેવાલો અનુસાર કર્ણાટકના બેંગલુરુમાં યુઆર રાવ સેટેલાઇટ સેન્ટર(યુઆરએસસી)માંથી લગભગ ૮૦ વૈજ્ઞાનિકોએ નોકરી છોડી છે. જ્યારે કેરલમના તિરુવનંતપુરમમાં વિક્રમ સારાભાઇ સ્પેસ સેન્ટર(સીએસએસસી)માંથી લગભગ ૨૦ વૈજ્ઞાનિકોએ રાજીનામા આપ્યાના સમાચાર છે. સૂત્રોએ ૧૦૦ રાજીનામાની પુષ્ટિ કરી છે, પરંતુ આ આંકડો ૧૨૦ની આસપાસ હોઇ શકે છે.

ઇસરોના ચેરમેન વી. નારાયણને મોટી સંખ્યામાં રાજીનામાનો સ્વીકાર કરતાં જણાવ્યું કે હા ઘણા લોકો જાય છે, પરંતુ તે દરેક સંસ્થાનો ભાગ છે. આ પગલું(મેમોરેન્ડમ) માત્ર લોકોને ટકાવી રાખવા માટે નથી. પરંતુ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પર અચાનક કોઇ વિપરિત અસર ન પડે તેની ખાતરી કરવા અંગે છે. તેમ છતાં જો કોઇ જાય છે તો બીજું કોઇ જવાબદારી લેશે. અમે તેનું ધ્યાન રાખી રહ્યા છીએ. ■

## ગેરકાયદે બાંગ્લાદેશી-રોહિંગ્યા સામે ઇડીની ઝુંબેશ: ચાર રાજ્યમાં દરોડા

લખનઊ: રોહિંગ્યા અને બાંગ્લાદેશી નાગરિકોની ગેરકાયદેસર ઘૂસણખોરી, નકલી ભારતીય દસ્તાવેજો તૈયાર કરવા અને ભારતમાં તેમના કાયમી વસવાટ સંબંધિત મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) એ ગુરુવારે પશ્ચિમ બંગાળ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિત અનેક સ્થળોએ વ્યાપક દરોડા પાડ્યા હતા. આંતરરાષ્ટ્રીય સરહદ દ્વારા ગેરકાયદેસર ઘૂસણખોરી, નકલી આધાર, પૅન કાર્ડ અને પાસપોર્ટ બનાવવા અને વિદેશી ભંડોળની મદદથી ઘૂસણખોરોને દેશમાં સ્થાયી કરવાના આરોપસર એક સંગઠિત ગૅંગ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઇડીએ ગુરુવારે પશ્ચિમ બંગાળના સરહદી વિસ્તારો સહિત ચાર રાજ્યોમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય એજન્સી ખાસ કરીને એક સિન્ડિકેટની ગતિવિધિઓ પર નજર રાખી રહી છે જે એફસીઆરએ હેઠળ નોંધાયેલા જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યરત છે અને આ ટ્રસ્ટોને યુકેસ્થિત ચોક્કસ સંસ્થાઓ પાસેથી ભંડોળ પ્રાપ્ત થયું છે.

તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશના સહારનપુર (દેવબંધ), દિલ્હીના જામિયા નગર, હરિયાણાના બલ્લભગઢ (ફરીદાબાદ જિલ્લો) અને પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા, ઉત્તર ૨૪ પરગણા અને મુર્શિદાબાદમાં લગભગ ૧૩ સ્થળો પર એજન્સીના લખનઊ ઝોનલ ઓફિસ દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા.

ઇડીનો આ કેસ ઉત્તર પ્રદેશ એટીએસની એફઆઇઆર સાથે સંબંધિત છે. આ એફઆઇઆર એક એવા સંગઠિત સિન્ડિકેટ અંગે છે જે કથિત રીતે રોહિંગ્યા અને બાંગ્લાદેશી નાગરિકોને ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી કરવામાં, આધાર, પૅન અને પાસપોર્ટ જેવા બનાવટી ભારતીય ઓળખ દસ્તાવેજો બનાવવામાં અને દેશના વિવિધ ભાગોમાં તેમને વસવાટ કરાવવામાં મદદ કરવામાં સામેલ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે એટીએસની તપાસમાં નાણાકીય નેટવર્કનો ખુલાસો થયો છે જેમાં કેટલાક ચેરિટેબલ ટ્રસ્ટ અને સંસ્થાઓ કથિત રીતે નોંધપાત્ર વિદેશી યોગદાન મેળવે છે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સરળ બનાવવા માટે તેને વિવિધ બેન્ક ખાતાઓ, મ્યૂલ ખાતાઓ અને અનેક સ્તરે નાણાની હેરાફેરી કરતા હતા. ઇડીને શંકા છે કે ભારતમાં સ્થાયી થવા માટે શંકાસ્પદ વ્યક્તિઓને ૬,૦૦૦, ૮,૦૦૦ અને ૧૦,૦૦૦ રૂપિયાના નાના હપ્તામાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. પશ્ચિમ બંગાળના કેટલાક સરહદી જિલ્લાઓમાં ઇડીને શંકા છે કે, એક જૂથ ગેરકાયદે રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓને ભારતમાં ઘૂસણખોરી કરવામાં મદદ કરી રહ્યું હતું. આ ગેરકાયદે ઘૂસણખોરો માટે બધા દસ્તાવેજો તૈયાર કરવા માટે અન્ય એક જૂથ જવાબદાર હતું અને પછી તેમને આજીવિકાની શોધમાં અથવા અન્ય હેતુઓ માટે ભારતના અન્ય ભાગોમાં મોકલવામાં આવતા હતા. ■

## મદરેસાઓને વિદેશી ભંડોળ: બંગાળમાં યુપી એટીએસ ત્રાટકી

કોલકાતા: ઉત્તર પ્રદેશ આતંકવાદ વિરોધી ટુકડી(એટીએસ)એ ગુરુવારે પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં મદરેસા સ્થાપવા માટે વિદેશી ભંડોળના આરોપોના સંદર્ભમાં એક ટીએમસી નેતાના ઘરે દરોડા પાડ્યા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.


પશ્ચિમ બંગાળ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે એટીએસએ હસનાબાદના રામેશ્વરપુર વિસ્તારમાં અબ્દુલ્લા ગાઝીના ઘરે દરોડા પાડયા હતા. તેમજ સ્થાનિક તૃણમૂલ કોંગ્રેસના નેતાની પણ પૂછપરછ કરી હતી. તેમણે જણાવ્યું કે પશ્ચિમ બંગાળમાં ઘણાં સ્થળોએ પણ આ પ્રકારની તપાસ ચાલી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ(ઇડી)ના અધિકારીઓ પણ તપાસમાં મદદ કરી રહ્યા છે. ગાઝીના ઘર પર દરોડો કેન્દ્રીય દળોની સુરક્ષા હેઠળ પાડવામાં આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું કે એટીએસએ રામેશ્વરપુરમાં મદરેસા બનાવવા માટે ટીએમસી નેતા સાથે સંકળાયેલા ખાતાઓમાં વિદેશથી મોટી રકમ ટ્રાન્સફર કરવામાં આવી હોવાના આરોપો બાદ આ કાર્યવાહી કરી હતી. તેમણે કહ્યું કે એજન્સી ભંડોળના સ્રોત, નાણાકીય વ્યવહારો અને સંબંધિત દસ્તાવેજોની તપાસ કરી રહી છે.

એક અધિકારીએ જણાવ્યું કે તેઓ નાણાકીય પગેરું, ભંડોળના સ્રોત અને ક્યા ઉદ્દેશ્ય માટે પૈસા મળ્યા હતા તેની તપાસ કરી રહ્યા છે. તપાસ એક મહત્ત્વપૂર્ણ તબક્કામાં છે અને આગળની કાર્યવાહી એકત્રિત કરવામાં આવેલા પુરાવાઓ પર આધારિત રહેશે. ઉત્તર પ્રદેશ એટીએસએ ગાઝીની બે વર્ષ પહેલાં આવા જ એક કેસમાં ધરપકડ કરી હતી. આ કેસની તપાસ હજુ પણ ચાલી રહી છે.

સૂત્રએ જણાવ્યું કે અધિકારીઓ હવે તપાસ દરમિયાન મળેલી નવી માહિતીની તપાસ કરી રહ્યા છે. આ ઓપરેશન અંગે એટીએસએ હજુ સુધી કોઇ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. તપાસ દરમિયાન સ્થાનિક પોલીસ અને વહીવટી અધિકારીઓ પણ સ્થળો પર હાજર હતા. ■





CARATLANE A TATA PRODUCT
FLAT 100% Off On Making Charges of All Diamond Designs
Offer ends on 19th July

# અમદાવાદની રથયાત્રામાં ભક્તિના ભાવથી લઈને કોમી એકતાની સોડમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અષાઢી બીજના પાવન પર્વે જગન્નાથ પૂરીમાં યોજાતી વિશ્વપ્રસિદ્ધ રથયાત્રા બાદની દેશની બીજા નંબરની સૌથી મોટી અમદાવાદની ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા ધામધૂમ, ભક્તિમય માહોલ અને રંગેચંગે સંપન્ન થઈ હતી. રથયાત્રાની સાથે સાથે જોડાયેલી અમુક ઘટનાઓ પણ ધ્યાન ખેંચે તેવી હતી.

## ભૂપેન્દ્ર પટેલે સતત પાંચમી વખત પહિંદ વિધિ કરી

અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજી અને તેમના રથનું પૂજન-અર્ચન કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે સતત પાંચમી વખત ભગવાનના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. ત્યાર બાદ તેઓ ભગવાનના મુખ્ય રથને નગરયાત્રા માટે મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા.

## ભગવાનને ગાર્ડ ઓફ ઓનર અપાયું

ભગવાન જગન્નાથજીની રથયાત્રાના પ્રારંભે ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને મંદિર પરિસરમાં રાસની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. રથયાત્રાનો જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરથી પ્રારંભ થયો હતો, જ્યાં રથને ભવ્ય શણગાર સાથે શોભાયાત્રામાં લઈ જવામાં આવ્યા હતા. રસ્તાઓ પર ઉભરાતી ભીડમાં ભક્તોની ભક્તિ અને ઉત્સાહ સ્પષ્ટ નજરે દેખાયો હતો.

## સ્વચ્છ અમદાવાદનો સંદેશ

રથયાત્રામાં અનેક ટ્રકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા, જેમાં સામાજિક જાગૃતિ, અમેરિકા યુદ્ધ, સ્વચ્છતા સહિતની બાબતોના સંદેશ આપતા અને શણગારેલા ટ્રકનું લોકોમાં આકર્ષણ જોવા મળ્યું હતું. રથયાત્રામાં સ્વચ્છતાનો સંદેશ ફેલાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા જનજાગૃતિ માટે ટેબ્લો અને ચાર રંગની કચરાપેટીના મેસ્કોટ રાખવામાં આવ્યા હતા.

## મુખ્ય પ્રધાને રથયાત્રાનું રિયલ ટાઈમ મોનિટરિંગ કર્યું

રથયાત્રાની સુરક્ષા માટે સરકારે પણ દિવસ રાત એક કરી દીધા હતા. ત્યારે રથયાત્રાને નગરચર્યા માટે પ્રસ્થાન કરાવ્યા બાદ મુખ્ય પ્રધાને ગાંધીનગર ખાતે સીએમ ડેશબોર્ડની વીડિયો વોલ પરથી રથયાત્રાના રૂટનું રિયલ ટાઇમ મોનિટરિંગ કર્યું હતું. જેમાં તેમણે રથના લોકેશન, પોલીસ દ્વારા એ.આઈ. અને ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી કરવામાં આવી રહેલી રથયાત્રાની નિગરાની અને સલામતી વ્યવસ્થાની તલસ્પર્શી જાણકારી મેળવી હતી. રથયાત્રાની લોખંડી સુરક્ષા માટે સમગ્ર રૂટને ૨૬ રેન્જ, ૫૩ એરિયા અને ૧૩૯૭ પોઈન્ટ્સમાં વહેંચીને ૧૦ આઇજી/ડીઆઇજી, ૪૨ ડીસીપી, ૮૮ એસીપી અધિકારીઓ સહિત ૩૦,૦૦૦ થી વધુ પોલીસ જવાનો, ૧૫ એસઆરપીએફ અને નવ સેન્ટ્રલ પેરામિલીટરી ફોર્સની કંપનીઓ તહેનાત કરવામાં આવી હતી.

## ગરમીથી રાહત માટે પાણીનો છંટકાવ

જુલાઇ મહિનાની ગરમીને કારણે શ્રદ્ધાળુઓને રાહત આપવા માટે પણ તંત્ર દ્વારા વિશેષ સુવિધા કરી હતી. અમદાવાદ મહાનગર પાલિકાના ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગ દ્વારા થોડા થોડા અંતરે પાણીનો છંટકાવ કરીને રસ્તાઓને ઠંડા રાખવાની કામગીરી કરવામાં આવી હતી. પાણીના ઝીણા ફુવારા છોડીને વાતાવરણમાં ઠંડક પ્રસરાવતી હતી

## કોમી એકતાનાં દર્શન

સમગ્ર રથયાત્રાનું આયોજન કોમી એખલાસનું પ્રતીક બની રહે તે માટે સામાજિક આગેવાનોએ પહેલ કરી હતી. સમગ્ર રૂટના અતિ સંવેદનશીલ ગણાતા દરિયાપુર વિસ્તારમાં ભગવાનના દર્શનનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. દરિયાપુરમાં મુસ્લિમ સમાજના આગેવાનોએ ભગવાનના રથનું સ્વાગત કર્યું હતું. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસ મહારાજને હાર અને શાલ ઓઢાડીને આવકાર્યા હતા. તે ઉપરાંત કોમી એકતા અને શાંતિનો સંદેશ આપવા માટે મહંત દિલીપદાસજી અને મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા કબૂતર ઉડાડવામાં આવ્યાં હતાં. રથયાત્રા દરમિયાન અઝાન કરવામાં આવી રહી હતી તે દરમિયાન રથયાત્રાના સ્પીકર બંધ કરીને પણ સામાજિક એકતા જાળવી રાખવાની પહેલ કરી હતી.

## ગૃહ પ્રધાન અને પોલીસ વડાએ દર્શન કર્યાં

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ રથયાત્રાનો લહાવો લેવા પહોંચ્યા હતા. તેઓ પ્રેમ દરવાજા ખાતે પહોંચ્યા હતા અને ત્યાંથી ચાલીને દરિયાપુર સુધી પહોંચ્યા હતા. પોલીસ વિભાગ પણ રથયાત્રા ઉલ્લાસપૂર્વક યોજાઇ તે માટે સતત કાર્યરત હતો અને રાજ્ય પોલીસ વડા અને પોલીસ કમિશનરે દરિયાપુર તંબુ ચોકી ખાતે ઉપસ્થિત રહીને રથયાત્રા નિહાળી હતી. રથયાત્રા જ્યારે દરિયાપુર પહોંચી હતી તે સમયે અમીછાંટણા થયા હતા.

## સરસપુરમાં ભગવાનનું મામેરું ભરાયું

રથયાત્રાનો જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરથી પ્રારંભ થયો હતો, જ્યાં રથને ભવ્ય શણગાર સાથે શોભાયાત્રામાં લઈ જવામાં આવ્યા હતા. રસ્તાઓ પર ઉભરાતી ભીડમાં ભક્તોની ભક્તિ અને ઉત્સાહ સ્પષ્ટ નજરે દેખાયો હતો. મંદિરથી રવાના થયા બાદ ત્રણેય રથ સરસપુર મોસાળમાં પહોંચ્યા હતા, જ્યાં પરંપરા મુજબ ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી અને બલભદ્રનું શ્રદ્ધાપૂર્વક ભવ્ય મામેરું ભરવામાં આવ્યું હતું અને ભગવાનના મામેરાના દિવ્ય પ્રસંગને નિહાળવા હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ત્યારબાદ ત્યાંથી ભગવાનના રથ શાહપુર, દિલ્હી દરવાજા, ઘીકાંટા તરફ આગળ વધ્યા હતા. આ દરમિયાન પણ હજારો શ્રદ્ધાળુઓએ પ્રભુના દર્શનનો લાભ લીધો હતો.

## ૪૦ જેટલા ઈમર્જન્સી કેસ

મળતી વિગતો અનુસાર, રથયાત્રા દરમિયાન અંદાજે ૪૦થી પણ વધારે ઇમરજન્સી કેસ નોંધાયા હતા. જેમાં પ્રાથમિક સારવાર, બેભાન થવાના, પેટમાં દુખાવા, માર્ગ અકસ્માત, શ્વાસ લેવામાં તકલીફ, ડિહાઈડ્રેશન સહિતના ૪૧ જેટલા કેસ નોંધાયા હતા. આ દરમિયાન પ્રેમ દરવાજા નજીક સામાન્ય તકરારની ઘટના ઘટી હતી. જેમાં મહિલાઓએ એક યુવકને પકડીને માર માર્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા.









# અષાઢી બીજે મેઘરાજાએ માત્ર શુકન સાચવ્યાં, અમદાવાદમાં અમુક વિસ્તારોમાં ઝાપટાં

જેની કાગડોળે રાહ જોવાઈ રહી છે તે મેઘરાજા અષાઢી બીજે શકન સાચવવા પૂરતા વરસ્યા હતા. રાજ્યના ૯૩ તાલુકામાં ગુરુવારે વરસાદ નોંધાયો હતો. જોકે બે-ચાર તાલુકાના બાદ કરતા માત્ર હાજરી પૂરતો વરસાદ નોંધાયો હતો.

ગુરુવારે સાંજે છ વાગ્યા સુધીમાં સુરતના કામરેજમાં ૧.૮૭ ઇંચ, કચ્છના રાપરમાં ૧.૬૯ ઇંચ, સુરતના માંગરોળ અને બારડોલીમાં ૧.૫ ઇંચ, રાજકોટના પડધરીમાં ૧ ઇંચ વરસાદ નોંધાયો હતો.

સૌરાષ્ટ્રના ગીર-સોમનાથમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. જામનગરના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જોકે વરસાદની જે પ્રમાણે ઘટ છે તે અનુસાર વરસાદ પડી રહ્યો નથી, તે તંત્ર, ખેડૂતો અને સામાન્ય જનતા માટે ચિંતાનો વિષય છે.

રાજ્યમાં જુલાઈ મહિનાના પહેલા અઠવાડિયામાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં વરસાદ વરસ્યો તે બાદ લગભગ વાતાવરણ સૂકું રહ્યું છે. આગામી પાંચ-છ દિવસ દરમિયાન પણ રાજ્યમાં છુટાછવાયા ઝાપટાં પડશે, તેવું હવામાન વિભાગે જણાવ્યું હતું.

દરમિયાન અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી, ભુજમાં ૩૬, વડોદરામાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મળેલા અહેવાલો અનુસાર અમદાવાદ પશ્ચિમના અમુક વિસ્તારોમાં સામાન્ય એવો વરસાદ વરસ્યો હતો.

# કચ્છમાં રેલવે લાઈનનો ઓવરહેડ વાયર તૂટતાં કુકમા પાસે નમો ભારત રેપિડ રેલ અને સયાજીનગરી એક્સપ્રેસ કલાકો સુધી અટવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રેલવે મંત્રાલય દ્વારા દેશભરમાં રેલ લાઈનોના ૧૦૦ ટકા વિદ્યુતીકરણ (ઇલેક્ટ્રિફિકેશન) કરવાના લક્ષ્યાંક અંતર્ગત કચ્છમાં સામખિયાળીથી નલિયા સુધીની લાઈન સદંતર ઈલેક્ટ્રિક કરી દેવામાં આવી છે અને તમામ ટ્રેનો ઈલેક્ટ્રિક એન્જિનથી જ દોડી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે ગત મંગળવારની રાત્રે કુકમા નજીક ઓવરહેડ ઇલેક્ટ્રિક કેબલમાં અચાનક ટેકનિકલ ખામી (બ્રેકડાઉન) સર્જાતાં રેલ વ્યવહાર ખોરવાયો હતો. જેને કારણે બે મહત્ત્વપૂર્ણ ટ્રેનો કલાકો સુધી ગીચ જંગલ વચ્ચે અટવાઈ પડતાં મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. અંતે રેલવે તંત્ર દ્વારા કટોકટીના ભાગરૂપે કુકમાથી ડીઝલ એન્જિન જોડીને ટ્રેનોને આગળ રવાના કરવામાં આવી હતી.

ઘટનાની વિગતો મુજબ, ભુજ આવી રહેલી 'નમો ભારત રેપિડ રેલ' રાત્રે ૧૦:૪૫ કલાકે કુકમા સ્ટેશન નજીક પહોંચી ત્યારે ઓવરહેડ વાયરમાં ફોલ્ટ થવાના કારણે અચાનક જોરદાર ઝાટકા સાથે થંભી ગઈ હતી. ચાલુ ટ્રેને અચાનક બ્રેક વાગતાં પ્રવાસીઓમાં ક્ષણભર માટે ગભરાટ અને નાસભાગનો માહોલ સર્જાયો હતો. ટ્રેન ઊભી રહી જવાની સાથે જ એસી અને લાઈટો સંપૂર્ણપણે બંધ થઈ જતાં ઉકળાટના કારણે પ્રવાસીઓ અકળાઈ ઊઠ્યા હતા અને શ્વાસ લેવામાં તકલીફ ન પડે તે માટે નાછૂટકે ટ્રેનના દરવાજા ખુલ્લા રાખવાની ફરજ પડી હતી. એકતરફ વરસતો વરસાદ અને બીજી તરફ ઘનઘોર અંધારા વચ્ચે કલાકો સુધી ટ્રેન અટવાઈ રહેતાં નાનાં બાળકો અને વયસ્ક પ્રવાસીઓની હાલત અત્યંત કફોડી બની ગઈ હતી. મુસાફરોનો આક્ષેપ છે કે રેલવે પ્રશાસન દ્વારા તેમને સાચી પરિસ્થિતિની કોઈ માહિતી સમયસર આપવામાં આવી ન હતી.

આ જ ટેકનિકલ ખામીના કારણે ભુજથી મુંબઈ (દાદર) જતી 'સયાજીનગરી એક્સપ્રેસ' પણ કુકમા નજીક અટવાઈ પડી હતી. આ ટ્રેન ગાંધીધામ રેલવે સ્ટેશને બે કલાક કરતાં વધુ સમય મોડી પહોંચી હતી, જેના કારણે અંજાર, આદિપુર, ગાંધીધામ, ભચાઉ અને સામખિયાળી સહિતનાં સ્ટેશનો પર મધરાત સુધી ટ્રેનની રાહ જોઈને બેઠેલા સેંકડો મુસાફરો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા.

રેલવેના ટેકનિકલ સ્ટાફ દ્વારા ઓવરહેડ કેબલનું સમારકામ તાત્કાલિક શરૂ કરાયું હતું, પરંતુ તેમાં ઘણો લાંબો સમય લાગે તેમ હોવાથી અંતે કંટ્રોલ રૂમ દ્વારા બંને ટ્રેનોને ટેમ્પરરી ડીઝલ એન્જિન જોડીને રવાના કરવાનો નિર્ણય લેવાયો હતો. પ્રથમ સયાજીનગરી એક્સપ્રેસને ડીઝલ એન્જિન જોડી ગાંધીધામ તરફ રવાના કરાઈ હતી.

જો કે, અત્યાધુનિક નમો ભારત (રેપિડ રેલ) ટ્રેનની ડિઝાઈન મુજબ તેમાં સામાન્ય રીતે ડીઝલ એન્જિન સીધું જોડી શકાય તેવી કપ્લિંગ વ્યવસ્થા હોતી નથી. જેથી રેલવે એન્જિનિયરોએ કટોકટીની સ્થિતિમાં નમો ભારત ટ્રેનનું આગળનું ફાઈબર કવર ખોલી/તોડીને માંડ-માંડ ડીઝલ એન્જિન કનેક્ટ કર્યું હતું અને મધરાત્રે ટ્રેનને ભુજ સ્ટેશને લાવવામાં આવી હતી. આ અકસ્માત અને વીજ ફોલ્ટની અસરના પગલે આજે સવારે પણ ભુજ રેલવે સ્ટેશનથી નમો ભારત ટ્રેન પોતાના નિયત સમય કરતાં એક કલાક મોડી રવાના થઈ હોવાનું રેલવે સૂત્રોએ જણાવ્યું છે.

# અષાઢી બીજે કચ્છની ધરા ધ્રૂજીઃ ત્રણ મિનિટમાં ભૂકંપના બે આંચકાથી ફફડાટ

### ખાવડામાં ૩.૬ અને ધોળાવીરામાં ૩.૨ની તીવ્રતાના આંચકા નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભૌગોલિક દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ સિસ્મિક ઝોન-૬માં સમાવાયેલા રણપ્રદેશ કચ્છ જિલ્લામાં અષાઢી બીજના મહાપર્વની ઉજવણી વચ્ચે આજે ગુરુવારે બપોરે ભૂકંપના બે ઉપરાઉપરી આંચકા અનુભવાયા હતા. માત્ર ત્રણ મિનિટના ટૂંકા ગાળામાં સરહદી પંથકની ધરા ધ્રૂજી ઉઠતાં સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. રિક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા અનુક્રમે ૩.૬ અને ૩.૨ નોંધાઈ હતી.

ગાંધીનગરસ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ભૂકંપનો પ્રથમ આંચકો બપોરે ૨:૨૦ કલાકે ખાવડાથી નજીક નોંધાયો હતો, જેની તીવ્રતા ૩.૬ની હતી. ત્યારબાદ બરાબર ત્રણ મિનિટ બાદ, એટલે કે બપોરે ૨:૨૩ કલાકે વૈશ્વિક વિરાસત ધરાવતી ઐતિહાસિક સાઇટ ધોળાવીરા અને તેની આસપાસના વિસ્તારોમાં ૩.૨ની તીવ્રતાનો બીજો આંચકો અનુભવાયો હતો.

કચ્છી નૂતન વર્ષના સપરમા તહેવારના દિવસે જ ઉપરાઉપરી ભૂકંપના બે આંચકા આવતા સરહદી વિસ્તારના રણકાંઠાના ગામોમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

ભૂસ્તરશાસ્ત્રીઓના મતે કચ્છનો આ વિસ્તાર ફોલ્ટ લાઇન પર આવેલો હોવાથી અહીં અવારનવાર નાના-મોટા આંચકા આવતા રહે છે, જે પૃથ્વીના પેટાળમાં થતી હલચલનો સામાન્ય ભાગ છે. આ પ્રકારના નાના આંચકા જમીનની અંદર એકત્ર થતી રહેતી ઊર્જાને મુક્ત કરવામાં મદદરૂપ સાબિત થાય છે, જે મોટા ભૂકંપની સંભાવનાને ઘટાડે છે.

# માત્ર ૫૦૦૦ રૂપિયા માટે પડોશીએ મહિલાને જીવતી સળગાવી, બે બાળકે માતા ગુમાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજના મોંઘવારીના યુગમાં ૫૦૦૦ રૂપિયાની ખાસ કિંમત નથી, પરંતુ પાલનપુરમાં એક ગરીબ પરિવારની મહિલાએ ૫૦૦૦ રૂપિયા માટે જિંદગી ગુમાવવી પડી હતી અને તેનાં બે બાળક માતા વિનાના થઈ ગયાં હતાં.

ઘટનાની મળતી વિગતો અનુસાર પાલનપુરમાં રહેતી ૩૫ વર્ષીય પિંકી પટણી ફળ અને શાકભાજી વેચી બે સંતાનનું ગુજરાન ચલાવતી હતી. પૈસાની જરૂર ઊભી થતા તેણે એકાદ મહિના પહેલા પડોશી બાબુ રાવલ પાસેથી રૂ. ૫૦૦૦ ઉછીના લીધા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રાવલ વારંવાર વ્યાજ સહિત પૈસા પરત કરવાનું કહી રહ્યો હતો. જોકે મૃતકે પૈસા ન હોવાથી થોડા વધુ દિવસો માગ્યા હતા. રવિવારે પિંકી અન્ય એક પાડોશી સાથે આ ચુકવણી અંગે વાતચીત કરતી હતી ત્યારે બાબુ ત્યાં આવ્યો હતો અને તેની સાથે કોઈ જ્વલનશીલ પદાર્થ ભરેલું વાસણ હતું. બાબુ સાથે દલીલ થતાં તેણે આ પ્રવાહી મહિલા પર રેડી દીધું હતું અને આગ લગાવી દીધી હતી.

મહિલા આગની જ્વાળાઓ સાથે રસ્તા પર દોડી હતી. આસપાસના લોકોએ ૧૦૮ બોલાવી તેને ધારપુર સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. પોલીસ પણ હોસ્પિટલ પહોંચી હતી અને તેણે મહિલાનું નિવેદન (ડાઈંગ ડિક્લેરેશન) લીધું હતું. જોકે તેની હાલત ખરાબ થતા તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, અહીં તેનું મોત નિપજ્યું હતું.

બાબુ રાવલ પણ ૪૦ ટકા દાઝી ગયો હતો અને તે ધારપુર હોસ્પિટલમાં પોલીસની દેખરેખ નીચે સારવાર લઈ રહ્યો છે. આ ઘટના પાછળ માત્ર રૂ. ૫૦૦૦ જવાબદાર છે કે અન્ય કોઈ કારણ છે તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. જોકે આ ઘટનામાં બે સંતાને માતા ગુમાવી છે.

# ગુજરાતમાં અષાઢ મહિને ખેડા જિલ્લામાં જળસંગ્રહ શૂન્ય ટકા પર પહોંચતા ખેડૂતોમાં ચિંતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદનું ઘર કહેવાતા અષાઢ મહિનાનો આરંભ થઈ ગયો છે ત્યારે આ વર્ષે રાજ્યના સરેરાશ ૨૫.૧૦ ટકા વરસાદ નોંધાયો છે જેમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૩૫.૨૯ ટકા, પૂર્વ ગુજરાતમાં ૧૭.૮૩ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૪.૩૯ ટકા અને ઉત્તર ગુજરાતમાં સિઝનનો માત્ર ૧૪.૩૯ ટકા વરસાદ પડ્યો છે. અત્યારની સ્થિતિએ પાણીનો સંગ્રહ સરેરાશ ૫૦.૨૪ ટકા સુધી પહોંચ્યો છે. રાજ્યના ૨૦૭ ડેમોમાંથી મુખ્ય સરદાર સરોવર ડેમ સહિત પાંચ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. એકંદરે જોઈએ તો, રાજ્યભરના જળાશયોમાં હાલમાં ૧૨૬૮૯.૮૭ એમસીએમ જેટલો કુલ પાણીનો જથ્થો સંગ્રહિત થયેલો છે, જે ચોમાસાની ચાલુ સ્થિતિનું ચિત્ર સ્પષ્ટ કરે છે. ઉત્તર ગુજરાતના ૧૫ ડેમની વાત કરીએ તો ત્યાં સંગ્રહ ક્ષમતા ૩૯.૧૯ ટકા છે, જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૪૦.૭૬ ટકા પાણી ભરાયેલું છે. આ ઉપરાંત, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં પાણીનો સંગ્રહ ૪૮.૦૫ ટકા નોંધાયો છે. જળાશયોની સુરક્ષાના ભાગરૂપે, વિવિધ ડેમો પર ચેતવણીના સ્તર પણ જાહેર કરવામાં આવ્યા છે. હાલમાં ૧૨ ડેમો 'હાઈ એલર્ટ' પર છે, જે દર્શાવે છે કે આ ડેમો ૯૦ ટકાથી વધુ ભરાયેલા છે. આ ઉપરાંત બે ડેમ 'એલર્ટ' પર અને ૧૧ ડેમ 'ચેતવણી'ના સ્તર પર છે. વરસાદની સ્થિતિ જોતા, છેલ્લા ૨૭ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના ઉકાઈ ડેમ વિસ્તારમાં ૩૦ મિમી અને પીગુત ડેમમાં ૨૮ મિમી જેટલો વરસાદ નોંધાયો છે. જુદા જુદા જિલ્લાના જળાશયોના જળસંગ્રહના આંકડાઓ જોઈએ તો અરવલ્લીમાં ૪૪.૦૬ ટકા, બનાસકાંઠામાં ૧૮.૯૦ ટકા, મહેસાણામાં ૪૧.૫૬ ટકા, સાબરકાંઠામાં ૩૭.૫૮ ટકા, છોટા ઉદેપુરમાં ૬૯.૫૧ ટકા, દાહોદમાં ૪૧.૫૬ ટકા, મહીસાગરમાં ૪૨.૯૦ ટકા, પંચમહાલમાં ૪૭.૫૦ ટકા, ભરૂચમાં ૩૬.૫૫ ટકા, નર્મદામાં ૪૨.૮૦ ટકા, નવસારીમાં ૯.૬૨ ટકા, સુરતમાં ૩૧.૦૮ ટકા, તાપીમાં ૩૪.૧૮ ટકા, વલસાડમાં ૪૦.૯૩ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે.

# સીઆરએસે કટોસણ રોડ-રણુજ બ્રોડગેજ રેલવે સેક્શન પર યાત્રી ટ્રેન સેવાઓને આપી મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માટે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ તરીકે કટોસણ રોડ-રણુજ બ્રોડગેજ રેલવે સેક્શન પર યાત્રી રેલવે સેવાઓ સેટ કરવા માટે સંરક્ષા મંજૂરી મળી ગઈ છે.

આ નવ-પરિવર્તિત બ્રોડગેજ રેલવે સેક્શન કટોસણ રોડ-રણુજ ગેજ પરિવર્તન પરિયોજના (મીટર ગેજથી બ્રોડ ગેજ) નો એક ભાગ છે, આ પ્રોજેક્ટની લંબાઈ લગભગ ૬૩ કિમી છે. આ પરિયોજના પૂર્ણ થવાથી આ વિસ્તારના લોકોને સુરક્ષિત, ઝડપી અને આધુનિક રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. રેલવે સંરક્ષા કમિશનર દ્વારા આ રેલવે સેક્શનનું ૯, ૧૦ અને ૧૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નિરીક્ષણ દરમિયાન રેલવે પ્રશાસન દ્વારા રજૂ કરાયેલા તમામ સુરક્ષા પ્રમાણપત્રો, ટેકનિકલ દસ્તાવેજો અને જરૂરી રેકોર્ડ્સની તપાસ કરવામાં આવી. તમામ નિર્ધારિત ધોરણો અને કાનૂની જરૂરિયાતોને અનુરૂપ હોવાનું જણાતા, રેલવે સંરક્ષા કમિશનરે આ રેલવે સેક્શન પર જાહેર યાત્રી સેવાઓ ચલાવવાની મંજૂરી આપી હતી. મંજૂરી મુજબ મુખ્ય રેલવે લાઇન પર ટ્રેનોની મહત્તમ સેક્શનલ ગતિ ૯૦ કિલોમીટર પ્રતિ કલાક નિર્ધારિત કરવામાં આવી છે. લેવલ ક્રોસિંગ ગેટ નંબર ૯૯અ પર હંગામી રૂપે ૬૦ કિલોમીટર પ્રતિ કલાક અને લૂપ લાઇનો પર ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની ગતિમર્યાદા લાગુ રહેશે.




# મેસીના મહારથીઓ ચમત્કારિક કમબૅક સાથે ફાઈનલમાં

### ▶ ઈંગ્લૅન્ડ સ્તબ્ધઃ રવિવારે મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યાથી સ્પેન-આર્જેન્ટિના વચ્ચે નિર્ણાયક જંગ

ઍટલાન્ટાઃ લિયોનેલ મેસીના નેતૃત્વમાં બુધવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને મુકાબલાઓમાં કમબૅક માટે પ્રખ્યાત આર્જેન્ટિનાએ ફિફા વર્લ્ડ કપમાં ફરી એક ચમત્કારિક પર્ફોર્મન્સ સાથે ૧૯૬૬ના વિજેતા ઇંગ્લૅન્ડને સેમિ ફાઇનલમાં ૨-૧થી ઓચિંતી પછડાટ આપીને સતત બીજી વખત ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. ન્યૂ યૉર્કના ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રવિવારે (ભારતીય સમય અનુસાર મધરાત બાદ ૧૨.૩૦ વાગ્યાથી) આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે ફાઈનલ જંગ ખેલાશે.





### છેલ્લી ક્ષણ સુધીનો સુપર-ડુપર શૉ

પહેલી સેકન્ડથી છેક સુધી રોચક બનેલી આ સેમિ ફાઇનલમાં બંને ટીમે અભૂતપૂર્વ આક્રમકતા સાથે એકબીજા પર અંકુશ મેળવવાની કોશિશ કરી હતી. ફર્સ્ટ હાફમાં હરીફ ખેલાડીઓને નીચે પાડવાના અનેક સફળ-નિષ્ફળ પ્રયાસો થયા હતા. પંચાવનમી મિનિટ સુધી બંને ટીમ ૦-૦ની બરાબરીમાં હતી. પંચાવનમી મિનિટમાં ઍન્થની ગોર્ડને ગોલ કરીને ઇંગ્લૅન્ડને ૧-૦ની સરસાઈ અપાવી હતી.

### અંતની પાંચ મિનિટ પહેલાં બાજી પલટાઈ

ઇંગ્લૅન્ડનું એ પ્રભુત્વ ૮૫મી મિનિટ સુધી ચાલ્યું હતું, મૅચનો મુખ્ય ૯૦ મિનિટનો સમય પૂરો થવાને માંડ પાંચ મિનિટ બાકી હતી ત્યારે મેસીના મહારથીઓએ હલ્લો બોલાવવાની આખરી શરૂઆત કરી દીધી હતી. મૅજિકલ પર્ફોર્મન્સ માટે જગવિખ્યાત લિયોનેલ મેસીના વારાફરતી બે આસિસ્ટને આર્જેન્ટિનાના બે સાથી ખેલાડીઓએ ગોલમાં પરિવર્તિત કરીને આર્જેન્ટિના માટે ચમત્કાર સર્જી દીધો હતો. ઇંગ્લૅન્ડના હાથમાં આવી રહેલી બાજી આર્જેન્ટિનાએ ઓચિંતી છીનવી લીધી હતી.

### મેસીના બે આસિસ્ટથી વિજય

૮૫મી મિનિટમાં મેસીના આસિસ્ટમાં એન્ઝો ફર્નાન્ડેઝે ખૂબ દૂરથી કિક મારીને બૉલને ગોલપોસ્ટની એક કોર્નરમાંથી નેટમાં મોકલી દીધો હતો. આ અણધાર્યા ગોલથી ફર્નાન્ડેઝે આર્જેન્ટિનાને ૧-૧ની બરાબરી અપાવી હતી. જોકે એ તબક્કે મુકાબલો એક્સ્ટ્રા ટાઈમમાં જાય એવી પાક્કી સંભાવના હતી, પરંતુ ૯૨મી મિનિટમાં મેસીએ વધુ એક આસિસ્ટમાં પાસ કરેલા બૉલની દિશા સબ્સ્ટિટ્યૂટ ખેલાડી લૉટારો માર્ટિનેઝે બરાબર પારખી લીધી હતી અને પાંચ યાર્ડ (૧૫ ફૂટ) દૂરથી બ્રિટિશ ખેલાડીઓની ડિફેન્સ ભેદીને આર્જેન્ટિનાને હેડરથી વિનિંગ ગોલ અપાવી દીધો હતો. મૅચની અંતિમ ક્ષણોમાં મળેલા આ ગોલની મદદથી આર્જેન્ટિનાએ ૨-૧થી વિજય મેળવ્યો અને ફાઇનલમાં શાનભેર પ્રવેશ કર્યો હતો. મૅચ બાદ ઘણી વાર સુધી મેદાન પર મેસી અને તેના ખેલાડીઓએ ફાઇનલ જીતી ગયા હોય એવી વિનિંગ પરેડ યોજીને હજારો પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતું.

### મેસીની કારકિર્દી લંબાઈ

મેસીનો છેલ્લો વર્લ્ડ કપ છે અને આ સેમિ ફાઇનલમાં જો આર્જેન્ટિના પરાજિત થયું હોત તો તેણે બુધવારે જ આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હોત. જોકે હવે તેની કરીઅર લંબાઇ ગઈ છે. આર્જેન્ટિનાને જિતાડી દીધા બાદ મેસી ઘૂંટણીએ બેસી ગયો હતો તેની આંખોમાં હર્ષના આંસુ હતા. સાથી ખેલાડીઓ તેને વળગી પડ્યા હતા અને આ અભૂતપૂર્વ વિજયની તેમણે મન ભરીને ઉજવણી કરી હતી. બીજી તરફ, ઇંગ્લૅન્ડના ખેલાડીઓ શૉકિંગ હારને કારણે ઉદાસ ચહેરે ઊભા હતા અને ઇંગ્લૅન્ડ તરફી પ્રેક્ષકો પણ સ્તબ્ધ હતા.

### ઈંગ્લૅન્ડનું ૬૦ વર્ષ જૂનું સપનું તૂટ્યું

૨૦૨૨ના પાછલા વર્લ્ડ કપમાં મેસીના જાદુઈ પર્ફોર્મન્સની મદદથી જ આર્જેન્ટિનાએ ટાઈટલ જીતી લીધું હતું. ઇંગ્લૅન્ડ ૧૯૬૬ના ચૅમ્પિયનપદ બાદ ૬૦ વર્ષે ફરી એકવાર ફાઇનલમાં પહોંચવાની તલાશમાં હતું, પરંતુ આર્જેન્ટિનાએ બ્રિટિશરોનું સપનું ચકનાચૂર કરી નાખ્યું છે.

### ફ્રાન્સ-ઈંગ્લૅન્ડ ત્રીજા સ્થાન માટે લડશે

હવે ફાઈનલ પહેલાં ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ વચ્ચે શનિવારે (મધરાત બાદ ૨.૩૦ વાગ્યાથી) ત્રીજા સ્થાન માટે મૅચ રમાશે. પ્રથમ સેમિ ફાઇનલમાં ફ્રાન્સનો સ્પેન સામે ૦-૨થી અને બીજી સેમિ ફાઇનલમાં ઇંગ્લૅન્ડનો આર્જેન્ટિના સામે ૧-૨થી પરાજય થયો હતો. ■

# મેસીએ ૨૦૦૭માં યમાલને ટબમાં રમાડ્યો હતો!: રવિવારે સામસામે ફાઇનલમાં રમશે!

ન્યૂ યૉર્કઃ કોઈ ખેલાડીએ કોઈક નવજાત શિશુને રમાડ્યો હોય અને વર્ષો પછી એ જ બાળક તેની સામે હરીફ તરીકે મેદાન પર ઊતરે એવું ક્યારેય સાંભળ્યું છે? આ હકીકત છે અને આર્જેન્ટિનાનો સુપરસ્ટાર લિયોનેલ મેસી તથા સ્પેનનો નવયુવાન ફૂટબૉલ સિતારો લેમિન યમાલ આ યાદગાર ઘટનાના બે પાત્ર છે.







વાત એવી છે કે ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં રવિવારે (ભારતીય સમય અનુસાર મધરાત પછી ૧૨.૩૦ વાગ્યાથી) જે ફાઇનલ રમાવાની છે એમાં ૩૯ વર્ષના સુપરહીરો લિયોનેલ મેસીને ગોલ કરતો રોકવા ૧૯ વર્ષનો ટીનેજ સ્ટાર યમાલ કોઈ કસર બાકી નહીં રાખે, પછી ભલે ખુદ મેસીએ યમાલને નાનપણમાં ખૂબ રમાડ્યો હોય, કારણકે મેદાન પર કોઈ પણ પ્રકારની ભાવના કામ નથી કરતી...માત્ર પરિણામ જ સર્વોપરી હોય છે.

વાત એવી છે કે ૨૦૦૭માં યમાલ માંડ છ મહિનાનો હતો. મેસી ત્યારે ૨૦ વર્ષનો હતો અને સ્પેનમાં બાર્સેલોના ક્લબની ટીમ સાથે સંકળાયેલો હતો. ત્યારે યુનિસેફની એક ચૅરિટી ઇવેન્ટમાં યમાલના પરિવારે મેસી સાથેના ફૉટોશૂટ માટેની હરીફાઈ જીતી લેતાં તેઓ ભૂલકાં યમાલને લઈને ઇવેન્ટમાં આવ્યા હતા. મેસીએ યમાલને ત્યારે ફૉટોશૂટ વખતે પાણીના ટબમાં રમાડ્યો હતો. એટલું જ નહીં, મેસીએ તેને બન્ને હાથમાં રાખીને રમાડ્યો હતો. ત્યારની એક તસવીરમાં યમાલ એકીટસે મેસી સામે જોઈ રહેલો દેખાય છે. મેસીએ ત્યારે કલ્પના પણ નહીં કરી હોય કે એ બાળક એક દિવસ તેની સામે વર્લ્ડ કપની ફાઇનલમાં રમશે.

બીજી રીતે કહીએ તો મેસી-યમાલ પહેલી વખત એકમેકને નથી મળી રહ્યા. આ પહેલાં તેમની મુલાકાત ચૅરિટી ઇવેન્ટમાં થઈ હતી અને હવે તેઓ વર્લ્ડ કપની ફાઇનલના ગ્રાઉન્ડ પર એકમેક સામે પહેલી વાર રમશે. મેસીનો આ છેલ્લો અને યમાલનો પ્રથમ વર્લ્ડ કપ છે. ■

## કલાસિફાઈડ

**૧૪. નોકરી ખાલી છે**

**સેલ્સમેન મિત્રો તથા હેલ્પરભાઈઓ**
તુરંત જોઈએ છે ક્રોકરી, થર્મોવેર, હોમ એપ્લાયન્સીસ, સ્ટે. સ્ટીલ, યુટેન્સીલ્સ હાઉસ હોલ્ડ પ્લાસ્ટિક વેર, બેડ એન્ડ બાથ તથા ગીફ્ટ નોવેલ્ટીઝ લાઈનનાં મહેનતી, ઈમાનદાર ઉં. વ. ૧૮ થી ૪૫ સુધીના અનુભવી/બિનઅનુભવી સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ ત્રણેય શો રૂમ માટે સેલ્સમેન મિત્રો તથા હેલ્પર ભાઈઓ તુરંત જોઈએ છે. બે શીફ્ટમાં ફક્ત આઠ કલાકની ડ્યુટી. ફ્રેશ (બિનઅનુભવી)ને એક સારા વાતાવરણમાં ટ્રેનિંગ આપવામાં આવશે. કોઈ જ્ઞાતિબાધ નથી. તે ઉપરાંત માર્કેટિંગ (કોર્પોરેટ ગીફ્ટ) માટે મુંબઈ તથા બહારગામ (ઓલ ઓવર ઈન્ડિયા) ફરી શકે તેવા અંગ્રેજી, હિંદી, ગુજરાતી તથા મરાઠી ભાષા જાણનાર ઈમાનદાર, મહેનતી નવ યુવાન મિત્રો તુરંત જોઈએ છે. સારો પગાર + પી.એફ. તથા સારી ફેસિલીટી. આગળ વધવાની એક સારી તક. તમારા સર્કલમાં અન્યોને પણ આ જાહેરાત વિશે જણાવશો. ઈન્ટરવ્યુનો સમય ૧ થી ૫. બાયોડેટા તથા ફોટોગ્રાફ સાથે રૂબરૂ સંપર્ક કરો. આ પૃથ્વી પર દરેક જીવમાત્રે શુભ, મંગલ, કલ્યાણ થાય તેવી શુભકામના. મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કંપાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું-૫૪. અરવિંદ હરીયા - 9967024390, સુમીત ગાલા - 7506752375. (એસડીબી-૩૪૧૫)

**૧૭. જગ્યા આપવી છે**

**SANTACRUZ (WEST)**
3 BHK on Rent, Carpet 1050 + Pocket Terrace + Fully Furnished + 2 Parking, Near Poddar School, Rent 2 Lakh, Deposit 4 Months. Ready Possession Contact - Satyawan 9820186496. (B-17869)

**૨૦. ધંધાદારી જગ્યા**

**ગ્રાન્ટરોડ ઈસ્ટ**
300' દુકાન એટેચ્ડ બાથરૂમ સાથે 65,000/- ભાડેથી. સંપર્ક 9819569698. (૧૨૩૩-સી)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

**૨૩. મનોરંજન**

■ વર્ષના 3000 (વ્યક્તિદીઠ) કુલ 10 પ્રોગ્રામ, અત્યારે માત્ર 1000 ભરીને તમારી મેમ્બરશિપ મેળવો. 9619538663, 9820419608. (બી-૧૭૮૩૬)

**નાટક-મ્યુઝિકલ**
પિક્ચર-સોશ્યલ 16 ગ્રુપોઃ મુંબઈ, પાર્લા-મલાડ-બોરીવલીમાંઃ ફ્રીમાં મેમ્બરશીપ- 9322279451. (૧૨૩૧-એ)

**૩૧. નાણાંકીય**

**ભાનુલક્ષ્મી ઈન્વેસ્ટમેન્ટ, 9324654625**
શેરની તેજીમંદીના રોજના ટ્રેડિંગમાં નફાની સંપૂર્ણ ખાતરીથી રોજ કમાવો. (એસડીબી-૩૪૧૦)

**૩૨. જમીન-મિલકત**

■ **અમદાવાદમાં 8% થી 15% રિટર્ન ધરાવતી પ્રોપર્ટી વેચવાની છે. 7878961414. (બી-૧૭૮૧૬)**

**૩૩. ધંધાદારી**

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**સચોટ જ્યોતિષ**
જન્મતારીખ અને સમય વોટસએપ કરો
લગ્ન યોગ ક્યારે, ભાગ્યોદય ક્યારે
વાતો ન કરો, રીઝલ્ટ માંગો
ફી લેવામાં આવતીજ નથી
7304586200
(બી-૧૭૮૭૨)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**ACE પેસ્ટીસાઇડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

**૫૨. કુરીઅર્સ**

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

# રવિવારે રોહિત શર્માની કરીઅરનો અંત?

નવી દિલ્હીઃ રવિવારે લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામે રમાનારી સિરીઝની અંતિમ વન-ડે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને ઓપનિંગ બૅટ્સમૅન રોહિત શર્માની કદાચ અંતિમ આંતરરાષ્ટ્રીય મૅચ બનશે. સિલેક્ટરો રોહિતને આ શ્રેણી પછી કોઈ વન-ડે સિરીઝ માટેની ટીમમાં સિલેક્ટ કરશે એની સંભાવના બહુ ઓછી છે. બની શકે કે આ વાત રોહિતને જણાવી દેવામાં આવી હશે અથવા ખુદ રોહિત ટેસ્ટ અને ટી-૨૦ પછી હવે વન-ડેમાંથી પણ નિવૃત્તિ જાહેર કરી દેશે. રોહિત છેલ્લી આઠ વન-ડેમાં ૮૮.૬ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ફક્ત ૨૪૧ રન બનાવી શક્યો છે. રોહિતને ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી વન-ડેની ટીમમાં જાળવી રાખવામાં આવશે એવી સંભાવના ન હોવાથી રવિવાર તેની કરીઅરનો આખરી દિન બની શકે.

# રોહિતનો સંઘર્ષ, પણ કોહલી ચમક્યો

### ▶ અક્ષર-સુંદર સસ્તામાં આઉટઃ બુમરાહની ફટકાબાજી

કાર્ડિફઃ અહીં ભારતીય સમય અનુસાર ગુરુવારે સાંજે ૫.૩૦ વાગ્યે શરૂ થયેલી સિરીઝની બીજી વન-ડેમાં બૅટિંગ મળ્યા બાદ ભારતનો દાવ ૪૪ ઓવરમાં ૨૩૩ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો અને યજમાન ઇંગ્લૅન્ડને ૨૩૪ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો. જોકે બ્રિટિશરોએ ૫૩ રનમાં પહેલી ત્રણ વિકેટ ગુમાવીને ખરાબ શરૂઆત કરી હતી.

રોહિત શર્મા અને વિરાટ કોહલી છેલ્લી વખત ઇંગ્લૅન્ડની ધરતી પર વન-ડે શ્રેણી રમી રહ્યા છે અને એમાં રોહિત શર્મા મંગળવારની પ્રથમ મૅચની સદંતર નિષ્ફળતા બાદ ગુરુવારે બીજી વન-ડેમાં ૪૭ બૉલમાં (ફક્ત ૫૫.૩૧ના સ્ટ્રાઇક-રેટ સાથે) માત્ર ૨૬ રન બનાવી શક્યો હતો. જોકે તેણે કૅપ્ટન શુભમન ગિલ (૩૧ રન, ૩૦ બૉલ, છ ફોર) સાથે ૪૪ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કર્યા બાદ વિરાટ કોહલી (૬૫ રન, ૬૬ બૉલ, આઠ ફોર) સાથે બીજી વિકેટ માટે ૬૦ રનની ભાગીદારી કરી હતી.

કોહલીની ૭૮મી હાફ સેન્ચુરી આ ઇનિંગ્સનું સૌથી મોટું આકર્ષણ હતી. શ્રેયસ ઐયર (૬૬ રન, ૭૧ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) સાથે તેણે ૬૭ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી.

મંગળવારની મૅચના બે હીરો અક્ષર પટેલ (એક રન) અને વૉશિંગ્ટન સુંદર (બે રન) સસ્તામાં આઉટ થઈ ગયા હતા. જસપ્રીત બુમરાહ ગુરુવારે ફટકાબાજી કરવાના મૂડમાં હતો. તેણે ૧૩ બૉલમાં એક સિક્સર અને ત્રણ ફોરની મદદથી અણનમ ૨૦ રન બનાવ્યા હતા. ■

# મુંબઈના ૧૫ વર્ષીય સ્પિનર જય ઠક્કરે ઈંગ્લૅન્ડની પિચ પર મચાવ્યો તરખાટ

મુંબઈઃ ઇંગ્લૅન્ડની ક્રિકેટ પિચો પર તેમ જ ત્યાંના હવામાનમાં સામાન્ય રીતે સ્પિનરને ખાસ કંઈ દાદ નથી મળતી હોતી જ્યારે ફાસ્ટ બોલર્સને સારી પેસ મળવા ઉપરાંત સીમની મૂવમેન્ટ પણ મળતી હોય છે, પરંતુ મુંબઈના ૧૫ વર્ષના ગુજરાતી ઑફ-સ્પિનર જય ઠક્કરે તાજેતરમાં ત્યાંની મૅચોમાં જે તરખાટ મચાવ્યો એના પરથી ક્રિકેટ જગતને સંકેત મળી ગયો છે કે ટૂંક સમયમાં ભારતમાંથી નવી ટૅલન્ટ ક્રિકેટના વ્યાપક ફલક પર છવાઈ જશે.



ભારતે જેમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને તાજેતરમાં ધમાકેદાર બૅટિંગ માટે જાણીતો ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી આપ્યો એમ હવે ૧૫ વર્ષીય જય ઠક્કર પણ ધૂમ મચાવવા તૈયાર થઈ ગયો છે. મુંબઈ ક્રિકેટ ક્લબ (એમસીસી)ના યુવા સ્પિનર જય ઠક્કરે જૂન-જુલાઈની યુકે ટૂર દરમ્યાન એક ટૂર્નામેન્ટમાં કુલ ૨૩ વિકેટ લીધી હતી જે તમામ બોલર્સમાં હાઇએસ્ટ હતી. સ્પિનર્સને ફ્લાઇટેડ બૉલ ફેંકવામાં તેમ જ ટર્ન કરવામાં ભાગ્યે જ મદદ મળે એવા પ્રતિકૂળ હવામાન અને ફેવરેબલ ન હોય એવી પિચ પર જય ઠક્કરે ઓવર દીઠ ૩.૦૦થી ૩.૫૦નો ઇકોનોમી-રેટ જાળવી રાખીને શિસ્તબદ્ધ સ્પિન બોલિંગના શાનદાર કૌશલ્ય સાથે સૌને ચોંકાવી દીધા હતા.


અગાઉ આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં ક્યારેય એમસીસીના કોઈ બોલરે આટલી મોટી સંખ્યામાં (૨૩) વિકેટ નહોતી લીધી, પરંતુ લંડનથી પાછા આવેલા જય ઠક્કરે પોતાના ક્લાસ, કન્ટ્રોલ અને કૅરેક્ટરની ખાસિયતથી ત્યાંની કઠિન પરિસ્થિતિમાં પણ આ સફળતા મેળવી હતી. તેણે એ પણ પુરવાર કર્યું છે કે કઠિન પરિસ્થિતિમાં સ્પિનર માટે પિચ એકમાત્ર શસ્ત્ર નથી હોતું, પણ મનોબળ, રિધમ અને આત્મવિશ્વાસ તેમ જ જોશ પણ પૂરતા હોય છે.

એમસીસીના ઊભરતા સિતારાઓને જ્વાલા સિંહનું સુંદર માર્ગદર્શન મળવા ઉપરાંત ચામિન્ડા વાસ, વસીમ જાફર અને વિનાયક સામંત જેવા લેજન્ડનો સપોર્ટ પણ મળી રહે છે. આશા છે કે જય હવે મુંબઈની પિચો પર પણ પ્રભુત્વ જમાવશે અને થોડા સમયમાં ટીમ ઇન્ડિયાના બ્લુ ટી-શર્ટમાં પણ જોવા મળશે. ■

# વૈભવ સૂર્યવંશીનું તળેગાંવમાં તેની જ ઉંમરના વિદ્યાર્થીઓ દ્વારા સન્માન

મુંબઈઃ ૧૫ વર્ષનો લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી તાજેતરમાં ઇંગ્લૅન્ડના પ્રવાસમાં ભારત વતી ડેબ્યૂ કર્યા પછી ત્રણેય મૅચમાં સારું ન રમી શકયો, પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતની મુખ્ય ટીમ વતી આરંભ કરવા બદલ તેના પર અભિનંદનની વર્ષા તો થઈ જ રહી છે અને એવો એક કિસ્સો તાજેતરમાં મહારાષ્ટ્રના તળેગાંવમાં બન્યો હતો.





ઇંગ્લૅન્ડથી પાછા આવ્યા બાદ તરત જ વૈભવ તળેગાંવમાં રાજસ્થાન રૉયલ્સના હાઈ પર્ફોર્મન્સ સેન્ટરમાં પહોંચ્યો હતો જ્યાં તેની જ ઉંમરના સ્કૂલ-વિદ્યાર્થીઓએ તેનું ભવ્ય સ્વાગત કર્યું હતું. 'બૅબી બૉસ'તરીકે ઓળખાતો ટીનેજ વયનો વૈભવ ચહેરા પર સુંદર સ્મિત સાથે સેન્ટરની ઇમારતમાં પ્રવેશ્યો હતો. તેને બાળકોએ બૅટ ઊંચા કરીને 'ગાર્ડ ઑફ ઑનર' સાથે સન્માન કર્યું હતું.


ઇંગ્લૅન્ડ સામેની ત્રણ ટી-૨૦માં વૈભવ માત્ર ૧૪ રન, ૧૩ રન અને ૧૫ રન બનાવી શક્યો હતો. ભારતનો એ શ્રેણીમાં ૦-૪થી પરાજય થયો હતો. વૈભવ હવે આ મહિને ટીમ ઇન્ડિયા સાથે ઝિમ્બાબ્વેના ટી-૨૦ પ્રવાસે જશે.

આઇપીએલમાં વૈભવના ૭૭૬ રન તમામ બૅટ્સમેનોમાં હાઇએસ્ટ હતા. તે આ ટૂર્નામેન્ટમાં રાજસ્થાન રૉયલ્સ વતી રમે છે અને આ ફ્રૅન્ચાઇઝી તેને કોઈ પણ ભોગે રિલીઝ કરવા નથી માગતી. ઊલટાનું, આ ફ્રૅન્ચાઇઝી વૈભવને પર્ફોર્મન્સમાં સુધારો લાવવા મદદરૂપ થઈ રહ્યું છે અને એવા આશયથી જ તેને (ઝિમ્બાબ્વે ખાતેના તેના પ્રવાસ પૂર્વે) તળેગાંવના સેન્ટરમાં બોલાવવામાં આવ્યો છે. ■

# ગુરનૂર બ્રારને મૅચ રેફરીનો ઠપકો

કાર્ડિફઃ ઇંગ્લૅન્ડ સામેની ગુરુવારની બીજી મૅચમાં ભારતે નાછૂટકે એક ફેરફાર કરવો પડ્યો જેમાં બીમાર વિકેટકીપર કે. એલ. રાહુલના સ્થાને ઇશાન કિશનને ટીમમાં સમાવવામાં આવ્યો હતો.

મંગળવારની પ્રથમ વન-ડેમાં એક જ ઓવરમાં ઓપનર બેન ડકેટ અને બીજા ઓપનર જેકબ બેથેલની વિકેટ લેનાર ભારતના નવા પેસ બોલર ગુરનૂર બ્રારે એક ઘટનામાં નિયમનું ઉલ્લંઘન કર્યું એ બદલ મૅચ રેફરી રિચી રિચર્ડસને બ્રારને ઠપકો આપ્યો હતો અને તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ લખ્યો હતો. બ્રારે એક તબક્કે ફીલ્ડિંગમાં બૉલ ઊંચકીને બૅટ્સમૅન બેન ડકેટ સામે ભયજનક રીતે ફેંક્યો હતો. તેની એ હરકતમાં ડકેટને ગંભીર ઈજા થઈ શકે એમ હતી. બ્રાર વિરુદ્ધ અમ્પાયરોએ ફરિયાદ કરી અને બ્રારે મૅચ રેફરી સમક્ષ ગુનો કબૂલી લેતાં સુનાવણી ટૂંકાવી નાખવામાં આવી હતી. ■




'એક વાત કહું? કદાચ તમને એમ લાગતું હશે કે હું સ્માર્ટ દેખાઉ છું એટલે મારા કેટલાય બોયફ્રેન્ડ હશે. પણ સાચું કહું તો મારો કોઈ બોયફ્રેન્ડ જ નથી. જે રીતે કોઈ છોકરી કોઈ છોકરાના વિચારોમાં ખોવાઈ જાય, કોઈની યાદમાં પાગલ થઈ જાય, ઉદાસ થઈ જાય. મને એવું કશું થતું નથી.'

'તમારા જેવી છોકરીઓ આમ કહીને હાથ ઊંચા કરી દેશે તો છોકરાઓનું શું થશે ?'

'કશું નહીં થાય. દરેક ભૂતને પીપળા મળી રહેતા હોય છે.'

'કદાચ હું તમને ગમી જાઉં તો પણ તમે આવું જ કહો?' સનતે એકદમ સોનલની આંખોમાં જોયું.

'ગમી જવું એટલે શું એજ મને ખબર નથી. હું જાણું છું કે પ્રેમની પણ એક દુનિયા છે. એમાં પ્રવેશી ગયેલા લોકોની પોતાની મસ્તી હોય છે. પણ મને એવું કશું થતું નથી. લાગે છે કે, હું બુઢ્ઢી થઈ જઈશ તોય કોઈને વળગીને વહાલ કરતા નહીં આવડે.'

કોઈ આવીને તમારી બધી માન્યતાઓનો છેદ ઉડાડી દે એવુંય બને.

'છતાં મને પરણનારો સુખી તો નહીં જ થાય. મને બધું આવડે છે. કોઈની પ્રેયસી થતાં નહીં આવડે અને સ્ત્રીમાં પ્રેયસી શોધવી એ પુરુષનું આદીમ તત્ત્વ છે.'

'મને આશ્ચર્ય એ વાતનું છે કે, તમે પુરુષ વિશે આટલું બધું જાણો છો અને પાછા કહો છો કે તમને પ્રેમ કરતા નહીં આવડે.'

'મિસ્ટર એન્જિનિયર, ખૂબી જ આ છે. પ્રેમમાં પડનારાને આંધળા એટલે જ કહે છે. જો એ જાણતા હોય તો કદી આગળ જ ન વધે.'

'જવા દ્યો. હું એ બાબતમાં તમને નહીં જ પહોંચું. એમાંને એમાં તમારી રોમાંચક વાર્તા સાંભળવાનું રહી જશે. લાગે છે હજી તો કેટલાય પાત્રોનો પ્રવેશ થવો બાકી છે. હા, તો સોનલ ઝવેરી તમે કોટામાં જન્મ્યા, મુંબઈ પહોંચ્યા એની વચ્ચે શું શું બન્યું? મને ચા પીવાની ઈચ્છા થઈ છે. પણ તમે ચા પીતા નથી. જોકે સાડા બાર થાય છે. અત્યારે કોઈ સર્વિસ નહીં આપે સિવાય કે બહાર જઈએ.'

'ના, બહાર જવાનું તો હમણા નામ જ ન લેતા, હું મારી વાત કહું છું. મને એ ખબર નથી કે મારા પપ્પા મુંબઈથી રવાના થયા ત્યારે એમના મનમાં શું ચાલતું હશે. પણ એમણે કોટા પહોંચીને પહેલું કામ રજિસ્ટરમાં પોતાનું નામ લખાવવાનું કર્યું. એમણે મને જન્મ સમયે જ ઝવેરી અટક આપી. મારી મમ્મી બહુ જ ખુશ હતી. જોકે પપ્પાને ધર્મસંકટ તો હતું જ. મારા દાદાએ એમને અલ્ટીમેટમ આપેલું કે, મારી મમ્મીને ભૂલી જવી. મને જોઈને પપ્પા વિચલિત થઈ ગયા હતા. મેં કહ્યું ને કે તે મારી મમ્મીને બહુ જ ચાહતા હતા. પણ બધું ત્યાં પુરું થતું ન હતું.'

'નાનાએ પપ્પા સામે બીજી મુશ્કેલી રજૂ કરી. નાના જ્યાં રહેતા હતા ત્યાં ખાસ્સા લોકો તેમને ઓળખતા થઈ ગયા હતા. એટલે હવે એ લોકોને પોતાની દીકરીના પતિની બાબતમાં શું કહેવું? કારણ કે છોકરી ડિલિવરી માટે માવતરે આવી હોય તો એના સાસરામાંથી પણ કોઈ તો દેખાવું જોઈએ ને. મારા નાનાને આ વિચાર વહેલો આવી ગયો હશે. તેમણે મમ્મીની બાબતમાં એવી વાત વહેતી મૂકી હતી કે, છોકરી રીસામણે આવી ગઈ છે. એના સાસરિયા તેડાવતા નથી. છતાં હવે નાનાને પોતાની છોકરી જ નહીં એક બાળકીની પણ ચિંતા હતી. આખી જિંદગી પોતાની છોકરી અહીં જ રહે તે નાના ઈચ્છતા નહોતા. એમણે મારા પપ્પાને પોતાના મનની વાત કહી. પપ્પા માટે એ શક્ય જ નહોતું. જો એ પોતાની સાચી હકીકત કહે તે એનાથીય વધારે જોખમી હતું. દાદાએ મારા પપ્પાને એમની ભૂલનું શું પરિણામ આવે તે બધી શક્યતાઓ કહી દીધેલી. મારા પપ્પા પણ એવું કોઈ પગલું ભરવા માગતા નહોતા જેથી કોઈ કોર્ટ કચેરીનો મામલો ઊભો થાય. પપ્પા કોટાના એક ગેસ્ટ હાઉસમાં ઉતર્યા હતા. તે નાનાને લઈને ગેસ્ટ હાઉસમાં ચાલ્યા ગયા. બે પેગ પેટમાં ગયા પછી મારા પપ્પા જે નહોતું કહેવાનું તે બોલી ગયા. મારા નાના ઉપર આસમાન તૂટી પડ્યું. એક પુરુષે પોતાની કુંવારી દીકરીને ગર્ભવતી કરી નાખી, એની સાથે લગ્ન કર્યા અને દીકરીએ એક સંતાનને જન્મ આપ્યો ત્યારે કહે છે કે, તે પરણેલો છે. નાનાએ પપ્પાના હાથમાંથી દારૂનો ગ્લાસ ઝુંટવી લીધો હતો. નાનાએ જીભ પર કાબૂ ગુમાવી દીધો હતો, નાલાયક તેં મારી દીકરીને તો છેતરી, તે દિવસે કેમ ન ભસ્યો કે તારા લગ્ન થઈ ગયા છે.'

'મારા પપ્પાએ નાનાની સામે હાથ જોડતા કહેલું, મેં તમારી દીકરીને છેતરી નથી. એને ખબર હતી કે હું પરણેલો છું. તમને માન્યામાં ન આવતું હોય પૂછી લ્યો.'

'મારા નાનાએ માથું કૂટી લીધું. હવે શું કરવું? તે ગળગળા થઈ ગયા. તેમની અંદરનો નોકર શેઠ સામે ઝુકી પડ્યો. તેમણે મારા પપ્પાનો હાથ પકડી લેતા કહેલું, શેઠ, મારી દીકરીની જિંદગી બરબાદ થઈ જશે અને પેલી બચ્ચીનું શું જેણે હજી દુનિયા જોઈ જ નથી.'

'મારા પપ્પાએ કહ્યું, 'શા માટે બરબાદ થઈ જશે? એ મારી પત્ની છે. એને આંચ આવવા નહીં દઉં. તમને એટલોય વિચાર નથી આવતો કે મારા મનમાં પાપ હોત તો પેલા રજિસ્ટરમાં મારું સાચું નામ લખ્યું હોત? મને વિચારવાનો વખત જોઈશે. હવે મને એક વાતનો જવાબ આપો મારા પપ્પાને કેવી રીતે ખબર પડી કે મેં બીજાં લગ્ન કર્યા છે, એનાથી એક છોકરી થઈ છે અને અત્યારે એ કોટાની હોસ્પિટલમાં છે. બોલો મારા ઘરમાં વાત કોણે પહોંચાડી અને કયા ઈરાદે પહોંચાડી?'

'મારા નાના ઘડીભર કંઈ સમજ્યા નહીં. મર્મ સ્થાન પર ઘા કર્યો હતો. મારા નાનાએ હાથ જોડીને કરગરતા હોય એમ કહેલું, શેઠ મને કંઈ જ ખબર નથી.'

'તો એમને કેવી રીતે ખબર પડી કે ગંગાએ એક બાળકીને જન્મ આપ્યો છે. કોણ છે એ માણસ જે મારા ઘર સુધી પહોંચ્યો છે. તમને ભાન છે કે એનું શું પરિણામ આવશે? હું કબૂલું છું કે મારી ભૂલ છે. છતાં મેં હાથ ઊંચા તો નથી કરી નાખ્યા ને? તમે કોઈ લોભમાં કે શંકામાં કંઈ આડુંઅવળું તો કર્યું નથી ને?'

મારા નાનાને સમજમાં આવતું નહોતું કે, આ થયું કેવી રીતે. તેમની પાસે પોતાની નિર્દોષતા સાબિત કરવાનો કોઈ પુરાવો નહોતો. નાનાએ મારા દાદાને જોયા હતા. તેમણે ડરતાં ડરતાં પૂછ્યું ? આપના પિતાજીએ શું કહ્યું?

'મને વધાઈ તો આપવાના નહોતા? એ માણસ એકદમ રૂઢિચુસ્ત છે. મને ખબર છે એ કોઈ કાળે ગંગાને નહીં સ્વીકારે. એમણે મને કહ્યું ત્યારે તો હું આજે અહીં આવ્યો. નહીંતર મને થોડી ખબર હતી કે ગંગાને છોકરી આવી છે.'

પપ્પાની છેલ્લી વાત સાંભળી મારા નાના ચોંક્યા. તેમણે પપ્પાને કહ્યું, 'કેમ કાલે મેં તમને ફોન કરેલો તે ભૂલી ગયા? ગંગાના સમાચાર મેં જ તો તમને આપેલા. તમે એવુંય કહેલું કે હમણાં તમે ગમે તે નામ લખાવી નાખો પછી જોઈ લઈશું.'

'વ્હોટ? આઈ કાન્ટ અંડરસ્ટેન્ડ વ્હોટ યુ સે? વ્હેન આઈ ટોક્ડ વિથ યુ? યુ ડર્ટીમેન આઈ વિલ કીલ યુ મારા નાના અંગ્રેજીનો છાંટોય જાણતા નહોતા. ગુસ્સે ભરાયેલા મારા પપ્પાના મોંમાંથી અંગ્રેજી વાક્યો નીકળ્યે જતા હતા અને મારા નાના કશું સમજ્યા વગર જોયા કરતા હતા. તેમની સમજમાં એ નહોતું આવતું કે, ગઈ કાલે ફોન પર વાત થઈ છે તોય આ માણસ આટલો ગુસ્સે શા માટે ભરાયો છે. મારા નાનાએ ડરતાં ડરતાં ફરી કહ્યું, શેઠ કાલે આપણી ફોન પર વાત થઈ જ હતી તે?'

'મારા પપ્પા તુકારા પર આવી ગયા, મેં તારી સાથે વાત કરી હતી? મેં દારૂ પીધો છે કે તેં? ક્યારે ફોન કરેલો બોલ?'

'કાલે. કદાચ અગિયારેક વાગ્યા હતા.'

'શટ અપ. એ વખતે તો હું મારા શો રૂમ પર હતો. મને લાગે છે કે, તું મારી સાથે કોઈ રમત રમી રહ્યો છે. બે કોડીના નોકર તું મારી સામે ખોટું બોલે છે? તું ગંગાનો બાપ ન હોત તો આજે તારા બૂરા હાલ કરી દેત.'

'મારા નાનાને હવે સાચે જ ભય લાગ્યો. એમને ડરી જવાના અનેક કારણો હતાં. જેમા મુખ્ય હું હતી. મારા નાનાને હવે ખ્યાલ આવ્યો કે પોતાના લોભમાં શું કરી નાખ્યું છે. ખાસ તો એમને એ વાતનો પણ આઘાત લાગ્યો કે ટેલીફોન પર વાત થઈ હતી તે છતાંય મારા પપ્પા શા માટે ના પાડે છે? તેમણે પપ્પાના પગ પકડી લીધા, શેઠ હું ગંગાના સોગંદ ખાઈને કહું છું કે મેં તમને ફોન કર્યો હતો અને તમને ઉપાડ્યો હતો.'

'તેં મને ફોન કર્યો હતો અને મેં તારાથી વાત કરી હતી? ક્યાંથી કર્યો હતો?'

'અચાનક નાનાના ચિત્તમાં બતી થઈ. એક મિનિટ શેઠ, કહેતા નાનાએ ખીસ્સામાં હાથ નાખ્યો. તેમનો ચહેરો ખીલી ઉઠ્યો હતો. તેમણે ખીસ્સાંથી કાગળના ડૂચા કાઢ્યા અને ચોળાઈ ગયેલું પીસીઓના પ્રીન્ટરમાંથી નીકળેલું બિલ પપ્પાને આપતાં કહ્યું, જુઓ આ રહ્યું બિલ. તમે જ વાંચી લ્યો.'

પપ્પાએ બિલ બરાબર ધ્યાનથી જોયું. તેમનો રહ્યો સહ્યો નશો પણ ઊતરી ગયો. તેઓ ચિત્કારતા હોય તેમ કહ્યું, 'અરે મૂરખ માણસ તને કંઈ ભાન છે? હવે મને સમજાય છે કે, મારા બાપને ખબર કઈ રીતે પડી. તારી સાથે વાત કરનાર હું નહીં પણ મારો બાપ હતો. તને કંઈ સમજાય છે કે તેં શું કરી નાખ્યું છે?'

'પણ અવાજ તો તમારો જ હતો.' મારા નાનાની જતી રહેલી હિંમત થોડી પાછી આવી.

'એજ તો રામાયણ છે. એમનો અવાજ અને મારો અવાજ મળતો આવે છે. એ નંબર મેં રાતના સમયે જ ફોન કરવા માટે આપ્યા હતા. તારે પૂછવું તો જોઈએ કે ફોન કોણે ઉપાડ્યો છે. મને લાગે છે તેં બધું જ કહી દીધું હશે.'

મારા નાના નીચું જોઈ બેસી રહ્યા. એમનાથીય ભૂલ તો થઈ જ ગઈ હતી. હવે એ ભૂલ સુધારવાનો કોઈ રસ્તો નહોતો. એમને પોતાનો લોભ સમજાયો. તેમની આંખમાંથી આંસુ વહી નીકળ્યાં. નાનાની આંખમાંથી વહેતા આંસુ જોઈને મારા પપ્પાનું હૈયું જરા પીગળ્યું. તેમને પણ પોતાની ભૂલ સમજાઈ કે તેમણે પોતાથી મોટી ઉંમરના એક વ્યક્તિને ન કહેવાનું કહી નાખ્યું છે. તેમના અવાજમાં નરમાશની સાથે સાથે સભ્યતા પણ આવી ગઈ. તેમણે નીચે બેઠેલા નાનાની બાજુમાં બેસતાં કહ્યું, હરિરામ જે થયું તેમાં ન તમારી ભૂલ છે, ન મારી. જે થવાનું હતું તે થઈ ગયું. હું પરણેલો છું. ગંગાને ત્યાં લઈ જઈ શકું તેમ નથી. ચિંતા એ છે કે, મારા બાપને ખબર પડી ગઈ છે. હવે એ પોતાની રીતે પણ તપાસ કરશે. આપણે સાવધાન રહેવું પડશે. તમે હવે કોટા છોડવાની તૈયારી કરો. હું તમને જયપુરમાં મકાનની વ્યવસ્થા કરી દઈશ. ગંગાની ચિંતા ન કરતા.

'અચ્છા તમારા નાનાનું નામ હરિરામ હતું. જોકે એ પૂછવાનું મને યાદ જ ન આવ્યું. તો નાનીનું નામ શું હતું ?' સનતે પુછ્યું.

'એમનું નામ દેવલ હતું.'

'દેવલ? એ તો આધુનિક નામ છે.'

'હા, હવે એ નામ શહેરની છોકરીઓને અપાતું થયું એટલે આધુનિક ગણાય છે પણ રાજસ્થાનની અમુક કોમોમાં એ નામ વર્ષોથી રાખવામાં આવે છે. તમે થાકી જશો. મારી કથા અટપટી છે.'

'હા, પણ કાલે બપોરે તમે બાય કહીને છુટા પડી જાઓ તે પહેલા સાંભળી જ લેવી છે. એની હાઉ.'

'ઓકે.' સોનલે પાછું શરૂ કર્યું. (ક્રમશઃ)

**મને પરણનારો સુખી તો નહીં જ થાય. મને બધું આવડે છે. કોઈની પ્રેયસી થતાં નહીં આવડે અને સ્ત્રીમાં પ્રેયસી શોધવી એ પુરુષનું આદીમ તત્ત્વ છે.**

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दीवाना | દૂઝાણું |
| दुंदुभि | પાગલ |
| दुखडा | નગારું |
| दुधार | બપોર |
| दुपहर | આપવીતી |

### જાણવા જેવું

રણજિત મુવીટોનની ગુજરાતી ફિલ્મ 'અછૂત'માં નૂર મોહમ્મદ ચાર્લીએ કામ કરી પ્રશંસા મેળવ્યા બાદ તેમને 'વનરાજ ચાવડો' નામની ફિલ્મમાં પણ રોલ મળ્યો હતો. જોકે, વિઝા પૂરા થતા તેમને પાકિસ્તાન પાછા ફરવું પડ્યું. એમની પર ફિલ્માવાયેલા દૃશ્યો કાઢી એ ભૂમિકા કે.કે. (કૃષ્ણકાંત)ને આપવામાં આવી હતી.

### ગુજરાત મોરી મોરી રે

બોલપટનો દોર શરૂ થયા પછી ગુજરાતી ભાષામાં ૧૯૩૨માં બનેલા નાનુભાઈ વકીલ દિગ્દર્શિત પ્રથમ ગુજરાતી બોલપટનું નામ શોધી કાઢો.

અ) વીર અભિમન્યુ
બ) નરસિંહ મહેતા
ક) ઘર જમાઈ
ડ) રાણકદેવી

### નોંધી રાખો

*ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવા અનેક કલાકાર જોવા મળ્યા છે જે નાની ભૂમિકાઓ કરીને પણ સિને રસિકોની સ્મૃતિમાં રહ્યા છે.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ■ | ૬ |
| ૭ | | ■ | ૮ | | | ■ | ૯ | | |
| ■ | | ■ | | ■ | | ■ | | ■ | |
| ૧૦ | | | ■ | ૧૧ | | | ■ | ■ | ■ |
| ૧૨ | | ■ | ■ | ■ | | ■ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | | | ■ | ૧૭ | ■ | ■ | ■ | ૧૮ | |
| ■ | ■ | ■ | ૧૯ | | | ■ | ૨૦ | | |
| ૨૧ | ■ | ૨૨ | | | ■ | ૨૩ | ■ | | ■ |
| ૨૪ | | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ૨૭ |
| | ■ | ૨૮ | | | ■ | ૨૯ | | | |

**આડી ચાવી**

૧. કસરત માટેનો લાકડાનો લીસો થાંભલો (૪)
૪. સર્વ, તમામ (૩)
૭. આશ્ચર્ય ચકિત, દિગ્મૂઢ (૨)
૮. નાશવંત (૩)
૯. ખ્રિસ્તી ધર્મોપદેશક (૩)
૧૦. આજીવિકા પૂરતું અપાય તે (પગાર વગેરે) (૩)
૧૧. પરદેશ (૩)
૧૨. છઠ (૨)
૧૩. લોકસંખ્યા (૩)
૧૬. --- મૂકવું=ફાંસ મારવી, આડખીલી કરવી (૩)
૧૮. કામદેવની પત્ની (૨)
૧૯. રાજાની બે રાણીમાંની એક (૩)
૨૦. મોક્ષની ઈચ્છા (૩)
૨૨. દીકરી (૩)
૨૪. ચંચળ સ્ત્રી (૩)
૨૫. --- થવું=પ્રવેશવું (૩)
૨૬. --- ન ટકે વૈરાગ્ય વિના (૨)
૨૮. ---માં કાંકરો નાંખવો નહીં (૩)
૨૯. ધૃણા, તિરસ્કાર (૪)

**ઊભી ચાવી**

૧. ઉન્મત, મદમાતું (૨)
૨. જેની પ્રતિષ્ઠા જામેલી છે તેવું (૬)
૩. મનથી કરેલું (૩)
૪. ખબરઅંતર (૫)
૫. થપાટ, લપડાક (૩)
૬. પ્રતિસ્પર્ધી (૩)
૧૦. પોઠીયો, આખલો (૩)
૧૪. અધિકારી, કુલ સતાવાળું (૬)
૧૫. સહનશીલતા (૩)
૧૭. જગતનો સંસાર વ્યવહાર (૫)
૧૯. આદર, સદ્ભાવ (૨)
૨૧. શુદ્ધ સોનું (૩)
૨૨. છૂટાછેડા (૩)
૨૩. --- કરવુ=પાળવું (૩)
૨૭. વીતી ગયેલું (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | ૨ પ | | ૩ દુ | ર્ગા | પૂ | ૪ જા | | ૫ ધ | |
| ૬ મં | ત્ર | ૭ મુ | ગ્ધ | | | ૮ તે | જી | મં | દી |
| ૯ ચો | ક | સ | | ૧૦ દુ | | | | ડ | |
| | | હો | | ૧૧ નિ | સ | ર્ગ | | | ૧૨ પ્ર |
| ૧૩ વ | ૧૪ સુ | | ૧૫ મૈ | થા | | | ૧૬ કં | ૧૭ દી | લ |
| ૧૮ નિ | ષ્ઠુ | ર | | | ૧૯ સં | ધિ | | ૨૦ પ | ય |
| તા | | | ૨૧ ર | ન્ના | દે | | ૨૨ દી | | |
| | ૨૩ મ | | | | શો | | ૨૪ વા | ૨૫ સુ | ૨૬ કિ |
| ૨૭ ર | જા | ક | ૨૮ જા | | | ૨૯ વ | ન | વા | સ |
| | લ | | ૩૦ દુ | ર્યો | ધ | ન | | ૩૧ સ | મ |

### ઓળખાણ પડી?

૧૯૮૦ના દાયકામાં સની દેઓલ અને અમૃતા સિંહની કારકિર્દીની શરૂઆત જે ફિલ્મથી થઈ હતી એની ઓળખાણ પડી? ફિલ્મ સુપરહિટ હતી.



અ) અર્જુન બ) બેતાબ
ક) ત્રિદેવ ડ) મર્દ

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૮ | | ૪ | ૭ | ૯ | ૨ |
| | | | ૧ | | ૭ | | | |
| ૬ | | | ૨ | | ૩ | | | ૧ |
| ૧ | ૪ | | | | | | ૨ | ૫ |
| | | | | | | | | |
| ૭ | ૩ | | | | | | ૪ | ૮ |
| ૫ | | | ૬ | | ૧ | | | ૩ |
| | | | ૯ | | ૫ | | | |
| ૮ | ૧ | ૪ | ૭ | | ૨ | ૫ | ૬ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૬ | ૪ | ૩ | ૮ | ૫ | ૧ | ૯ |
| ૪ | ૩ | ૮ | ૫ | ૯ | ૧ | ૭ | ૬ | ૨ |
| ૯ | ૧ | ૫ | ૬ | ૭ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૬ | ૪ | ૭ | ૧ | ૫ | ૯ | ૨ | ૩ | ૮ |
| ૩ | ૫ | ૧ | ૮ | ૨ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૨ | ૮ | ૯ | ૩ | ૪ | ૭ | ૧ | ૫ | ૬ |
| ૧ | ૭ | ૪ | ૯ | ૬ | ૫ | ૮ | ૨ | ૩ |
| ૮ | ૬ | ૨ | ૭ | ૧ | ૩ | ૪ | ૯ | ૫ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૮ | ૪ | ૬ | ૭ | ૧ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दीदार | દેખાવ |
| दीन | ગરીબ |
| दीप्ति | તેજ |
| दीमक | ઊધઈ |
| दीर्घ | લાંબું |

**ગુજરાત મોરી મોરી રે:** કંચન અને ગંગા

**ઓળખાણ પડી?** અંગૂર

**માઈન્ડ ગેમ :** ખૂબસૂરત

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** નાગિન

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

એક્ટર તેમ જ નિર્માતા - દિગ્દર્શક તરીકે નોંધપાત્ર યોગદાન આપનારા રાજ કપૂરે કઈ ફિલ્મમાં ગાયક બની ગીત ગાયું હતું એ કહી શકશો?

અ) નીલકમલ બ) આવારા ક) ચિતોડ વિજય ડ) દિલ કી રાની

### માઈન્ડ ગેમ

મેહમૂદ - શુભા ખોટેની જોડી કેટલીક ફિલ્મોમાં જોરદાર જામી લોકપ્રિય થઈ હતી. બંને સાથે હતાં એ ફિલ્મનું નામ શોધી કાઢો.

અ) પડોસન બ) છોટી બહન ક) સીમા ડ) દેવર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ધીરેન ઉદેશી (૬) ભરત કજરિયા (૭) નૂતન વિપીન શાહ (૮) ખુશરૂ કાપડિયા (૯) મીનળ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) હર્ષા મહેતા (૧૨) નિખિલ બંગાળી (૧૩) લજિતા ખોના (૧૪) વિપીન શાહ (૧૫) અમીશી બંગાળી (૧૬) મુલરાજ કપૂર (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેશ સંઘવી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) પ્રવીણ વોરા (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) નિતીન જયંતીલાલ બજરિયા (૩૨) અરવિંદ કામદાર (૩૩) કમલ માતલિયા (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) હિનાબેન દલાલ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) રમેશભાઈ દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) નંદુભાઈ અ. ગોઠી (૪૨) સુભાષ મોમાયા (૪૩) નીતા દેસાઈ (૪૪) તાહેર ઔરંગાબાદવાલા (૪૫) શીરીન ઔરંગાબાદવાલા (૪૬) પુષ્પા પટેલ (૪૭) મહેશ દોશી (૫૧) પ્રતિભા પમાણી (૫૨) ભામિની સંપટ (૫૩) અબ્દુલ્લા એફ. મુનીમ

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

ગોવિંદા આલા રે...

# ૫૬ની છાતી ને ૫૬મી હીરોઈન સાથે કમબેક...!

## ૧૯૮૬માં પહેલી ફિલ્મ કરી એના ૪૦ વર્ષ પછી ‘વિરાર કા છોકરા’ ગોવિંદા બે ફિલ્મ સાથે પુનરાગમન કરવા થનગની રહ્યો છે.

૧૪ના આંકડાની વાત નીકળે ત્યારે સૌપ્રથમ ભગવાન શ્રી રામના ૧૪ વર્ષના વનવાસનું જ સ્મરણ થાય. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સંદર્ભમાં વાત કરીએ તો ૧૪ વર્ષની ઉંમરે જીવનમાં ગજબનાક બદલાવનો અનુભવ કરનાર ‘વિરાર કા છોકરા’ના હુલામણા નામથી જાણીતા બનેલો એક્ટર ગોવિંદ અરુણ આહુજા સાત વર્ષનાં અડધા વનવાસ (૧૪ના અડધા સાત થાય) પછી ૫૬ની છાતી (હિંમત અને મનોબળ) રાખી ૫૬મી (૧૪ ગુણ્યા ચાર ૫૬ થાય) હીરોઈન સાથે એક નહીં, પણ બે ફિલ્મની ઘોષણા કરી કમબેક કરવા થનગની રહ્યો છે.

‘વિરાર કા છોકરા’ ઉપરાંત ‘ચી ચી’ અને ‘હીરો નંબર વન’ જેવાં હુલામણાં નામથી પણ જાણીતા ગોવિંદાએ તાજેતરમાં બે ફિલ્મની ઘોષણા કરી પછી ‘હવે આનું ઈન્ડસ્ટ્રીમાં કંઈ ન ઉપજે’ એવા ગણગણાટ વચ્ચે ગોવિંદ અરુણ આહુજા - સિને પ્રેમીઓના ગોવિંદાએ ‘રૂપા’ અને ‘દુનિયાદારી’ ટાઈટલ ધરાવતી ફિલ્મોમાં કામ કરી પુનરાગમન કરવાનું નક્કી કર્યું છે. યંગસ્ટર્સને ધ્યાનમાં રાખી ફિલ્મ બનાવવામાં આવશે એવી સ્પષ્ટ રજૂઆત કરનારા અભિનેતાએ ફિલ્મની હીરોઈનના નામની ઘોષણા કરી એનો જાહેરમાં પરિચય પણ કરાવ્યો હતો. ઉત્તર પ્રદેશની રાની સ્વર્ણકાર (કોમલરાની સ્વર્ણકાર) ગોવિંદાની નાયિકા છે. કલા - અભિનય ક્ષેત્ર સાથે એ કેવી અને કેટલી સંકળાયેલી છે એની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પ્રેસ કોન્ફરન્સમાં હીરો નંબર વનએ એટલું જ જણાવ્યું હતું કે ‘રાની ઉત્તર પ્રદેશની છે. ‘રૂપા’ ઉપરાંત ‘દુનિયાદારી’ ફિલ્મમાં પણ એ હીરોઈન હશે. મારી ફિલ્મમાં યુપી અને મહારાષ્ટ્રના અનેક નવા કલાકારોને તક આપવામાં આવશે. રૂપા પ્રતિભાશાળી છે. એની સાથે અડધો ડઝન હિટ ફિલ્મ આપી શકું એવી ઈશ્વરને પ્રાર્થના કરું છું અને હા, પ્રિય દર્શકોના સહયોગની અપેક્ષા રાખું છું. ‘રૂપા’ અને ‘દુનિયાદારી’ એ બંને ફિલ્મ એકદમ અલગ કથાનક સાથે જોવા મળશે એની હું ગેરંટી આપું છું.’

ગોવિંદાની આ નવી હીરોઈન રાનીની ચોક્કસ ઉંમર જાણવા નથી મળતી, પણ એ ૨૫ - ૨૬ની હશે (She is in her twenties એવો ઉલ્લેખ છે) એવો અંદાજ મૂકી શકાય. ગોવિંદાની ઉંમર ૬૨ વર્ષ છે. એનો અર્થ એ થયો કે હીરો - હીરો હીરોઈન વચ્ચે ૩૬ - ૩૭ વર્ષનો ફરક છે.

જસ્ટ તમારી જાણ સહજ : ગયા વર્ષે રિલીઝ થયેલી ‘સિકંદર’ના હીરો - હિરોઈન સલમાન ખાન અને રશ્મિકા મંદાના વચ્ચે ૩૦ વર્ષનો તફાવત હતો. ‘જોની મેરા નામ’માં દેવ આનંદ અને હેમા માલિની વચ્ચે ૨૫ વર્ષનો અને ‘નિ:શબ્દ’માં અમિતાભ બચ્ચન - જિયા ખાન વચ્ચે ૪૬ વર્ષનો તફાવત હતો.... ‘રૂપા’ ફિલ્મમાં ગોવિંદાની રાની સાથે રોમેન્ટિક જોડી છે કે પિતા - પુત્રી છે કે અન્ય કોઈ કોમ્બિનેશન છે કે કેમ એની જાણકારી આજની તારીખમાં નથી, પણ આટલા મોટા ઉંમરના તફાવતવાળી જોડી જો રોમેન્સ કરે તો દર્શકો એને ‘જોની મેરા નામ’ની માફક સ્વીકારશે કે કેમ એ વિશે શંકા છે. સલમાનની ‘સિકંદર’માં પણ ઉંમર તફાવતની ખાસી એવી ટીકા થઈ હતી.

આ ફિલ્મની ઘોષણા નિમિત્તે ગોવિંદાએ ૧૪ના અંકના કનેક્શન વિશે મજેદાર વાત કરી. ન્યૂમરોલોજીમાં વિશ્વાસ રાખતા ગોવિંદાએ કહ્યું કે ‘હું ૧૪ વર્ષનો થયો ત્યારે મારા જીવનમાં મોટો વળાંક આવ્યો. મારી પહેલી ફિલ્મ હિટ થતાની સાથે એક અઠવાડિયામાં જ મેં ૧૪ ફિલ્મ સાઈન કરી હતી. ત્યારબાદ ૧૪ વર્ષ સુધી સુપર સ્ટારડમ (૧૯૮૮થી ૨૦૦૨) ભોગવ્યું. ૧૪મી લોકસભામાં હું સંસદ સભ્ય બન્યો અને ત્યારબાદ ૧૪ વર્ષના કપરા સમય બાદ ફિલ્મોમાં પાછા ફરવાનો નિર્ણય લીધો. ૨૦૧૯માં ‘રંગીલા રાજા’ કર્યા પછી સાત વર્ષ (૧૪ના અડધા ૭ થાય) પછી ફરી ‘ફિલ્મ હી કર્મ હૈ, ફિલ્મ હી ધર્મ હૈ’; મંત્ર જપવાનું નક્કી કર્યું છે.

ફિલ્મના અન્ય કલાકાર - કસબીના નામની ઘોષણા ટૂંક સમયમાં કરવામાં આવશે. સપ્ટેમ્બર - ઓક્ટોબરમાં શૂટિંગ શરૂ થવાની ગણતરી છે. રાની નવોદિત છે, પણ એકવીસમી સદીમાં નવી હીરોઈન સામે મોટો સ્ટાર હોય તો પણ નર્વસ નથી થતી એ ‘રબ ને બના દી જોડી’ સહિત અન્ય ફિલ્મોમાં જોવા મળ્યું છે. સવાલ એટલો જ છે કે ૨૦૨૭માં ગોવિંદાની ફિલ્મ માટે દર્શકોમાં કેટલી ઉત્સુકતા હશે?



### હીરો નંબર વનની ૫૫ હીરોઈન...

નંબર વન ધરાવતી છ ફિલ્મોમાં કામ કરનારા ‘હીરો નંબર વન’ ગોવિંદાની રિલીઝ થયેલી પહેલી ફિલ્મ હતી ‘લવ ૮૬’ (૧૯૮૬). ઈસ્માઈલ શ્રોફ દિગ્દર્શિત આ ફિલ્મમાં એની હીરોઈન હતી નીલમ કોઠારી જે નીલમ તરીકે વધુ જાણીતી છે. એક્ટર સમીર સોનીની પત્ની નીલમ સાથે ગોવિંદાએ ૧૩ ફિલ્મમાં (લવ ૮૬, ઈલ્ઝામ, ખુદગર્ઝ, સિંદૂર, ઘર મેં રામ ગલી મેં શ્યામ, હત્યા, દોસ્ત ગરીબો કા, દો કૈદી, ફર્ઝ કી જંગ, બિલ્લુ બાદશાહ, તાકતવર, ઘરાના અને જોરદાર) કામ કર્યું હતું. જાણવા જેવી વાત એ છે કે એમાંથી ૧૨ ફિલ્મ તો ૧૯૮૬થી ૧૯૮૯ દરમિયાન રિલીઝ થઈ હતી. ત્યારબાદ આવે છે કરિશ્મા કપૂર જેની સાથે ૧૯૯૩થી ૨૦૦૦ દરમિયાન ૧૦ ફિલ્મ કરી હતી. ૧૯૯૮થી ૨૦૦૨ દરમિયાન આઠ સહિત રવીના ટંડન સાથે નવ ફિલ્મ, ૧૯૯૦થી ૧૯૯૩ દરમિયાન પાંચ સહિત જુહી ચાવલા સાથે સાત અને કિમી કાટકર સાથે પણ સાત ફિલ્મ. મંદાકિની અને ફરહા સાથે છ - છ, શિલ્પા શેટ્ટી અને સોનમ સાથે પાંચ -પાંચ, અનુરાધા પટેલ સાથે ચાર, મીનાક્ષી શેષાદ્રી, મમતા કુલકર્ણી, તબુ, શિલ્પા શિરોડકર અને રાની મુખરજી પ્રત્યેક સાથે ત્રણ ફિલ્મ કરી છે.

આ બધા ઉપરાંત માધુરી દીક્ષિત, મનીષા કોઈરાલા, મધુ, આયેશા ઝુલ્કા, દિવ્યા ભારતી, સુષ્મિતા સેન, લારા દત્તા, ઉર્મિલા માતોંડકર, ટ્વિન્કલ ખન્ના, સોનાલી બેન્દ્રે, રંભા, પ્રીતિ જાંગિયાની અને આરતી છાબરિયા સાથે બે બે ફિલ્મમાં જોડી જમાવી છે. હીરોઈનોની યાદી આટલી લાંબી હોય એટલે સ્વાભાવિક છે કે એક જ ફિલ્મમાં કામ કર્યું હોય એની સંખ્યા વધારે હોય. એક જ ફિલ્મમાં ગોવિંદાની હીરોઈન બની હોય એમાં શ્રીદેવી, પદ્મિની કોલ્હાપુરે, ઐશ્વર્યા રાય, પ્રિયંકા ચોપડા અને કેટરિના કૈફ જેવી પ્રથમ હરોળની અભિનેત્રી ઉપરાંત પારિજાત, વર્ષા ઉસગાંવકર, ખુશ્બુ, રમ્યા ક્રિશ્નન, મધુવંતી પટવર્ધન, નમ્રતા શિરોડકર, મહિમા ચૌધરી, પ્રીટિ ઝિન્ટા, રિતુ શિવપુરી, સિમરન, સાક્ષી શિવાનંદ, દિવ્યા દત્તા, રિંકી ખન્ના, નંદિની સિંહ, રીમા સેન, અમૃતા રાવ, યુવિકા ચૌધરી, શેનોન એસરા, પ્રવલીન સંધુ, હંસિકા મોટવાણી અને મિશિકા ચૌરસિયા સાથે માત્ર એક જ ફિલ્મ કરી છે. ૫૬મી હિરોઈન કોમલરાની સ્વર્ણકાર સાથે બે ફિલ્મની જાહેરાત તો થઈ છે. કેટલી બને છે એ તો સમય જ કહેશે. ■

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# તીજનબાઇઃ એકપાત્રી અદાકારીની જાજરમાન અભિનેત્રીઃ ‘મહાભારત હું ગાતી નથી... હું એને જીવું છું.’

**‘મારા હાથમાં તંબૂરો આવે એટલે એ ક્યારે ભીમની ગદા બની જાય છે એની મને પણ ખબર પડતી નથી.’**

***********

**‘કલાકારની સાચી કમાણી એ છે કે લોકો વર્ષો પછી પણ તેને યાદ કરે.’**

***********

છત્તીસગઢના એક ગામની સાંજ. ધૂળ ઉડે છે. ખુલ્લા મેદાનમાં ગામના વૃદ્ધોથી લઈને બાળકો સુધી સૌ ગોળ થઈને બેઠા છે. મંચ પર એક જાજરમાન સ્ત્રી પ્રવેશે છે. હાથમાં માત્ર તંબૂરો. સ્ટેજ પર ના કોઇ સેટ લાઇટિંગ કે ના ધમાકેદાર સંગીત. એ સ્ત્રી મહાભારતની શરૂઆત કરીને પહેલો સંવાદ કે શબ્દ બોલે છે ને જાણે આખું કુરુક્ષેત્ર એ નાનકડા ગામમાં ઊતરી આવે છે. એક ક્ષણ પહેલાં જે તંબૂરો હતો, એ હવે ભીમની ગદા છે. બીજી જ પળે એ અર્જુનનું ગાંડિવ છે. થોડીવારે એ શ્રીકૃષ્ણના રથની લગામ છે. પ્રેક્ષકો ભૂલી જાય છે કે મંચ પર માત્ર એકલી સ્ત્રી જ ઊભી છે, જે આટલાં બધાં પાત્રો એક પછી એક ભજવી રહી છે. એવાં હતાં અદ્‌ભુત લોકકલાકાર તીજનબાઈ, જેમણે હમણાં પાંચ જુલાઇએ વિદાય લીધી. આ લેખની શરૂઆતના ૩ વિચાર આમ અભણ પણ કલાજ્ઞાતા તીજનબાઇના છે.

ભારતમાં મહાભારત જેવા સવિશેષ ગ્રંથને અનેક લોકોએ અનેકવાર લખ્યું છે, ભજવ્યું છે, સિરિયલ-ફિલ્મોમાં દેખાડ્યું છે, પરંતુ પાંડવાણી કથન-અભિનયશૈલી ‘મહાભારત’ને માત્ર કહેતી નથી, જીવતી કરે છે. આ લોકપરંપરામાં ગાયક એકલો હોય છે, પરંતુ તેની અંદર આખું મહાભારત વસેલું હોય છે. ચહેરાના હાવભાવ, આંખોની ચમક, અવાજની ઊંચ-નીચ અને હાથમાંનો તંબૂરો મળીને એવું દૃશ્ય સર્જે કે મહાભારતનાં પાત્રો અચાનક આપણી સામે ધબકવા લાગે.

પાંડવાણીની બે મુખ્ય શૈલી છેઃ વેદમતી અને કાપાલિક. વેદમતીમાં ગાયક બેઠા રહીને કથા કહે, જ્યારે કાપાલિકમાં કલાકાર આખા શરીરથી અભિનય કરે. તીજનબાઈએ આ કાપાલિક પરંપરામાં એવો જીવ રેડી દીધો કે લોકો પાંડવાણી સાંભળવા નહીં, તીજનબાઈને જોવા આવવા લાગ્યા. તે દ્રૌપદીના ચીરહરણનો પ્રસંગ ભજવે તો રુંવાડા ઊભા થઇ જાય, આંખો ભીની થઇ જાય ને યુદ્ધમાં ભીમ ગદા ફેરવીને લલકારે ત્યારે મડદામાંયે જાન આવી જાય એવી તાકાત હતી તીજનબાઇની કલામાં.



૧૯૫૬માં ગનિયારી ગામમાં ગરીબ પરિવારમાં જન્મેલી તીજનના ઘરમાં સંપત્તિ નહોતી, પરંતુ વાર્તાઓનો અખૂટ ખજાનો હતો. નાનાજી બ્રિજલાલ મહાભારત ગાતા. નાનકડી તીજન કલ્લાકો સુધી સાંભળતી રહેતી. થોડાંક જ વર્ષોમાં મહાભારતના બધાં પ્રસંગો મોઢે થઈ ગયા. તીજનને શાળા ઓછું ભણાવી શકી, પરંતુ મહાભારતે જીવનભરનું શિક્ષણ આપ્યું પણ સમાજે તીજન સાથે ખૂબ અન્યાય કર્યો. ‘એક સ્ત્રી, કાપાલિક શૈલીમાં પાંડવાણી ગાઇ શકે જ નહીં’ એવી દકિયાનુસી-રૂઢીચુસ્ત માન્યતા કે પ્રથાને લીધે તીજનનો ખૂબ વિરોધ કે બહિષ્કાર થયો. અંગત જીવનમાં પણ અનેક ઉતાર-ચઢાવ આવ્યા, છતાં તીજનબાઇએ હાથમાંથી તંબૂરો છોડ્યો નહીં.

તીજનબાઇની સફરનો સૌથી યાદગાર વળાંક ત્યારે આવ્યો જ્યારે પ્રખર રંગકર્મી હબીબ તન્વીરે પહેલી વાર તેજનબાઈને સાંભળ્યા ત્યારે તેમને તરત સમજાઈ ગયું કે આ અવાજ માત્ર છત્તીસગઢના ગામડાઓમાં કેદ થઇને રહે એવો મામૂલી નથી. ત્યાર બાદ તીજનબાઇની સફર ગામનાં મેળાઓમાંથી દેશના મોટા મોટા મંચ-રંગમંચ સુધી પહોંચી. દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ... તીજનબાઇને ગનિયારી ગામથી દિલ્હી સુધી ને દિલ્હીથી આખી દુનિયા સુધી પહોંચાડી. ફ્રાન્સ, બ્રિટન, જાપાન, અમેરિકા અને બીજા અનેક દેશોમાં તેમણે પાંડવાણી રજૂ કરી. કમાલની વાત તો એ હતી કે ત્યાંના પ્રેક્ષકોને છત્તીસગઢી બોલીની એક લીટી પણ સમજાતી નહોતી. છતાં કાર્યક્રમ પૂરો થાય ત્યારે લોકો ઊભા થઈને સ્ટેન્ડિંગ ઓવેશન વખતે મિનિટો સુધી તાળીઓના ગડગડાટથી વધાવતા.

ભાષા તીજનબાઇની કલા વચ્ચે દીવાલ બની શકી નહીં. દ્રૌપદીની વેદના, કર્ણનું દાન ને કૃષ્ણની બુદ્ધિ તીજનબાઇના અવાજ અને અભિનયમાંથી સીધી પ્રેક્ષકોના દિલને વીંધી નાખતી. તીજનબાઇના આંગિક-વાચિક અભિનયથી વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી પણ ખૂબ પ્રભાવિત થયાં અને જગભરમાં એમને મોકલ્યાં.

‘તીજનબાઇ’ નામની ઘટના પછી પાંડવાણી શૈલીને એક નવી જ ઓળખ અને પ્રતિષ્ઠા મળી પણ બીજી તરફ, તીજનબાઇના જીવનમાં સુખ કરતાં સંઘર્ષ વધુ આવ્યા. સમાજનો વિરોધ, કારમી ગરીબી, અંગત જીવનની નિષ્ફળતા, સતત પ્રવાસ ને વધતી જતી ઉંમરએ બધાં તમામ દુઃખોની સામે મંચ પર આવતા વેંત જ તીજનબાઇ સાવ બદલાઈ જતાં. પરકાયા પ્રવેશ શું કહેવાય એ તીજનબાઈને જોઇને સમજાય. એમનો કોઈપણ કાર્યક્રમ કે શો એના જૂના પર્ફોર્મન્સ જેવો નહોતો. મહાભારતનો કોઇપણ પ્રસંગ દરેક વખતે નવા ભાવથી સ્ટેજ પર જન્મતો.

સંગીત નાટક અકાદમી પુરસ્કાર પછી પદ્મશ્રી, પદ્મભૂષણ ને અંતે પદ્મવિભૂષણથી તીજનબાઇનું સન્માન થયું, પરંતુ તીજનબાઈની સૌથી મોટી ઓળખ કોઈ ઇનામ ઇલ્કાબ કે ચંદ્રક નહોતી પણ તીજનબાઇને લીધે આજે કોઈપણ યુવતી નિર્ભયતાથી પાંડવાણી ગાઇ શકે છે જેની પાછળ તીજનબાઇની લડતને શ્રેય જાય છે.

અંતે, એક લેખક તરીકે કલ્પના કરું છું કે...

ગામમાં કાર્યક્રમ પૂરો થયો છે. આયોજક મહેનતાણાં તરીકે બે કિલો ચોખા, થોડી દાળ અને એક નાનું પોટલું તીજનબાઇના હાથમાં મૂકે છે. બાજુમાં ઊભેલો કોઈ પૂછે છે, આટલી મહેનત પછી બસ આટલું જ? તીજનબાઈ માત્ર સ્મિત કરે છે. કદાચ સાચો કલાકાર આવો જ હોય. તેની સૌથી મોટી કમાણી તો પ્રેક્ષકોનાં હૃદયોમાં સમાણી હોય છે, પેલા પોટલામાં નહીં,

પછી બીજું દૃશ્ય પણ કલ્પું છું...

ગામના કેટલાક લોકો કહે છે, સ્ત્રી પાંડવાણી નહીં ગાય. એની સામે કોઈ ભાષણ નથી. કોઈ ગુસ્સો નથી. બીજે જ દિવસે એ જ સ્ત્રી ફરી હાથમાં તંબૂરો લઈને મંચ પર ઊભી છે. વિરોધનો જવાબ શબ્દોથી નહીં, કલાથી આપે છે.

અને છેલ્લું કાલ્પનિક દૃશ્ય...

ઉંમરે શરીરને થકવી નાખ્યું છે, પરંતુ મહાભારતનો પહેલો શબ્દ ઉચ્ચારતાં જ આંખોમાં ફરી એક તેજ ઝળહળી ઊઠે છે. હાથનો તંબૂરો ફરી ભીમની ગદા બની જાય છે. પડદો પડે છે. લોકો ઘરે પાછા ફરે છે, પણ ક્યાંક દૂર કોઈ અજાણ્યા ગામડામાં નાનકડી બાળકી પહેલીવાર હાથમાં તંબૂરો લઈને મહાભારત ગાવાની હિંમત કરે છે...ત્યારે સમજાય કે અમુક મહાન કલાકારોનું મૃત્યુ થાય છે, પરંતુ તેમની કલા ક્યારેય મરતી નથી. તીજનબાઈ કદાચ એવી જ એક પરંપરાનું નામ છે, જેનો અવાજ હવે સદાયે પાંડવાણીના દરેક શોમાં પડઘાતો રહેશે. ■


શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# Gen Z ને બોલિવૂડ વચ્ચે બંધાઈ રહ્યો છે નવો સંબંધ

## જાણો, આજના યુવાનો માટે ફિલ્મ્સ હવે મનોરંજનનું એકમાત્ર કેન્દ્ર કેમ નથી રહ્યું?



‘એનિમલ’ - ‘ધુરંધર’નાં વાયરલ દૃશ્ય.



એક સમય હતો જ્યારે ફિલ્મ્સ મનોરંજનનું સૌથી મોટું માધ્યમ હતી. નવી ફિલ્મ રિલીઝ થાય એટલે તેની ચર્ચા ઓફિસમાં, કોલેજમાં, મિત્રોના ગ્રૂપમાં અને ઘરમાં થતી. ફિલ્મનાં ગીતો મહિનાઓ સુધી વાગતા રહેતાં અને મોટા સ્ટાર્સ લોકોની રોજિંદી વાતચીતનો ભાગ બની જતા. જોકે આજે Gen Z તરીકે ઓળખાતી પેઢી સાથે ફિલ્મ્સ જોવાની રીત જ બદલાઈ ગઈ છે. હકીકતમાં પ્રશ્ન એ નથી કે Gen Z ને બોલિવૂડ ગમે છે કે નહીં. પ્રશ્ન એ છે કે તે પેઢી બોલિવૂડને કેવી રીતે જુએ છે.

આજની પેઢી માટે ફિલ્મ્સ હવે મનોરંજનનો એકમાત્ર વિકલ્પ નથી. ફોન હાથમાં લો એટલે યુટ્યૂબ છે, ઇન્સ્ટાગ્રામ છે, રીલ્સ છે, ઓટીટી છે, પૉડકાસ્ટ્સ છે, ગેમિંગ છે અને હજારો કન્ટેન્ટ ક્રિએટર્સ છે. એક જ વ્યક્તિ દિવસમાં દસ પ્રકારનું કન્ટેન્ટ જોઈ શકે છે એટલે બોલિવૂડની સ્પર્ધા હવે માત્ર બીજી ફિલ્મ્સ સાથે નથી. તે દરેક એવી વસ્તુ સાથે છે જે લોકોનો સમય અને ધ્યાન ખેંચી શકે.

ફિલ્મ્સ શોધવાની રીત પણ આખેઆખી બદલાઈ ગઈ છે. પહેલાં ટ્રેલર ટીવી પર આવતું, અખબારમાં જાહેરાત આવતી કે પછી મિત્રોની વાતોથી ફિલ્મ વિશે ખબર પડતી. આજે ઘણા યુવાનોને ફિલ્મનું નામ ખબર પડે એ પહેલાં તેનો કોઈ ડાયલૉગ, કોઈ સીન કે કોઈ ગીત રીલમાં દેખાઈ જાય છે. ઘણી વખત એવું પણ બને છે કે લોકોએ આખી ફિલ્મ જોઈ નથી હોતી, પણ તેનો એક વાઇરલ સીન તેમને યાદ હોય છે. ‘તમાશા’, ‘રોકસ્ટાર’ કે ‘યે જવાની હૈ દીવાની’ જેવી ફિલ્મ્સ આજે પણ નવી પેઢી સુધી રીલ્સ દ્વારા પહોંચી રહી છે. સોશ્યલ મીડિયા પર ક્યારેક ફિલ્મ કરતાં ફિલ્મની એક ક્લિપ વધુ લોકપ્રિય બની જાય છે.

Gen Z ફિલ્મ્સને પણ અલગ રીતે કન્ઝ્યુમ કરે છે. ઘણી વખત આખી ફિલ્મ કરતાં તેના અમુક સીન્સ વધુ લોકપ્રિય બને છે. કોઈ ડાયલૉગ, કોઈ ઇમોશનલ સીન, કોઈ રોમેન્ટિક મોમેન્ટ કે કોઈ ગીત સોશ્યલ મીડિયા પર એટલું ફરતું રહે છે કે ફિલ્મ ન જોનાર વ્યક્તિ પણ તેને ઓળખી જાય. પહેલાં ફિલ્મ એક સંપૂર્ણ અનુભવ હતી. આજે ઘણી વખત ફિલ્મના ટુકડા પોતાની અલગ જ જિંદગી જીવતા હોય છે.

ફેનડમ પણ પહેલાં જેવું રહ્યું નથી. એક સમય હતો જ્યારે લોકો પોતાને શાહરુખ ખાનના ફૅન કે સલમાન ખાનના ફૅન તરીકે ઓળખાવતા. આજે ઘણા યુવાનો કોઈ સ્ટાર કરતાં કોઈ ખાસ પાત્ર કે ખાસ પરફૉર્મન્સ સાથે વધુ જોડાય છે. કોઈને ‘એનિમલ’માં રણબીર કપૂર ગમે, કોઈને ‘છાવા’માં વિકી કૌશલ ગમે, પરંતુ એનો અર્થ એ નથી કે તે હવે એ સ્ટારના દરેક પ્રોજેક્ટ પાછળ જશે. ‘હાઇવે’માં આલિયા ભટ્ટ ગમે, પણ તેની ‘આલ્ફા’ને ટ્રોલ કરી શકે છે. સ્ટાર્સ હજુ પણ મહત્ત્વના છે, પરંતુ તેમનો પ્રભાવ પહેલાંની જેમ એકતરફી રહ્યો નથી.

બીજી એક રસપ્રદ વાત એ છે કે આજની પેઢી માટે ગ્લૅમર કરતાં ઓરિજિનાલિટી વધુ મહત્ત્વની બની રહી છે. લોકો હવે માત્ર ફિલ્મ્સમાં દેખાતો સ્ટાર નથી જોતા. તે પૉડકાસ્ટ જુએ છે, ઇન્ટરવ્યૂ જુએ છે, બિહાઇન્ડ ધ સીન્સ વીડિયો જુએ છે અને સ્ટાર ખરેખર કેવો છે એ જાણવામાં રસ લે છે. કદાચ એ કારણ છે કે આજે ઘણા કલાકારો માટે તેમની સોશ્યલ મીડિયા પ્રેઝન્સ પણ એટલી જ મહત્ત્વની બની ગઈ છે જેટલી તેમની ફિલ્મ્સ.

ફિલ્મ્સની ચર્ચા કરવાની રીતમાં પણ મોટો ફેરફાર આવ્યો છે. પહેલાં રિવ્યૂઝ વાંચીને કે ટીવી પરની ચર્ચાઓ જોઈને લોકો અભિપ્રાય બાંધતા. આજે મીમ્સ, સોશ્યલ મીડિયા પોસ્ટ્સ, યુટ્યૂબ રિએક્શન્સ અને ઑનલાઇન ચર્ચાઓ ઘણી વખત રિવ્યૂ કરતાં વધુ અસર કરે છે. કોઈ ફિલ્મ વિશેનો માહોલ હવે દિવસો કે અઠવાડિયામાં નહીં, પરંતુ કલાકોમાં બની જાય છે. ક્યારેક એક મીમ પણ ફિલ્મની ઈમેજને અસર કરી શકે છે.

થિયેટર જવાની આદત પણ બદલાઈ ગઈ છે. પહેલાં લોકો નિયમિત ફિલ્મ જોવા જતા. આજે ઘણા યુવાનો માટે થિયેટર જવું એક ઇવેન્ટ બની ગયું છે. એવી ફિલ્મ જેનો માહોલ હોય, જેના વિશે બધે ચર્ચા થતી હોય કે જે મોટી સ્ક્રીન પર જોવાનો અનુભવ આપે, તેવી ફિલ્મ્સ માટે લોકો હજુ પણ થિયેટર પહોંચે છે. ‘સ્ત્રી ૨’, ‘એનિમલ’, ‘છાવા’ કે હોલિવૂડની ઇવેન્ટ ફિલ્મ્સે એ સાબિત પણ કર્યું છે.

જોકે સૌથી મોટો ફેરફાર કદાચ એ છે કે Gen Z માત્ર દર્શક નથી. તે ફિલ્મ વિશે પોસ્ટ કરે છે, મીમ્સ બનાવે છે, એડિટ્સ બનાવે છે, ચર્ચા કરે છે અને પોતાનો અભિપ્રાય જાહેરમાં મૂકે છે. એટલે હવે દરેક દર્શક થોડોક ક્રિટિક પણ છે, થોડોક માર્કેટર પણ છે અને થોડોક કન્ટેન્ટ ક્રિએટર પણ છે. ફિલ્મનો અંત હવે થિયેટરની બહાર નીકળતાં નથી આવતો. તેની ચર્ચા અને તેની સફર સોશ્યલ મીડિયા પર આગળ વધતી રહે છે.

આ બધાનો અર્થ એવો નથી કે Gen Zને ફિલ્મ્સ ઓછી ગમે છે. વાત માત્ર એટલી છે કે ફિલ્મ્સ હવે તેમની દુનિયાનું એકમાત્ર કેન્દ્ર નથી રહી. છતાં જ્યારે કોઈ ફિલ્મ આ બધા શોર વચ્ચે પોતાનું સ્થાન બનાવી લે છે ત્યારે તે આજે પણ લોકો પર એટલી જ અસર છોડી શકે છે જેટલી પહેલાં કરતી હતી. ■

**લાસ્ટ શોટ**

***આજના દર્શક માટે ફિલ્મ સારી હોવી જરૂરી છે, પણ તેની સાથે તે સરળતાથી મળી રહેવી પણ એટલી જ જરૂરી છે.***

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# હિન્દી ફિલ્મ સંગીતના અનોખા ત્રિદેવ

## હિન્દી ચિત્રપટસૃષ્ટિના અભિન્ન અંગ ગણાતા ગીત-સંગીત વિભાગની કેટલીક વિશિષ્ટતાઓ હેરત પમાડનારી છે


ગીતા રૉય - દત્ત


લલિતા દેઉળકર - ફડકે


શમશાદ બેગમ

ત્રણ એક અનોખી સંખ્યા છે. આપણી સંસ્કૃતિમાં ત્રિદેવ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું અનન્ય સ્થાન છે. પૃથ્વી સૂર્યથી ત્રીજા સ્થાને આવેલો ગ્રહ છે. પતિ - પત્ની (દંપતી)ની જોડીમાં ત્રીજું ઉમેરાય એટલે પરિવાર બને છે. ત્રિકોણ સૌથી નાની સંપૂર્ણ આકૃતિ ગણાય છે. શિવજીના ત્રીજા નેત્રનું સામર્થ્ય જાણીતું છે. ગાંધીજીના ત્રણ બંદરની વાત ખરાબ બોલવું નહીં, ખરાબ જોવું નહીં અને ખરાબ સાંભળવું નહીં જાણીતી છે... ત્રણનો મહિમા અનંત છે. હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પણ ત્રણનો કરિશ્મા જોવા મળ્યો છે. દિલીપ - રાજ - દેવ ફેમસ ત્રિપુટી અને ત્યારબાદ ખાન ત્રિપુટી (આમિર, સલમાન અને શાહરુખ) ગાજી. ગીત, સંગીત અને નૃત્ય એ ત્રણ ઘટક વિના ભાગ્યે જ હિન્દી ફિલ્મો બની છે. મંગેશકર બહેનો પણ ત્રણ, લતા - આશા અને ઉષા. હિન્દી ફિલ્મના ગીત - સંગીતની વાત કરીએ તો અહીં જોડીનો મહિમા વધુ જોવા મળ્યો છે. હુશ્નલાલ - ભગતરામ, કલ્યાણજી - આનંદજીથી અજય - અતુલ અને સચિન - જીગર સંગીતકાર જોડી તરીકે મશહૂર છે.

જોકે ત્રણ સંગીતકારોએ મળી એક ફિલ્મ માટે ગીત કમ્પોઝ કર્યાં છે એની જાણકારી લગભગ નહીં હોય. ત્રણ ગાયક - ગાયિકાએ ગાયેલા ગીત વિશે પણ બહુ ઝાઝી ખબર નહીં હોય. આજે આપણે હિન્દી ફિલ્મ સંગીતના અનોખા ત્રિદેવથી વાકેફ થઈએ.

**બંને ખાન, રેવાશંકર મારવાડી અને ગંગાપ્રસાદ પાઠક, ફિલ્મ : 'ચાલાક ચોર' ગીતકાર : નારાયણ પ્રસાદ 'બેતાબ'.**

ચંદુલાલ શાહની 'રણજિત મૂવિટોન કંપની' એ ફિલ્મ વ્યવસાયમાં અનેક નવોદિતોને તક આપી અને અનેક અખતરા પણ કર્યા. આ બૅનર હેઠળ ૧૯૩૬માં 'ચાલાક ચોર' (ઈશ્વરલાલ, નૂર મોહમ્મદ ચાર્લી, દીક્ષિત અને ઘોરી મુખ્ય કલાકાર હતા) નામની ફિલ્મ બની હતી. ફિલ્મમાં ૧૦ ગીત હતાં જે એકમાત્ર ગીતકાર નારાયણ પ્રસાદ 'બેતાબ'એ લખ્યાં હતાં પણ આ ગીતોનું સ્વરાંકન બંને ખાન, રેવાશંકર મારવાડી અને ગંગાપ્રસાદ પાઠક ત્રિપુટીએ કર્યું હોવાની નોંધ છે. ત્રણ સંગીતકારના ઉપયોગનો સંભવતઃ પહેલી વાર થયો હતો. આ ત્રિપુટીએ ૧૯૩૦ના દાયકામાં 'ચાલાક ચોર' ઉપરાંત 'દિલ કા ડાકુ'માં પણ સહિયારું સ્વરાંકન કર્યું હતું. રસપ્રદ વાત એ છે કે બંને ખાને રેવાશંકર મારવાડી સાથે જોડીમાં ૧૦ ફિલ્મોમાં અને ગંગાપ્રસાદ પાઠક સાથે બે ફિલ્મમાં સંગીત દિગ્દર્શક તરીકે આજે આપણે એક જ અભિનેતા / અભિનેત્રી માટે એક જ ફિલ્મમાં ત્રણ અથવા વધુ અલગ અલગ ગાયક / ગાયિકાએ પાર્શ્વગાયન કર્યું હોય એવાં અનોખાં ઉદાહરણ જોઈએ.

**ગીતા દત્ત, લલિતા દેઉળકર અને સુરિન્દર કૌર, ફિલ્મ શહીદ, સંગીતકારઃ ગુલામ હૈદર, અભિનેત્રીઃ કામિની કૌશલ.**

કામિની કૌશલ પર ફિલ્માવાયેલું રોમેન્ટિક પિયાનો સોંગ 'બચપન કી યાદ ધીરે ધીરે પ્યાર બન ગયી' લલિતા દેઉળકર ('જ્યોતિ કલશ છલકે' જેવાં અવિસ્મરણીય ગીતો સ્વરબદ્ધ કરનારા સંગીત દિગ્દર્શક - ગાયક સુધીર ફડકેનાં પત્ની)એ ગાયું છે, જ્યારે 'આ જા બેદર્દી બાલમા કોઈ રો રો પુકારે' સેડ સોન્ગ ગીતા દત્તના સ્વરમાં છે. ફિલ્મનું સૌથી લોકપ્રિય ગીત 'બદનામ ના હો જાએ મોહબ્બત કા ફસાના' એ સમયની નવોદિત ગાયિકા સુરિન્દર કૌરે ગાયું છે. આ ઉપરાંત કામિનીજી પર ફિલ્માવાયેલાં અન્ય બે ગીત 'હમ કહાં ઔર તુમ' તેમ જ 'આના હૈ તો આ જાઓ'માં પ્લેબેક સુરિન્દર કૌરનું જ છે.

**શમશાદ બેગમ, ગીતા દત્ત અને લલિતા દેઉળકર, ફિલ્મ શબનમ, સંગીતકાર એસ. ડી. બર્મન, અભિનેત્રીઃ કામિની કૌશલ.**

કામિની કૌશલ પર ફિલ્માવાયેલું રમતિયાળ ગીત 'મેરા દિલ તડપા કર કહાં ચલા' ગીતા દત્તના સ્વરમાં છે અને દિલીપ કુમાર - કામિની કૌશલ પર ફિલ્માવાયેલું યુગલ ગીત 'કિસ્મત મેં બિછડના થા'માં પણ ગીતા દત્તનો જ અવાજ છે. જોકે, ફિલ્મનું સૌથી લોકપ્રિય ગીત જેમાં હિન્દી ઉપરાંત બંગાળી, ગુજરાતી, મરાઠી, મદ્રાસી (એ સમયમાં મદ્રાસી શબ્દ લોકપ્રિય હતો) અને પંજાબી પંક્તિઓ છે એમાં શમશાદ બેગમનું પ્લેબેક છે. ગીતમાં શમશાદ બેગમે ગુજરાતી, મરાઠી, બંગાળી શબ્દોના શુદ્ધ ઉચ્ચારમાં ચીવટ રાખી છે. કામિનીજી પર પિક્ચરાઈઝ થયેલું 'હમ કિસકો સુનાએ હાલ'માં લલિતાજીનો અવાજ છે.

**રફી, તલત અને મુકેશ, ફિલ્મ : એક ફૂલ ચાર કાંટે, સંગીતકારઃ શંકર જયકિશન, અભિનેતાઃ સુનીલ દત્ત**

દિલીપ - દેવ - રાજની જેમ સુનીલ દત્ત માટે કોઈ એક ચોક્કસ ગાયક નિશ્ચિત ક્યારેય ન થયો. એટલે જ એમના માટે ત્રણ ગાયકનો ઉપયોગ જાણી ચોંકી નથી જવાતું. આ મજેદાર ફિલ્મમાં વહિદા રેહમાનના ચાર કાકાને પ્રભાવિત કરવાના આશય સાથે સુનીલ દત્ત અલગ અલગ પાત્રમાં જોવા મળે છે. દરેક પાત્ર નોખું તરી આવે એ માટે સંગીતકારે ત્રણ ગાયકનો આગ્રહ રાખ્યો હોવો જોઈએ અને એ યોગ્ય સુધ્ધાં છે. અહીં એક વાતનું અચરજ થાય છે કે 'ઓ મેરી બેબી ડોલ' જેવું રોક એન્ડ રોલ સોંગ રફીએ ગાયું છે જ્યારે ફિલ્મનું સુપરહિટ શાસ્ત્રીય શૈલીનું ગીત 'મતવાલી નાર ઠુમક ઠુમક ચલી જાય' મુકેશના સ્વરમાં છે અને રોમેન્ટિક યુગલ ગીતમાં તલત મેહમૂદનું પ્લેબેક છે.

**હેમંત કુમાર, રફી, મુકેશ અને શમશાદ બેગમ, ફિલ્મ : 'બ્લફ માસ્ટર', સંગીતકારઃ કલ્યાણજી - આણંદજી, અભિનેતાઃ શમ્મી કપૂર**

આ લેખનું અત્યંત અલાયદા અને અચરજ પમાડે એવા આ ગીતમાં શમ્મી કપૂરને પ્લેબેક આપનારા ગાયકોમાં ત્રણ પુરુષ ગાયક સાથે એક મહિલા ગાયકની હાજરી ચોંકાવનારી લાગે એ સ્વાભાવિક કહેવાય. મનમોહન દેસાઈ દિગ્દર્શિત આ ફિલ્મના સૌથી પહેલા વિચિત્ર લાગતા ગીત વિશે જાણીએ. 'ચલી ચલી કૈસી હવા યે ચલી' યુગલ ગીત છે જેને પ્લેબેક આપ્યું છે શમશાદ બેગમ અને ઉષા મંગેશકરે. ગીતની સિચ્યુએશનમાં શમ્મી કપૂર સ્ત્રી તરીકે સ્ટેજ પર સાયરાબાનુ સાથે ગીત ગાય છે. આ કારણસર શમશાદ બેગમના અવાજનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શમશાદજીએ પણ આ ગીત તેમના નિયમિત અંદાજ કરતાં થોડું અલગ રીતે ગાયું છે. ફિલ્મનાં લોકપ્રિય ગીતો 'ગોવિંદા આલા રે આલા' (રફી), લતાજી સાથેનું યુગલ ગીત 'હુસ્ન ચલા કુછ ઐસી ચાલ' (રફી), 'સોચા થા પ્યાર હમ ના કરેંગે' (મુકેશ) અને 'અય દિલ અબ કહીં લે જા' (હેમંત કુમાર) વિવિધ ગાયકોના સ્વરમાં રજૂ થયાં છે.

આવાં બીજાં પણ કેટલાંક રસપ્રદ ઉદાહરણ છે, પણ સ્થળ સંકોચને કારણે આ વખતે વધુ વિગતોનો સમાવેશ શક્ય નથી. એ વિશે વાત કરીશું ફરી ક્યારેક... ■

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# જાવેદ જાફરી

## ૪૧ વર્ષની કારકિર્દીમાં એક સારા ડાન્સરથી લઈને સારા કૉમેડિયન તરીકે સફળતા મેળવી



સૈયદ જાવેદ અહમદ જાફરી કહીએ તો લગભગ કોઈ ન ઓળખે, પણ જાવેદ જાફરી કહો તો તરત જ બધા ઓળખી કાઢે. જાવેદ જાફરીએ એક અભિનેતા, કૉમેડિયન, ડાન્સર અને નિર્માતા તરીકે સારી એવી નામના મેળવી છે. ફિલ્મોમાં શરૂઆત એક સારા ડાન્સર અને વિલન તરીકે કર્યા પછી જાવેદ જાફરીએ ખૂબ જ લાંબી મજલ કાપી છે.

સન ૧૯૮૫માં આવેલી 'મેરી જંગ' ફિલ્મમાં તેણે વિલનની ભૂમિકા ભજવી હતી અને પોતે એક સારો ડાન્સર છે એ પણ સાબિત કરી આપ્યું હતું. ત્યાર પછી મોટા ભાગની ફિલ્મોમાં તેણે પોતાની ડાન્સર તરીકેની ઇમેજ આગળ વધારી અને સાથે જ એક અભિનેતા તરીકે પણ પોતાનું સ્થાન મજબૂત કર્યું હતું.

૨૦૦૭માં સંજય દત્ત, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, આશિષ ચૌધરી અને અસરાની સાથે 'ધમાલ' ફિલ્મ આવી અને તેની એક કૉમેડિયન તરીકેની છાપ ઊભી થઈ. લગભગ ૧૯ વર્ષે આ ફિલ્મનો ચોથો ભાગ 'ધમાલ-ફોર' આજે રિલીઝ થઈ રહી છે, તેમાં અર્શદ વારસી સાથે તેની માનવ શ્રીવાસ્તવની ભૂમિકા છે. ૨૦૧૧માં 'ડબલ ધમાલ', ૨૦૧૮માં 'ટોટલ ધમાલ' અને હવે ૨૦૨૬માં 'ધમાલ-ફોર'માં કેટલાક કલાકારોની અદલાબદલી થઈ, પણ રિતેશ દેશમુખ, અર્શદ વારસી અને જાવેદ જાફરી તો બધી જ ફિલ્મોમાં રહ્યા છે અને આ ૧૯ વર્ષમાં જાવેદ જાફરીની ભૂમિકા-માનવ શ્રીવાસ્તવને લોકોએ એટલો જ પ્રેમ આપ્યો છે.

જોકે ૨૦૦૭થી ૨૦૨૬ સુધીમાં જાવેદ જાફરીમાં ખૂબ જ ફરક આવ્યો છે. હિન્દી ફિલ્મોના જાણીતા કૉમેડિયન જગદીપને ત્યાં ૧૯૬૨ની ચોથી ડિસેમ્બરે જન્મેલા જાવેદને નાનપણથી જ ડાન્સમાં રૂચિ હતી. સેન્ટ થેરેસા સ્કૂલમાં તેણે અનેક ડાન્સ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો. શાળા પછી વાંદરાની નૅશનલ કૉલેજમાં તેણે સાયકોલૉજી સાથે અભ્યાસ કર્યો હતો. આ દરમિયાન ૨૧ વર્ષની ઉંમરે ૧૯૮૩માં તેણે 'ઑલ ઇન્ડિયા ડાન્સ કૉમ્પિટિશન'માં ભાગ લીધો હતો અને એ સ્પર્ધામાં તે વિજયી નીવડ્યો હતો.

આ સ્પર્ધા જીતતાં જ તેની લંડનની ડાન્સ સ્કૂલમાં તાલીમ માટે પસંદગી થઈ અને ત્યાં તેણે જે તાલીમ મેળવી તેના ઉપયોગથી જ તેણે બોલિવૂડમાં પોતાનું અનરું સ્થાન જમાવ્યું હતું. 'મેરી જંગ' ફિલ્મમાં તેણે પોતાની આ પ્રતિભાનો ખૂબ જ ઉપયોગ કર્યો હતો અને સાથે વિલન પણ હતો. તેના પગલે તે બોલિવૂડમાં પહેલી જ ફિલ્મથી છવાઈ ગયો હતો.

એક બાજુ ફિલ્મ કારકિર્દી, બીજી બાજું ટેલિવિઝનની કારકિર્દી અને ત્રીજી બાજુ જાહેરખબરની દુનિયામાં પણ જાવેદે પોતાનું નામ કર્યું હતું. ૧૯૮૦થી તેણે જાહેરખબરની દુનિયામાં એક અભિનેતા - કૉપી રાઇટર અને નિર્માતા તરીકે નામના મેળવી છે અને સતત ૨૫ વર્ષ સુધી તેણે 'મેગી હૉટ ઍન્ડ સ્વીટ' સૉસની જાહેરખબરમાં મૉડેલિંગ કર્યું છે.

૧૯૯૬થી ૨૦૧૪ સુધી એટલે કે લગભગ ૧૮ વર્ષ સુધી અને લગભગ સાત સિઝન સુધી તે 'બુગીવુગી' ડાન્સ શોના જજ તરીકે દેખાયો હતો. અત્યારે જુદી જુદી ચૅનલ પર જે ડાન્સ શો ચાલી રહ્યા છે તેનાં મૂળમાં 'બુગીવુગી' જ છે એમ કહી શકાય. તેના ભાઈ નવેદ જાફરીએ રવિ બહલ સાથે મળીને આ શોની રચના કરી હતી. તે સમયે જાવેદ ટી. વી. ઉદ્યોગનો સુપરસ્ટાર, ફિલ્મોનો કલાકાર અને જાહેરખબરની દુનિયાનો સફળ મૉડેલ હતો અને સાથે જ તે આ શોનો જજ પણ હતો.

અત્યારે સોની ટી.વી. પર જ લગભગ ૧૨ વર્ષ પછી તેનું ડાન્સ રિયાલિટી શોના જજ તરીકે તેનું પુનરાગમન થયું છે. 'ઇન્ડિયાઝ બેસ્ટ ડાન્સર'ની પાંચમી સિઝનમાં ગીતા કપૂર, કરિશ્મા કપૂર અને ટેરેન્સ લૂઇસ જેવાની સાથે જજ તરીકે તે દેખાઈ રહ્યો છે. ડાન્સમાં તેની જે 'ઑથોરિટી' છે તેના પગલે તેની 'કૉમેન્ટ' પર બધાની નજર ટકેલી હોય છે.

જાવેદે રાજકારણમાં પણ હાથ અજમાવ્યો છે, પણ તેમાં તેને નિષ્ફળતા મળી છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે તે 'આપ'માં જોડાયો હતો અને લખનઉમાં તેણે ભાજપના રાજનાથ સિંહ સામે ઝૂકાવ્યું હતું. પોતાના મતવિસ્તારમાં તે હારી ગયો હતો, ત્યાર પછી તેણે રાજકારણથી દૂર જ રહેવાનું પસંદ કર્યું છે. જાવેદે પોતાની ફિલ્મોની કારકિર્દી દરમિયાન મુખ્ય હીરો તરીકે પણ ટ્રાય કરી હતી. જોકે તેમાં તે ખાસ સફળ નહોતો થયો. ૨૦૦૩માં 'જાજંતરમ મામતરમ' નામની ફિલ્મમાં તે મુખ્ય ભૂમિકામાં હતો. બાળકો માટેની આ ફિલ્મમાં તેને નિષ્ફળતા મળી હતી. ત્યાર અગાઉ તેણે ઘણી સફળ ફિલ્મો કરી હતી, પણ એ ફિલ્મોમાં તે સહાયક કલાકાર તરીકે દેખાયો હતો. તેની સફળ ફિલ્મોમાં લશ્કર, ૧૦૦ ડેઝ, તહલકા, કર્મયોદ્ધા, તીસરા કૌન, ઓહ ડાર્લિંગ યે હૈ ઇન્ડિયા, ફાયર, બૉમ્બે બૉયઝ, ગેંગ, સલામ નમસ્તે, તારા રમપમ, સિંઘ ઇઝ કિંગ, કમબખ્ત ઇશ્ક, ધમાલ સિરીઝ, કુલી નંબર વન અને દે દે પ્યાર દે સિરીઝની ફિલ્મોનો સમાવેશ થાય છે.

નિર્માતા તરીકે તેણે બે ડૉક્યુમેન્ટ્રીનું સર્જન કર્યું હતું. તેમાંથી 'ઇન્શાલ્લાહ ફૂટબૉલ' ડૉક્યુમેન્ટ્રીને ૨૦૧૧માં નૅશનલ એવૉર્ડ મળ્યો હતો. આમ જાવેદ જાફરીએ બોલિવૂડમાં પદાર્પણ કર્યા પછી કારકિર્દીમાં તે આપમેળે આગળ વધ્યો છે અને આજે ૬૩ વર્ષની ઉંમરે લગભગ ૪૧ વર્ષની કારકિર્દી બાદ પણ તે અડીખમ ઊભો છે. ■

OTTનું હોટસ્પોટ

## ૧૮ જુલાઈથી ૨૪ જુલાઈ સુધી શું જોશો?

નેટફ્લિક્સ ઓટીટીચેનલ પર આ અઠવાડિયા દરમિયાન અનેક નવી અંગ્રેજી સિરીઝની શરૂઆત થઈ રહી છે. આ સિવાય ૨૪ જુલાઈએ વિક્રાંત મેસ્સી, વેદિકા પિન્ટો અને મહિમા મકવાણા અભિનિત 'મુસાફિર કાફે'નું પ્રસારણ થશે. અહીં ૧૮ જુલાઈએ દક્ષિણની સુપરડુપર હિટ ફિલ્મ 'બોગનવિલા' પણ જોઈ શકાશે.

તો આવો હવે એક નજર આપણે નેટફ્લિક્સ પર આવતા અઠવાડિયે રજૂ થનારી કેટલીક અંગ્રેજી સિરિયલ્સ પર નાખીએ. અહીં ૧૭ જુલાઈએ જર્મન ફિક્શન ડ્રામા '૨૩૦૦૦ લાઇવ્સ' જોવા મળશે. ૧૭ જુલાઈએ જ અહીં તમે રોમાન્સથી ભરપૂર 'ડિઝાયર' જોઈ શકશો અને ૧૭ જુલાઈએ જ તમને 'હાર્ટ સ્ટોપર ફોરેવર' જોવા મળશે. જેમાં મુખ્ય કલાકારો નીક નેલ્સન અને ચાર્લી સ્પ્રિંગ છે.

**એમેઝોન પ્રાઈમ વીડિયોઃ** અહીં ૧૯ જુલાઈથી 'ફેમિલી મેન સીઝન-થ્રી'નું પુનઃ પ્રસારણ જોઈ શકાશે. એમેઝોનની આ સફળ સીરિઝમાં મુખ્ય ભૂમિકા મનોજ બાજપાઈ, શારીબ હાશમી, આશ્લેષા ઠાકુર, જયદીપ અહલાવત, પ્રિયામણિ, દર્શનકુમાર, ગુલ પનાગ, સીમા બિસ્વાસ અને જુગલ હંસરાજની છે.

**જિયો હોટસ્ટારઃ** અહીં ૨૪ જુલાઈએ 'કેરી ઓન' નામની હિન્દી ફિલ્મ જોવા મળશે. આ સિવાય તેનાં નિયમિત શો પણ જોવા મળશે.

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ૧૪નો ચમત્કાર...


ગોવિંદા


ગોવિંદા કમબેક કરી રહ્યો છે. આમ જુઓ તો એ ન્યૂઝમાંથી તો ક્યાંય ગયો ન હતો, થેન્ક્સ ટુ સુનીતા. જોકે હવે તે ફિલ્મોમાં કમબેક કરી રહ્યો છે. હાલમાં જ એક પ્રેસ કોન્ફરન્સમાં ગોવિંદાએ પોતાની આગલી ફિલ્મની જાહેરાત કરી હતી. ગોવિંદાની આ ફિલ્મનું નામ 'રૂપા' હશે. આ હીરો નંબર વનના દાવા અનુસાર એની નવી ફિલ્મ આજના યુથને ધ્યાનમાં લઈને બનાવવામાં આવી છે. તેનું કહેવું છે કે યુથ આ ફિલ્મને જોઇને ચોક્કસ કનેક્ટ થશે.

કમબેકની જાહેરાત કરતી વખતે ગોવિંદાએ પોતાનો ગુસ્સો પણ જાહેર કર્યો હતો. તેનું કહેવું હતું કે કદાચ એનું નસીબ હતું કે આટલા વર્ષ તેણે એક પણ ફિલ્મ ન કરી, જે જોઇને ઇન્ડસ્ટ્રીનાં અમુક લોકોએ ધારી લીધું હતું કે હવે તે ક્યારેય ફિલ્મોમાં પરત નહીં આવે, પરંતુ તે ચોક્કસ સમયની રાહ જોઈ રહ્યો હતો. 'રૂપા'માં ગોવિંદા સાથે જોડી જમાવશે એક નવો ચહેરો રાની સ્વરનકર.

ગોવિંદાએ આ પ્રસંગે પોતાનાં ન્યૂમરોલોજી પ્રત્યેની આસ્થા વિશે પણ જણાવ્યું હતું. તે ૧૪ વર્ષનો હતો ત્યારથી ૧૪ નંબરમાં વિશ્વાસ કરે છે. એક સમયે તેણે એક સાથે એક અઠવાડિયામાં ૧૪ ફિલ્મ સાઈન કરી હતી. તેણે ૧૪ વર્ષ સુધી સ્ટારડમનો આનંદ લીધો હતો, તે ૧૪મી લોકસભામાં સંસદ સભ્ય બન્યો હતો. ઓફિશીયલ કમબેક કરતાં પહેલાં તેણે ૧૪ વર્ષની રાહ જોઈ છે...

તો આશા કરીએ કે ગોવિંદાની આ કમબેક ફિલ્મ 'રૂપા' ૧૪ શો નહીં પણ ૧૪ વિક બોક્સ ઓફીસ પર ટકી રહે!

## કૌન બનેગા 'AI પતિ'?


અમિતાભ બચ્ચન


'સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઇન્ડિયા' એ 'કૌન બનેગા કરોડપતિ' (KBC)ની નવી સીઝન માટે ગૂગલ જેમિની સાથે ભાગીદારી કરી છે.

આ સહયોગનો હેતુ સ્પર્ધકો અને દર્શકોને વધુ સ્માર્ટ, ઇન્ટરેક્ટિવ અને AI આધારિત અનુભવ આપવાનો છે. એટલે હવે કેબીસી માટે રજીસ્ટ્રેશનથી માંડીને હોટ સીટ પર બેસવા સુધીની અને એ પછીની પણ તમામ પ્રક્રિયા ગૂગલ મહારાજ અને એમનાં જેમિની બહેન દ્વારા કરવામાં આવશે.

જ્યારે તમે કેબીસી માટે સિલેક્ટ થઇ જશો અને પ્રથમ દસ સ્પર્ધકો સુધી પહોંચવા માટે અને પહોંચ્યા બાદ પણ જેમિની બહેનની મદદથી પ્રશ્નોનાં ઉકેલ લાવી શકશો. એટલે એવું નથી હોં, જ્યારે બચ્ચન બાબુ સામે બેસો એ પહેલાં તમારા પ્રશ્નોનું પેપર ઓલરેડી ફૂટીને તમારી પાસે આવી ગયું હશે. વાત એવી છે કે ગૂગલ જેમિની દરેક સ્તરે આવનારાં પ્રશ્નોનાં ઉત્તર શું હોઈ શકે તેની પ્રેક્ટિસ તમને કરાવશે જેથી ખરેખર જવાબ આપતી વખતે તમારો આત્મવિશ્વાસ વધે.

'સોની' ટેલિવિઝન અને કેબીસીના આયોજકોનું માનવું છે કે આ પ્રક્રિયા દ્વારા સ્પર્ધકો માટે શીખવાની પ્રક્રિયા વધુ રસપ્રદ અને વધુ ઝડપી બનશે. એ શક્યતાઓ પણ અત્યારે વ્યક્ત કરવામાં આવી રહી છે કે આવનારી સિઝન દરમિયાન કેબીસીમાં બચ્ચન બાબુ સાથે AI પણ સ્પર્ધક સાથે વાતચીત કરશે અને શોને વધુ રસપ્રદ બનાવશે. આશા કરીએ કે અત્યારે જે ભીતિ મને કે તમને છે કે ક્યાંક AI આપણી નોકરી તો નહીં ખાઈ જાય? એવી ભીતિ આ ગૂગલના બહેન જેમિની ખુદ બચ્ચન બાબુને જ ન કરાવે... !

## 'માતૃભૂમિ' હજી ભાઈજાનથી દૂર છે




જનની જન્મભૂમિ સ્વર્ગસમી દીસે છે, પણ અત્યારે આ સ્વર્ગ સલમાન ખાનથી જોજનો દૂર છે. ગયા વર્ષે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે આ વર્ષે એપ્રિલમાં 'ધ બેટલ ઓફ ગલવાન' રિલીઝ થશે અને ભાઈજાન છવાઈ જશે. પણ હાય રી કિસ્મત! ગત ડિસેમ્બરમાં ધૂળ ઉડાડતી 'ધુરંધર' આવી અને તેણે ભારતીય ઓડિયન્સ પર એવી ભૂરકી છાંટી કે બધે 'ધુરંધર' 'ધુરંધર' જ થઇ ગયું. આ ફિલ્મનાં અંતે એવી જાહેરાત થઇ કે ૧૯ માર્ચ ૨૦૨૬ના દિવસે આ ફિલ્મનો બીજો ભાગ આવશે.

બસ, આ ઘડીએ ભાઈજાનની માઠી દશા બેસી ગઈ. જે પ્રકારે 'ધુરંધર'નાં બીજા ભાગે બોક્સ ઓફીસ પર રાજ કર્યું એ જોતાં એપ્રિલની એમની રિલીઝ તારીખ પાછળ ખસેડવાનાં નિર્ણય પર માન થઇ ગયું. પણ આ ઘટના ઘટ્યા પછી એવી શંકા થાય છે કે ફિલ્મ રિલીઝ થશે કે કેમ? કારણકે પહેલાં તો સેન્સર બોર્ડે કહ્યું કે આ ગલવાનવાળું ટાઈટલ બદલો. એટલે એને બદલીને 'માતૃભૂમિ' કરી નાખવામાં આવ્યું. પછી આ જ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં ફિલ્મ રિલીઝ થશે એવી જાહેરાત થઇ. એનું ટીઝર પણ રિલીઝ થયું. પણ લોકોને એમાં મજા ન આવી. ઊલટું એનાં મીમ્સ બની ગયાં.

હજી આ ઓછું હોય તેમ કેન્દ્ર સરકારનાં અમુક મંત્રાલયોએ અમુક વાંધા ઉઠાવ્યા. ચીનનું નામ ફિલ્મમાંથી હટાવી લેવાનો આદેશ થયો. તો સંરક્ષણ મંત્રાલયે ક્લિયરન્સ આપવામાં વાર કરી. એટલે હવે બધું ભેગું કરીને એવું નક્કી થયું છે કે જો છેલ્લું ક્લિયરન્સ જે-તે ખાતાનું બાકી છે એ આ મહીને આવી પણ જાય તો પણ 'માતૃભૂમિ' ૨૦૨૬માં તો રિલીઝ નહીં જ થાય.

કેમ? કારણકે હવે એક પછી એક એવી ફિલ્મો લાઈનબંધ ઊભી છે કે એમાં 'માતૃભૂમિ' ટકી શકે એમ નથી. આથી હવે આવતે વર્ષે આ ફિલ્મ રિલીઝ થશે એવું લગભગ નક્કી થઇ ગયું છે. જો એમ થશે તો આવતે વર્ષે સલમાનની બે ફિલ્મો આવશે, કારણકે ભાઈજાન અત્યારે નયનતારા સાથે એક ટાઈટલ વગરની ફિલ્મનું શૂટ કરી રહ્યા છે. ■

## કટ એન્ડ ઓકે...

*એમનાં દીકરા સિવાય મારી બીજી કઈ ઓળખ છે ખરી? ફિલ્મોનાં ક્રેડિટ ટાઈટલ્સમાં 'Dharmendra's son Sunny Deol' લખાવવા પાછળ સની દેઓલનો ઈમોશનલ ખુલાસો.*

# એચડીએફસી બેન્ક અને રિલાયન્સના પ્રોફિટ બુકિંગે સેન્સેક્સનો સુધારો ધોઈ નાખ્યો, નિફ્ટીએ ૨૪,૦૦૦ની સપાટી માંડ ટકાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઇરાન વચ્ચે ચાલી રહેલી સતત અથડામણ વચ્ચે વધતી જતી ભૂરાજકીય અનિશ્ચિતતા અને ક્રૂડ તેલના ભાવ વધારાની ચિંતા ઉપરાંત એચડીએફસી બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા બ્લુ-ચિપ શેરોમાં પ્રોફિટ બુકિંગને કારણે આઇટી શેરમાં થયેલા વધારો પણ સરભર થઇ ગયો હતો અને બજાર અથડાઇ ગયું હતું. સેન્સેક્સ દિવસ દરમિયાન, તે ૩૯૪.૨૬ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા વધીને ૭૭,૫૭૯.૬૯ સુધી પહોંચીને અંતે ૧.૪૪ પોઈન્ટ વધીને ૭૭,૧૮૬.૮૭ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૫.૭૫ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા ઘટીને ૨૪,૦૭૨.૭૫ પર સ્થિર થયો હતો.

નિષ્ણાતના મતે સ્થાનિક શેરબજાર પર સૌથી વધુ નકારાત્મક અસર ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને એશિયન બજારના નબળા વલણોની જોવા મળી હતી. જોકે ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૩૯ ટકા ઘટીને ૮૪.૬૨ ડોલર પ્રતિ બેરલ બોલાયું હોવાના અહેવાલ હતા. સેન્સેક્સના શેરોમાં, ઇન્ટરગ્લોબ એવિએશન, એચસીએલ ટેક્નોલોજીસ, બજાજ ફાઇનાન્સ, મારુતિ, મહિન્દ્રા અને મહિન્દ્રા અને ટેક મહિન્દ્રાના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો. જ્યારે ઇટર્નલ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, બજાજ ફિનસર્વ, એચડીએફસી બેંક અને એક્સિસ બેંક ટોપ લુઝર રહ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં ક્યુબ હાઇવેઝ ટ્રસ્ટ ઇન્વિટનો રૂ. ૫,૦૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. સોટેફિન ભારત લિમિટેડનો ઇશ્યૂ આજે સબ્સ્ક્રિપ્શન માટે ખુલી ગયો છે. કેલિબર માઇનિંગનો રૂ. ૪૫૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ ખુલશે. ઇન્ડિયન ગેસ એક્સચેન્જે સેબી પાસે આઇપીઓ પેપર્સ જમા કરાવ્યા છે, તેની પેરેન્ટ કંપની આઇઇએક્સ સ્ટેક વેચી રહી છે.

આજે વિપ્રો, ભેલ, ટેક મહિન્દ્રા, આઇટીસી હોટલ, સાઉથ ઇન્ડિયન બેન્ક સહિત ૪૧ કંપનીઓએ ત્રિમાસિક પરિણામ જાહેર કર્યા હતા. સીયુટીએસ ઇન્ટરનેશનલના નવા રિપોર્ટ અનુસાર, ભારતને રાજ્ય સ્તરના વિભાજિત અમલીકરણ, ગિગ વર્કર્સની આજીવિકાનું રક્ષણ કરવા, ફર્સ્ટ અને લાસ્ટ માઇલ કનેક્ટિવિટી સુધારવા અને મુસાફરોની સલામતી સનિશ્ચિત કરવા માટે બાઇક ટેક્સીઓ માટે સુમેળભર્યા, પુરાવા આધારિત અને પ્રમાણસર નિયમનકારી માળખાની જરૂર છે.

જ્યુબિલન્ટ ફૂડવર્ક્સને રૂ. ૪૬.૯૦ કરોડની જીએસટી ડિમાન્ડ નોટીસ મળી છે. ટાટા મોટર્સે કમર્શિઅલ વ્હીકલ ફાઇનાન્સિંગ માટે યુકો બેન્ક સાથે સહયોગ સાધ્યો છે. એચસીએલ ટેકનોલોજીએ શેરદીઠ રૂ.૧૨ના વચગાળાના ડિવિડંડની જાહેરાત કરી છે. ટાટા કેપિટલ કેરળની યોગક્ષેમમ લોનનો મેજોરિટી સ્ટેક મેળવીને ગોલ્ડ લોન બિઝનેસમાં પ્રવેશી રહી છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસીનો નફો ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૯૬૫ કરોડ નોંધાયો હતો.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૬.૩૭ ટકા ઘટ્યા હતો. જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ પણ નીચા સ્તરે સ્થિર થયો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચો રહ્યો હતો. યુરોપના બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. બુધવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા.

માર્કટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા, ક્રૂડના ભાવમાં ઊથલપાથલ અને નબળા એશિયન બજાર વલણો વચ્ચે રોકાણકારો સાવચેત રહ્યા હોવાથી ભારતીય શેરબજાર મોટાભાગે નરમ રહ્યા હતા. દરમિયાન, યુએસ ફુગાવાના ડેટા નરમ આવવાથી દરની ચિંતાઓ ઓછી થઈ અને ઘટાડાને ટેકો મળ્યો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૭૩૫.૮૩ કરોડના ઇક્વિટી વેચ્યા. બુધવારે, સેન્સેક્સ ૧૩૦.૪૯ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા વધીને ૭૭,૧૮૫.૪૩ પર બંધ થયો. નિફ્ટી ૨૬.૪૫ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકા વધીને ૨૪,૦૭૮.૫૦ પર બંધ થયો.

# ખાંડમાં ₹ ૬૦થી ૧૦૦નો ઝડપી ઉછાળો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૫ની તેજી સાથે રૂ. ૪૨૫૦થી ૪૩૦૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૯૨થી ૧૦૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૬૦થી ૭૦નો ઝડપી ઉછાળો આગળ ધપ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની આક્રમક લેવાલીને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ ભાવમાં તેજીનું વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૯૨થી ૧૦૦ની તેજી સાથે રૂ. ૪૩૮૨થી ૪૪૬૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૦થી ૭૦ની તેજી સાથે રૂ. ૪૪૬૨થી ૪૫૫૨માં થયાના અહેવાલ હતા. ■

# ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ભારે ચંચળતા, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, સાંકડી વધઘટે અથડાઈ ગયેલા સ્થાનિક ઈક્વિટી માર્કેટ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી અને આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૭ પૈસાના ઘટાડા સાથે ૯૬.૪૨ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૨૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૬.૨૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૪૨ અને ઉપરમાં ૯૬.૨૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસાના ઘટાડા સાથે ૯૬.૪૨ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો નવ પૈસા ઘટ્યો હતો.

અમેરિકા અને ઈરાનના એકબીજા પર હુમલાઓને કારણે પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. જોકે, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન અમેરિકા સાથે ડીલ કરવા ઈચ્છી રહ્યું હોવાનું જણાવ્યું હોવાથી ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી જોવા મળેલા ઘટાડા અને સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં રૂપિયામાં નીચી સપાટીએથી થોડો સુધારો જોવા મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૬.૧૦થી ૯૬.૬૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને ૧૦૦.૫૦ આસપાસ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૯ ટકાના સાધારણ ઘટાડા સાથે બેરલદીઠ ૮૪.૬૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સેન્સેક્સમાં સાધારણ ૧.૪૪ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૫.૭૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૩૫.૮૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-રતલામ**

શુદ્ધિપત્રની નોટિસ

આ ઑફિસ દ્વારા ટેન્ડર ક્રમાંક આરટીએમ-૨૦૨૬-૨૭-૫૬ તારીખ: ૧૦/૦૭/૨૦૨૬ એનઆઈટી ક્રમાંક ડબ્લ્યુ/૬૨૩/૫/૧/ એનઆઈટી પ્રકાશન માટે મોકલાયું હતું. તેમાં ટેન્ડર્સની ખાસ શરત ઉમેરવા શુદ્ધિપત્ર ક્રમાંક ૧ ઈસ્યૂ કરાયો નહતો. વેબસાઈટ પર નિયમો અને શરતો અપાઈ છે. www.ireps.gov.in

SNP-160

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

મુંબઈ ડિવિઝનમાં ''એપ આધારિત ઈલેક્ટ્રિક ટુ વ્હીલર/ બાઈક/ સ્કૂટર માટે ઈ-બાઈક- પાર્કિંગ સ્ટેન્ડ કમ ચાર્જિંગ સ્ટેશન''નું સંચાલન

ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ વિભાગ, પાર્કિંગ સેકશન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮.

| | |
|---|---|
| ઓકશન કેટલોગ નં.: BCT-PKG- ૨૬૨૭-૧૧ | બારડી-બીડ મૂલ્યના ૧૦% |
| ઓકશનની તા. ૨૭-૦૭-૨૦૨૬ | ઈ-ઓકશનનો સમય: ૧૨:૦૦ ક. |

| ક્ર. નં. | સ્ટેશન | સ્થળ | વિસ્તાર (ચો.મી.) | ઈ-ઓકશનની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | બાંદ્રા | પશ્ચિમ | ૫૮.૫ | ૨૭-૦૭-૨૦૨૬ |

મુંબઈ ડિવિઝનમાં ''તમામ વાહનો પે એન્ડ પાર્ક''નું સંચાલન

| | |
|---|---|
| ઓકશન કેટલોગ નં.: BCT-PKG- ૨૬૨૭-૧૧ | બારડી-બીડ મૂલ્યના ૧૦% |
| ઓકશનની તા. ૨૭-૦૭-૨૦૨૬ | ઈ-ઓકશનનો સમય: ૧૨:૦૦ ક. |

| ક્ર. નં. | સ્ટેશન | સ્થળ | વિસ્તાર (ચો.મી.) | ઈ-ઓકશનની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | પાલઘર | દક્ષિણ પશ્ચિમ | ૨૦૦.૫૩ | ૨૭-૦૭-૨૦૨૬ |
| ૨ | વાપી | પૂર્વ | ૧૦૬૪.૩ | ૨૭-૦૭-૨૦૨૬ |
| ૩ | દહાણુ રોડ | ઉત્તર પૂર્વ | ૮૬૨.૨ | ૨૭-૦૭-૨૦૨૬ |

નોંધ: વધુ વિગતો માટે, સંભવિત બિડર્સને IREPS વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ઓકશન લીઝિંગ મોડયૂલની મુલાકાત લેવા વિનંતી. સાઈટ્સ સંબંધીત માહિતી ઉપરોક્ત કેટલોગમાં લોટ વિગતોમાં ઉપલબ્ધ છે.

0364

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

**મુંબઈ પોર્ટ ઓથોરિટી**

સિવિલ એન્જિનિયરિંગ વિભાગ

**પર્યાવરણીય મંજૂરીની બાબતમાં માહિતી આપતી સૂચના**

મુંબઈ પોર્ટ ઓથોરિટી જાહેર જનતાને જાણ કરે છે કે સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી (SEIAA), મહારાષ્ટ્ર, ''મુંબઈ પોર્ટ, મુંબઈમાં મરીના ટર્મિનલ બિલ્ડિંગ, નમો ભારત ઈન્ટરનેશનલ સેઈલિંગ સ્કૂલ, મરીન સ્પોર્ટ્સ અને ટુરિઝમ ડેવલપમેન્ટ સેન્ટર, હોટેલ, મરીના ક્લબહાઉસ, યાટ રિપેર યાર્ડ અને પાર્કિંગ સુવિધા જેવા સહાયક માળખાગત તટવર્તી સાથે મુંબઈ હાર્બરમાં મરીનાના સૂચિત વિકાસ-વિકસિત ભારત મુંબઈ મરીના - ભારતનું વૈશ્વિક સ્થળ''ના પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી (EC) આપવામાં આવી છે.

તારીખ ૦૯/૦૭/૨૦૨૬ના દરખાસ્ત નં. SIA/MH/ INFRA2/૫૭૫૭૯૮/ ૨૦૨૬ હેઠળ પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી છે. મંજૂરી પત્રની નકલો મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસે સમીક્ષા માટે ઉપલબ્ધ છે અને તે http://parivesh.nic.in ખાતે પરિવેશ પોર્ટલ પર પણ જોઈ શકાય છે.

ચીફ એન્જિનિયર
મુંબઈ પોર્ટ ઓથોરિટી

# ટીન, નિકલ અને કોપરની અમુક વિરાઈટીઓમાં આગેકૂચ

મુંબઈ: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ થતાં વૈશ્વિક સ્તરે પુરવઠા સ્થિતિ ખોરવાઈ જવાની ભીતિ હેઠળ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલ ઉપરાંત કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૪૩ સુધીનો ઉછાળો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે જે ધાતુઓના ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું તેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૪૩ વધીને રૂ. ૧૬૬૮, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૫૨૬૯ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૦૦ અને રૂ. ૧૩૮૨ના મથાળે રહ્યા હતા.

આ ઉપરાંત કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૨૯૦ અને રૂ. બે વધીને રૂ. ૧૨૭૯ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૩૪૮ અને રૂ. ૩૮૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. ■

# સોનામાં ₹ ૨૨૮થી ૨૨૯નો ઘસરકો, ચાંદી ₹ ૨૨૭૭ ગબડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ સાથે ક્રૂડતેલના ભાવ વધી આવતાં વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ભીતિ અને તેને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતા આજે લંડન ખાતે સત્રના આરંભમાં હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હોવાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૮થી ૨૨૯નો ઘસરકો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૨૭૭ ગબડી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને ભાવઘટાડાના માહોલમાં જ્વેલરી ઉત્પાદકો અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી પણ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૭૭ ગબડીને રૂ. ૨,૧૭,૪૩૪ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહેવાની સાથે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૨૮ ઘટીને રૂ. ૧,૪૧,૧૧૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૯ ઘટીતાતને રૂ. ૧,૪૧,૬૭૯ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૩૨.૧૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૪૦૩૭.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૭ ટકા તૂટીને ઔંસદીઠ ૫૬.૮૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકાના ઈરાન પર હુમલાઓ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ વિક્ષેપિત થવાથી ફુગાવાલક્ષી દબાણમાં વધારો થવાથી સોનાના વૈશ્વિક ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હોવાનું જેફરીઝની માલિકીની ટ્રેડુ ડૉટ કૉમના વિશ્લેષક ઝેબુરાસે જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ જોવા મળી હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ તાત્કાલિક ધોરણે વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડી હતી. તેમ છતાં તાજેતરમાં ક્રૂડતેલના ભાવ ફરી વધી આવ્યા હોવાથી ગત જૂન મહિનાના ફુગાવામાં જોવા મળેલી ઓછી વૃદ્ધિ કામચલાઉ પુરવાર થાય તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વાર્શે કેન્દ્રવર્તી બૅન્ક ફુગાવો અંકુશમાં રાખવા પ્રતિબદ્ધ હોવાનું જણાવતા ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તવી ૫૧ ટકા શક્યતા સીએમઈ ફેડવૉચ ટૂલ પર રોકાણકારો વ્યક્ત કરી રહ્યા હતા. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

નં. FB/W/ ૫૫૧ તારીખ ૧૬.૦૭.૨૦૨૬

| | |
|---|---|
| વિભાગ | ચીફ ફાયર ઓફિસરની ઓફિસ, મુંબઈ ફાયર બ્રિગેડ, ભાયખલા કમાન્ડ સેન્ટર, B.J. માર્ગ, ભાયખલા, મુંબઈ ૪૦૦૦૦૮. |
| ટેન્ડર ID નં. | વિષય |
| ૨૦૨૬_MCGM_ ૧૩૧૮૩૩૮_૧ | ૨ વર્ષ માટે મુંબઈ ફાયર બ્રિગેડના ભાયખલા ઓટો વર્કશોપ ખાતે હાઉસકીપિંગની જોગવાઈ. ટેન્ડર નં. FB/W/ ૫૫૧ તા. ૧૫.૦૭.૨૦૨૬ બારડી: રૂ. ૧૬,૦૦૦/- ટેન્ડર ફી: રૂ. ૩,૯૯૩/- + ૭૧૮.૭૪ (૧૮% GST) = રૂ. ૪,૭૧૨/- |
| ટેન્ડર પ્રારંભ તારીખ | ૧૭.૦૭.૨૦૨૬ ૧૧.૦૦ ક. થી ૨૩.૦૭.૨૦૨૬ ૧૬:૦૦ ક. સુધી |
| વેબસાઈટ & પોર્ટલ | https://portal.mcgm.gov.in & https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ નામ & ઈ-મેલ ID | શ્રી સંદિપ એસ. ચૌરે - એક્ષિ. એન્જિનિયર (M & E) MFB - ૯૯૩૦૩૯૦૯૫૯ ee.mfb@mcgm.gov.in |

સહી/-
એક્ષિ. એન્જિનિયર (M & E)
મુંબઈ ફાયર બ્રિગેડ

PRO/843/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# બિઝનેસ બિટ્સ

## એક્ઝિમ બેન્કનું ₹ ૪૨૮ કરોડનું ડિવિડંડ

મુંબઇ: એક્ઝિમ બેંક ઓફ ઇન્ડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને રૂ. ૪૨૮ કરોડનો ડિવિડન્ડ ચેક આપ્યો છે. બેંકે ૨૦૨૫-૨૬ માટે રૂ. ૪,૨૭૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જેમાંથી ૧૦ ટકા ભારત સરકારને ચોખ્ખા નફાના સંતુલન તરીકે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. એક્ઝિમ બેંક ઓફ ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર હર્ષા બાંગારી દ્વારા ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર તરુણ શર્માની હાજરીમાં નાણામંત્રીને ડિવિડન્ડ ચેક સોંપવામાં આવ્યો હતો.

## વિપ્રોનો ચોખ્ખો નફો ₹ ૩૩૫૨ કરોડ

મુંબઇ: આઇટી મેજર વિપ્રો લિમિટેડે એપ્રિલથી જૂન સુધીના ત્રિમાસિક સમયગાળા માટેના પરિણામમાં રૂ. ૩૩૫૨ કરોડનો સ્થિર નફો નોંધાવ્યો હતો. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના સમાન ત્રિમાસિક સમયગાળામાં રૂ. ૩૩૩૦.૪૦ કરોડન ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીની રેવન્યુ પાછલા વર્ષના પ્રથમ ક્વાર્ટરની રૂ. ૨૨,૧૩૪.૬૦ કરોડની સામે ઉપરોક્ત સમયગાળા દરમિયાન ૧૦.૬ ટકાના વધારા સાથે રૂ. ૨૪,૪૭૮.૬૦ કરોડ નોંધાઇ હતી. ક્રમિક ધોરણે કંપનીના નફામાં ૪.૨ ટકાનો ઘટાડો અને રેવેન્યૂમાં એકાદ ટકાનો વધારો નોંધાયો છે.

## એસએમઈએલનું ₹ ૮૦૦ કરોડનું રોકાણ

મુંબઇ: શ્યામ મેટલિક્સ એન્ડ એનર્જી લિમિટેડની સ્ટેપ-ડાઉન પેટાકંપની એસએમઇએલ સ્ટીલ સ્ટ્રક્ચરલે ઓડિશાના સંબલપુરમાં તેની એલ્યુમિનિયમ ફોઇલ સુવિધામાં કમર્શિઅલ ઉત્પાદનની શરૂઆત જાહેર કરી છે. આ સુવિધા ૧૮,૦૦૦ ટન પ્રતિ વર્ષ (ટીપીએ)ની સ્થાપિત કાર્યકારી ક્ષમતા ધરાવે છે અને છથી ચાલીસ માઇક્રોનની જાડાઈ શ્રેણીમાં પ્રીમિયમ-ગ્રેડ ફોઇલ્સનું ઉત્પાદન કરી શકે છે. એનએસઇ અને બીએસઇ પર લિસ્ટેડ શ્યામ મેટલિક્સના શેરના ભાવ એક મહિનામાં ૧૦ ટકાથી વધુ વધ્યા હતા અને કંપનીનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૩૦,૦૦૦ કરોડની નજીક પહોંચ્યું હતું.

# દેશી તેલમાં તેજીની આગેકૂચ

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે બાવન સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ પાંચ રિંગિટ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપારો પાંખાં હોવાથી આજે સ્થાનિકમાં આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ તેજીની આગેકૂચ જળવાઈ રહેતાં ૧૦ કિલોદીઠ સરસવમાં રૂ. ૨૫નો, સિંગતેલમાં રૂ. ૨૦નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૫૧૦ અને ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૦, ઈમામીના આરબીડી પામોલિનના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૫૦ અને સોયા રિફાઈન્ડના ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૦, ગોકુલ એગ્રોના સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૫ અને ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં રથયાત્રા હોવાથી મંડીઓ બંધ રહી હતી, જ્યારે હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૩૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૮૦થી ૧૫૮૫માં થયા હતા. તેમ જ આજે રાજકોટ ખાતે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ ૧૫ વધીને રૂ. ૨૬૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધીને ૧૬૬૦માં થયાના હતા. આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૭૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૦૦૦થી ૭૦૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૨૦૦થી ૭૩૦૦માં થયા હતા. આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૦, સિંગતેલના રૂ. ૧૭૦૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦ અને સરસવના રૂ. ૧૭૦૫ના મથાળે રહ્યાના અહેવાલ હતા. ■

# એઆઈની તેજીને કારણે વૈશ્વિક અર્થતંત્રોમાં 'કે' આકારની આર્થિક વૃદ્ધિ: મૂડીઝ એનાલિટિક્સ

નવી દિલ્હી: તાજેતરમાં એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)માં આવેલી તેજીને કારણે કેટલાક દેશોમાં ઉદ્યોગ આગળ ધપી રહ્યા છે, જ્યારે કેટલાક દેશોમાં ઉદ્યોગ પાછળ ધકેલાઈ રહ્યા હોવાથી વૈશ્વિક અર્થતંત્રોમાં 'કે'આકારની આર્થિક વૃદ્ધિ જોવા મળી રહી હોવાનું મૂડીઝ એનાલિટિક્સે આજે જણાવ્યું હતું.

મૂડીઝ એનાલિટિક્સે તેના ગ્લોબલ ઈકોનોમી આઉટલૂકમાં વર્ષ ૨૦૨૬માં વૈશ્વિક આર્થિક વૃદ્ધિ ૨.૫ ટકા સુધી ધીમી પડશે, જ્યારે વર્ષ ૨૦૨૭માં માત્ર ૨.૮ ટકા વૈશ્વિક આર્થિક વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે. વધુમાં અહેવાલમાં જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વધતી માગને કારણે વૈશ્વિક અર્થતંત્રોને મંદીથી બચાવી શકાય છે, પરંતુ ભૂરાજકીય જોખમો, અસ્ક્યામતોનાં મૂલ્યાંકનમાં આવતા દબાણ અને નાણાકીય બજારોમાં અસ્થિરતા અર્થતંત્રોને ધીમી વૃદ્ધિ તરફથી મંદી તરફ દોરી શકે છે.

વૈશ્વિક અર્થતંત્રો બે જુદી જુદી ગતિથી દોડી રહ્યા છે. એઆઈની તેજીને કારણે અમુક ક્ષેત્રોમાં વૃદ્ધિ વધુ સારી છે, પરંતુ અમુક ક્ષેત્ર જે એઆઈથી ઓછા સંકળાયેલા છે તે ઝઝૂમી રહ્યા હોવાનું મૂડીઝ એનાલિટિક્સે ઉમેર્યું હતું.

વધુમાં એજન્સીએ જણાવ્યું હતું કે એઆઈની તેજીએ ડેટા સેન્ટર રોકાણમાં વધારો કર્યો છે. ખાસ કરીને એશિયાના ટેક હેવી અર્થતંત્રોમાં નિકાસ અને વિશ્વભરના શૅરબજારનાં મૂલ્યાંકનમાં વધારો કર્યો છે. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટિસ

ACR/S/૧૨૦૫૬/M/તારીખ ૧૫/૦૭/૨૦૨૬

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૬_MCGM_૧૩૧૭૮૭૬_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | R/સાઉથ વોર્ડમાં ગામ પોઈસર, ઠાકુર ગામનો CTS નં. ૮૦૯/A/૧/૧૯/A/૧/૫ (Pt.) & ૮૦૯/A/૧/૧૯/A/૧/૬ (નવો CTS નં. ૮૦૯/A/૧/૧૯/A/૧/૫/A) ધરાવતા પ્લોટ પર એમિનિટી પાર્કિંગ લોટનો ઓપરેશન, જાળવણી અને મેનેજમેન્ટ માટે ઈ-ટેન્ડર મંગાવાય છે. |
| ટેન્ડર ફી | રૂ. ૧૫,૯૭૨/- + ૧૮% GST |
| કોન્ટ્રાક્ટ મુદત માટે ન્યૂનતમ લાયસન્સ ફી (૨૪ મહિના)/ બીડ રકમ. (અંદાજિત કોન્ટ્રાક્ટ કિંમત) | રૂ. ૭૨,૨૮,૭૫૨/- |
| ન્યૂનતમ માસિક લાયસન્સ ફી. (અનામત બીડ) | રૂ. ૩,૦૧,૧૯૮/- |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂ. ૧,૪૪,૫૭૬/- |
| ટેન્ડર ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૧૭.૦૭.૨૦૨૬ ૧૧.૦૦ ક. થી |
| પ્રી-બીડ મિટિંગ | પ્રી-બીડ મિટિંગ નથી |
| ટેન્ડર વેચાણ માટે છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડીની રસીદ | ૩૧.૦૭.૨૦૨૬ ૧૧.૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૦૩.૦૮.૨૦૨૬ ૧૧.૦૫ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૦૩.૦૮.૨૦૨૬ ૧૧.૧૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | આસીસ્ટન્ટ કમિશનર R/Sની ઓફિસ ૨જો માળ, M. G. ક્રોસ રોડ નં. ૨, S.V.P. સ્વિમિંગ પુલ પાસે, કાંદિવલી (૫), મુંબઈ-૬૭. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | આસીસ્ટન્ટ કમિશનર R/S ઓફિસમાં ઓનલાઈન. |

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર R/S

PRO/851/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લોકલ ટ્રેનની મુસાફરી બની જોખમી

## સીટને મુદ્દે થયેલા વિવાદમાં મારામારીઃ ત્રણ પ્રવાસી જખમી



એક દિવસમાં ત્રણ હિંસાની ઘટનાને પગલે રેલવે પોલીસે પ્રવાસીઓનું ચેકિંગ ચાલુ કરી દીધું હતું. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સેન્ટ્રલ રેલવેની પરેલથી અંબરનાથ જતી લોકલ ટ્રેનના લગેજ કમ્પાર્ટમેન્ટમાં સીટ પર બેસવાને મામલે થયેલા વિવાદમાં ચાર પ્રવાસી વચ્ચે જોરદાર મારામારી થઈ હતી, જેને પગલે ત્રણને ગંભીર ઇજા થઈ હતી. આ મારામારી દરમિયાન કોઈ તીક્ષ્ણ હથિયારનો ઉપયોગ થયો નહોતો, માત્ર હાથમાં પહેરેલો કડો (જુઓ પાનું ૪) ▸▸

### ચર્ચગેટ-વિરાર લોકલમાં મારામારીનો વીડિયો વાઇરલ

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાં ફરી એક વાર પ્રવાસીઓ વચ્ચે છૂટા હાથની મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો ચર્ચગેટથી વિરાર જતી ટ્રેનનો હોવાનું કહેવાય છે. જનરલ ડબ્બામાં અમુક યુવાનો મારામારી કરતા અને લાત ફટકારતા નજરે પડે છે. જોરદાર મારામારીના આ વીડિયો અંગે રેલવે પોલીસ તપાસ કરી રહી છે. જોકે વીડિયો કયા દિવસનો છે એ જાણી શકાયું નથી. વળી, વીડિયોમાં નજરે પડતી મારામારી અંગે રેલવે દ્વારા કોઈ અધિકૃત માહિતી મળી શકી નથી.

### કુર્લા સ્ટેશને લાકડી લઈને દોડતો પ્રવાસી તાબામાં

મુંબઈઃ મધ્ય રેલવેના કુર્લા સ્ટેશને લાકડી દઈને આડેધડ દોડતા પ્રવાસીને જીઆરપીએ તાબામાં લીધો હતો. પકડાયેલા શકમંદની ઓળખ સાજિદ અબ્દુલ કરીમ ચૌધરી (૪૯) તરીકે થઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ ચૌધરી માનસિક રીતે અસ્થિર હોવાનું પ્રથમદર્શી જણાય છે. બુધવારની રાતે તે મોટી લાકડી સાથે પ્લૅટફૉર્મ પર દોડતો હતો, (જુઓ પાનું ૪) ▸▸

## કોસ્ટલ રોડની ટનલમાં

# અલર્ટ રહો મોટરિસ્ટોઃ બીએમસી

### બુધવારે ટનલમાં કાર ભડકે બળ્યા પછી પાલિકાએ સુરક્ષા સંબંધી સૂચનો જાહેર કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એન્જિનિયરિંગના બેનમૂન નમૂના સમાન કોસ્ટલ રોડ ટનલમાં બુધવારે એક કાર ભડકે બળ્યા પછી મચેલી અફરાતફરીને ધ્યાનમાં લઈ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મોટરિસ્ટો માટે સુરક્ષા સંબંધી સૂચનો જાહેર કરવામાં આવ્યાં છે. કારમાં આગની ઘટનાથી ડરી ગયેલા અનેક ડ્રાઈવરો પોતાનાં વાહન આડેધડ પાર્ક કરીને ટનલ બહાર ભાગ્યા હતા, જેને કારણે રેસ્ક્યુ ઑપરેશનમાં મુશ્કેલી પડી હતી. પરિણામે ભવિષ્યમાં આવી કોઈ કટોકટી સર્જાય તો મોટી દુર્ઘટના ટાળવા મોટરિસ્ટોએ અમુક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ, એવું બીએમસીનું કહેવું છે. કોસ્ટલ રોડ ટનલમાં કટોકટીની પળોમાં મહત્ત્વનાં ૧૨ સૂચનોનું પાલન કરવાની સલાહ મહાપાલિકા દ્વારા અપાઈ છે, જેમાં સૌપ્રથમ તો વાહનોને ટનલમાં (જુઓ પાનું ૪) ▸▸




## બીકેસીમાં રિજનલ પાસપોર્ટ ઓફિસને મળ્યો બૉમ્બની ધમકીનો ઇમેઇલ

મુંબઈઃ બાંદ્રા-કુર્લા કોમ્પલેક્સ (બીકેસી) ખાતેની રિજનલ પાસપોર્ટ ઓફિસને ગુરુવારે બોમ્બની ધમકીનો ઇમેઇલ મળતાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસ અને બોમ્બ સ્કવૉડે પાસપોર્ટ ઓફિસ અને તેના પરિસરમાં સઘન તપાસ હાથ ધરી હતી. જોકે કોઇ પણ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં બોમ્બની વાત અફવા સાબિત થઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રિજનલ પાસપોર્ટ ઓફિસને ગુરુવારે સવારે ઇમેઇલ પ્રાપ્ત થયો હતો, જેમાં (જુઓ પાનું ૪) ▸▸

## એફડીએએ પારસી ડેરીનું લાઈસન્સ સસ્પેન્ડ કર્યું

મુંબઈઃ દક્ષિણ મુંબઈની અત્યંત જૂની પારસી ડેરીનું લાઈસન્સ ફૂડ એન્ડ ડ્રગ ઍડ્મિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરવાને કારણે સસ્પેન્ડ કરવામાં આવ્યું હોવાની માહિતી ગુરુવારે અધિકારી દ્વારા આપવામાં આવી હતી.

રાજ્ય વ્યાપી ખાદ્ય સુરક્ષા માટે એફડીએ દ્વારા ચલાવવામાં આવી રહેલા અભિયાનના ભાગરૂપે આ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાનમાં અત્યાર સુધીમાં ૧.૯૦ કરોડ રૂપિયાના ખાદ્ય પદાર્થો જપ્ત કરવામાં આવ્યા છે.

પ્રિન્સેસ સ્ટ્રીટ પર આવેલી પારસી ડેરી ફાર્મ પ્રા. લિ.ના એકમમાં તપાસ હાથ ધરવામાં આવી હતી અને તત્કાળ તેમનું એફએસએસએઆઈ લાઈસન્સ સસ્પેન્ડ (જુઓ પાનું ૪) ▸▸

## એમપીએસસી પરીક્ષાના મુદ્દે સરકારની પીછેહઠઃ ઑફ લાઈન જ લેવાશે

મુંબઈઃ મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ની આગામી પરીક્ષાઓ ઓનલાઈન લેવાના નિર્ણય અંગે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈમાં એક બેઠક યોજી હતી કારણ કે અનેક વિદ્યાર્થી સંગઠનોએ આ પ્રક્રિયા ઓનલાઈન યોજવાનો વિરોધ કર્યો હતો.

મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન દ્વારા ગ્રૂપ-અ, ગ્રૂપ-ઇ અને ગ્રૂપ-ઈ માટેની પ્રારંભિક પરીક્ષાઓ ઓનલાઈન લેવાના નિર્ણય બાદ રાજ્યભરના વિદ્યાર્થીઓમાં મૂંઝવણ ઊભી થઈ હતી.

પરીક્ષાની તૈયારી કરી રહેલા ઘણા વિદ્યાર્થીઓએ કમિશનની જાહેરાતનો વિરોધ કરી કહ્યું હતું કે ગ્રામીણ વિસ્તારના સંખ્યાબંધ ઉમેદવારો પાસે ઓનલાઈન પરીક્ષા આપવા માટે જરૂરી સુવિધાઓનો અભાવ છે. એક અખબારી અહેવાલ મુજબ કમિશનની જાહેરાત બાદ કેટલાક વિદ્યાર્થીઓએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળી ઓનલાઈન સિસ્ટમના વિરોધ અંગે તેમની ચિંતા વ્યક્ત કરી હતી.

ફડણવીસે આ બાબતને પ્રાથમિકતા (જુઓ પાનું ૪) ▸▸

## મરાઠી માણૂસ પીએમ બનવો જોઈએઃ એનસીપી પ્રધાનનું ફડણવીસને સમર્થન

પુણેઃ રાજ્યના નાગરિકોની ઝંખના છે કે મરાઠી વ્યક્તિ દેશના વડા પ્રધાન બને એવું મહારાષ્ટ્રના કૃષિ પ્રધાન અને એનસીપી નેતા દત્તાત્રય ભરણેએ બુધવારે સાંજે મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવી ઉમેર્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આ ટોચના પદ માટે તેમની પસંદગી છે. મહારાષ્ટ્ર લાંબા સમયથી તેના કોઈ નેતા વડા પ્રધાન બને તેવી ઈચ્છા રાખે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'બધા લોકો જાણે છે કે મરાઠી વ્યક્તિ વડા પ્રધાન બને એ મહારાષ્ટ્રના લોકોની ઇચ્છા છે. ભૂતકાળમાં રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણે તે તક ગુમાવી દીધી હતી. ત્યારબાદ શરદ પવાર સાહેબ પણ વડા પ્રધાન ન બની શક્યા.'

ભવિષ્યમાં એક મહારાષ્ટ્રીયન દેશના સર્વોચ્ચ કાર્યકારી પદ પર બિરાજશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં ભરણેએ કહ્યું કે 'મને ખાતરી છે કે (જુઓ પાનું ૪) ▸▸

## પવાર પરિવારને મુશ્કેલીમાં મૂકવાનું ષડયંત્ર?

### વરિષ્ઠ નેતાઓ પર અમોલ મિટકરીનો મોટો આરોપ

મુંબઈઃ હાલમાં અજિત પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાં બધું બરાબર ચાલી ન રહ્યું હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. આ જ પૃષ્ઠભૂમિ પર, પક્ષના બે વરિષ્ઠ નેતાઓ પ્રફુલ પટેલ અને સુનીલ તટકરેએ જયંત પાટીલ સાથે મુખ્ય પ્રધાનના સરકારી નિવાસસ્થાન 'વર્ષા' ખાતે લીધેલી મુલાકાત વિશે પક્ષના સર્વોચ્ચ નેતૃત્વને કોઈ જાણ નહોતી, તેવું રાજ્યના કૃષિપ્રધાન દત્તાત્રય ભરણેએ જણાવ્યું હતું. ભરણેના આ નિવેદન બાદ એનસીપીના પૂર્વ ધારાસભ્ય અમોલ મિટકરીએ આ બાબતને અત્યંત ગંભીર ગણાવતા સવાલ ઉઠાવ્યો હતો કે, ''પક્ષના નેતૃત્વને પૂછ્યા વગર આખરે એવી તે કઈ ચર્ચા કરવામાં આવી?'' આ સાથે જ તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે પક્ષના જ કેટલાક નેતાઓ જાણીજોઈને સુનેત્રા (જુઓ પાનું ૪) ▸▸

### અમારી પાર્ટીમાં કોઈ ગેરસમજ નથીઃ સુનીલ તટકરે

મુંબઈઃ અમારા પક્ષમાં કોઈ ગેરસમજ નથી. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ અંગે હાલમાં જે ચર્ચાઓ ચાલી રહી છે, તે ખોટી છે. શરદ પવાર જૂથના ધારાસભ્ય જયંત પાટીલ અને અમારી મુલાકાત પણ થઈ નથી, એવું રાષ્ટ્રવાદી કૉંગ્રેસ અજિત પવાર જૂથના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરેએ જણાવ્યું હતું. તેમજ પક્ષમાં ક્યારેય અવિશ્વાસ હોય, એવું ક્યારેય સાંભળ્યું નથી, તેમ પણ સુનીલ તટકરેએ સ્પષ્ટ કર્યું હતું.

અજિતદાદા હતા ત્યારે રાષ્ટ્રવાદી કૉંગ્રેસના વિલીનીકરણની ચર્ચાઓ થઈ હતી. પરંતુ અજિતદાદાના નિધન બાદ વિલીનીકરણની ચર્ચાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું, એવું પણ સુનીલ તટકરેએ જણાવ્યું હતું. આ સિવાય (જુઓ પાનું ૪) ▸▸

## પિતા દ્વારા પોતાની પુત્રીનું જાતીય શોષણ એ સૌથી વધુ આઘાતજનક અને ઘૃણાસ્પદ ગુનો છેઃ હાઇ કોર્ટ

મુંબઈઃ પોતાની સગીર પુત્રી પર બળાત્કાર કરવાના આરોપસર એક વ્યક્તિને દોષિત ઠેરવવાના નિર્ણયને યથાવત્ રાખતા બોમ્બે હાઈ કોર્ટે કહ્યું કે, 'પુત્રી ભલે પિતાના ખોળામાં મોટી થઈ હોય, પરંતુ તેમના હૃદયમાં ક્યારેય મોટી થતી નથી (એટલે કે પિતાના હૃદયમાં તેનું સ્થાન હંમેશા અકબંધ રહે છે).'

હાઈ કોર્ટે કહ્યું કે, પિતા દ્વારા પોતાની જ પુત્રીનું જાતીય શોષણ કરવામાં આવે તેનાથી વધુ આઘાતજનક અને ઘૃણાસ્પદ ગુનો બીજો કોઈ હોઈ શકે નહીં.

જસ્ટિસ ઉર્મિલા જોશી ફાલકે અને જસ્ટિસ નિવેદિતા મહેતાની હાઈ કોર્ટની નાગપુર બેન્ચે ૧૫ જુલાઈના પોતાના ચુકાદામાં ૪૩ વર્ષીય વ્યક્તિની અપીલ ફગાવી દીધી છે. તેણે પોતાની ૧૨ વર્ષની પુત્રી પર બળાત્કાર ગુજારવા અને તેને ગર્ભવતી બનાવવા બદલ થયેલી સજાને (જુઓ પાનું ૪) ▸▸

## ગેરકાયદે સ્કૂલ બસો વિરુદ્ધ 'સોબા' હાઈ કોર્ટમાં

મુંબઈઃ શહેરમાં દોડતી હજારો ગેરકાયદેસર સ્કૂલ બસો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં પરિવહન વિભાગ નિષ્ફળ રહ્યો હોવાનો આક્ષેપ કરીને, 'સ્કૂલ બસ ઓનર્સ એસોસિએશન' (સોબા)એ કાર્યવાહીની માગ સાથે મુંબઈ હાઈ કોર્ટના દ્વાર ખખડાવ્યાં હતાં. એસોસિએશનની અરજી અનુસાર, પાંચ હજારથી વધુ સ્કૂલ બસો જરૂરી પરમિટ, વીમો અને ટેક્સના દસ્તાવેજો વગર જ વિદ્યાર્થીઓની હેરફેર કરી રહી છે. તેમાંનાં ઘણાં વાહનો ખાનગી વાહનો માટે વપરાતી સફેદ રંગની નંબર પ્લેટવાળા છે, પરંતુ તેમનો ઉપયોગ કોમર્શિયલ વાહન વ્યવહાર માટે કરવામાં આવી રહ્યો છે, જે મોટર વ્હીકલ એક્ટ મુજબ ગેરકાયદે છે. પ્રવર્તમાન નિયમો અનુસાર (જુઓ પાનું ૪) ▸▸

### કાર્યવાહી કરવાની આટલી બધી ઉતાવળ શું હતી?

## ગોવંડીની શાળા પર થયેલી કાર્યવાહી અંગે હાઈ કોર્ટનો સવાલ

મુંબઈઃ સત્તાધિકારી સમક્ષ અપીલ અને સ્ટે માટેની અરજી પેન્ડિંગ હોવા છતાં ચાલુ શાળાની ઇમારત પર તોડફોડની કાર્યવાહી કેમ કરવામાં આવી? આ કાર્યવાહી કરવાની આટલી બધી ઉતાવળ શું હતી? બોમ્બે હાઈકોર્ટે ગોવંડી સ્થિત શાળા પર તોડી પાડવાની કાર્યવાહી અંગે આ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સાથે જ આગામી સુનાવણી સુધી તોડફોડની આ કાર્યવાહી પર વચગાળાનો સ્ટે આપ્યો હતો.

બૈંગણવાડી સ્થિત ઝૂંપડપટ્ટીમાં 'તેહઝીબ ઇસ્લામી ઇંગ્લિશ સ્કૂલ'નું વધારાનું બાંધકામ ગેરકાયદેસર હોવાનો દાવો કરીને મહાનગરપાલિકાએ શાળા ચલાવતા 'સ્કોલર (જુઓ પાનું ૪) ▸▸

## સીમાંકન ખરડો રાષ્ટ્રવિરોધી છે અને ભારતની એકતા માટે ખતરો ઊભો કરે છેઃ સપકાળ

મુંબઈઃ મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે ગુરુવારે સીમાંકન ખરડાને 'રાષ્ટ્રવિરોધી' અને ભારતની એકતા માટે ખતરો ગણાવ્યો હતો, અને દાવો કર્યો હતો કે સત્તાધારી ભાજપનો આ ખરડો લાવવા પાછળનો ઉદ્દેશ્ય દેશને વિભાજિત કરવાનો છે.

કેન્દ્ર સરકાર સંસદના ૨૦ જુલાઈથી શરૂ થનારા ચોમાસુ સત્રમાં લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ કરવા અને સીમાંકન (ડિલીમીટેશન) પ્રક્રિયા શરૂ કરવા અંગેનું બંધારણ (૧૩૧મો સુધારો) (જુઓ પાનું ૪) ▸▸

## સચિન અહીરને 'રાયગડ' બંગલો આપવાનો ઇનકાર

મુંબઈઃ ઠાકરે જૂથ છોડીને શિંદે સેનામાં જોડાયેલા વિધાન પરિષદના ધારાસભ્ય સચિન અહીરને વિધાન પરિષદના અધ્યક્ષ બનાવીને મોટી જવાબદારી સોંપવામાં આવી છે, જે ઠાકરે જૂથ માટે મોટો ઝટકો છે. સચિન અહીરે વરલીમાં સભા યોજીને પોતાનો પદભાર સંભાળી લીધો છે, પરંતુ હાલમાં તેમને સરકારી બંગલાને બદલે ફ્લેટ મંજૂર કરાતાં તેમણે તેનો અસ્વીકાર કર્યો હોવાની રાજકીય ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.

સચિન અહીરે ઠાકરેનો સાથ છોડ્યા બાદ આદિત્ય ઠાકરેએ તેમના પર ટીકા કરી હતી. ''અમે તેમને બધું જ આપ્યું, હવે બીજું શું આપવાનું બાકી હતું?'' એવું પણ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું. હવે, સચિન અહીર પોતાના સરકારી નિવાસસ્થાનને કારણે ચર્ચામાં છે કારણ કે તેમને મંજૂર થયેલો સરકારી બંગલો (જુઓ પાનું ૪) ▸▸

### કેતન અગરવાલની હત્યા

## આરોપી સિયા ગોયલના પરિવારની દુકાનને એફડીએની સ્ટોપ બિઝનેસ નોટિસ

પુણેઃ પુણેમાં રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન વિશાલ અગરવાલની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલી વાગ્દત્તા સિયા ગોયલના પરિવારની માલિકીની મસાલા તેમ જ ડ્રાય ફ્રૂટ્સની દુકાનને ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા નોટિસ જારી કરવામાં આવી છે અને નિયમોના ઉલ્લંઘન બદલ કામગીરી બંધ કરવાનું કહેવાયું છે. સિયા ગોયલના પિતા પ્રવીણ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે તેઓ હત્યાકેસની તપાસમાં સહકાર (જુઓ પાનું ૪) ▸▸

## ડીજીપીને પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરાની સ્થિતિનો અહેવાલ આપવા હાઈ કોર્ટનો આદેશ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશકને રાજ્યભરના તમામ પોલીસ સ્ટેશનોમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાની સ્થિતિનો તાગ મેળવવા અને તેનો ડેટા કેટલા સમય સુધી સાચવી રાખવામાં આવે છે તે અંગેનો અહેવાલ રજૂ કરવા માટે રાજ્યવ્યાપી સમીક્ષા શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

મુંબઈના ઘાટકોપર પોલીસ સ્ટેશન દ્વારા છ મહિના પહેલાનું સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ ન હોવાની રજૂઆત બાદ, કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયામૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠે બુધવારે ડીજીપીને આ નિર્દેશ આપ્યો હતો.

હાઈ કોર્ટે નોંધ્યું હતું કે રાજ્યના મુખ્ય સચિવે અગાઉ કોર્ટ સમક્ષ બાંહેધરી આપી હતી કે તેઓ ક્ષમતામાં વધારો કરશે અને પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા દ્વારા રેકોર્ડ કરાયેલ (જુઓ પાનું ૪) ▸▸

## ફડણવીસને 'રામ રક્ષા આંદોલન'માં સહભાગી થવા રાઉતનું આમંત્રણ

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના સંસદ સભ્ય સંજય રાઉતે ગુરુવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને અયોધ્યાના રામ મંદિરમાં દાનમાં કથિત ઉચાપત સામે ૧૮ જુલાઈએ નાગપુરમાં તેમના પક્ષ દ્વારા આયોજિત 'રામ રક્ષા આંદોલન'માં સહભાગી થવા આમંત્રણ આપ્યું છે.

શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ અગાઉ કહ્યું હતું કે તેઓ શનિવારે ફડણવીસના વતન નાગપુરમાં પક્ષ દ્વારા આયોજિત રામ રક્ષા આંદોલનમાં સહભાગી થશે.

ફડણવીસને લખેલા પત્રમાં રાઉતે જણાવ્યું છે કે અયોધ્યામાં રામ જન્મભૂમિને મુક્ત કરવાના આંદોલનમાં પોતે સહભાગી થયા હોવાનું મુખ્ય પ્રધાને ઘણીવાર કહ્યું છે.હવે આ જ રામ મંદિરમાં (જુઓ પાનું ૪) ▸▸

## વરસાદને કારણે બે બાઈક સ્કિડ થતાં પાંચ વાહન એકબીજા સાથે ટકરાયાં

મુંબઈઃ બોરીવલીમાં માગાથાણે બ્રિજ પર બે બાઈક સ્કિડ થતાં દક્ષિણ તરફની લેન પર ચાર કાર અને એક બસ એકબીજા સાથે અથડાઈ હતી. સદ્નસીબે આ અકસ્માતમાં કોઈનેય ગંભીર ઇજા થઈ નહોતી. પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારની બપોરે ઉપનગરોમાં અચાનક વરસાદ પડવા લાગ્યો હતો. ભીના રસ્તાને કારણે બ્રિજ પર બે બાઈક સ્કિડ થઈ હતી, જેને કારણે પાછળ આવતી કારના ડ્રાઈવરે બ્રેક લગાવી હતી. કાર એકાએક ઊભી રહી જતાં પાછળનાં વાહનો એકબીજાં સાથે ટકારાયાં હતાં. ચાર કાર અને એક બસની ટક્કર છતાં કોઈને ઇજા થઈ નહોતી. કાર અને બસ બ્રિજ પરથી નીચે ઉતારી રસ્તાને કિનારે પાર્ક કરવામાં આવી હતી, જ્યારે એક વાહન બંધ પડી ગયું હતું. (પીટીઆઈ) ■

**PAC n DELIVER**
**INTERNATIONAL COURIER**
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
**8879991866**
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**